بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِیْ عِلْماً وَارْزُقْنِیْ فَهْماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૨ ❖ ૧૦, ઓકટોબર-૨૦૧૨
૨૩, ઝિલકાદ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૭૪

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩
વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા
મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ ગડમથલ | ૦૮ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૯ |
| ❋ અહાદીસ | ૧૧ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૩ |
| ❋ અમ્રે ઈલાહી | ૧૭ |
| ❋ બ્લૉગ | ૨૩ |
| ❋ નન્હે રોઝેદાર | ૨૫ |
| ❋ નહજુલ અસરાર | ૨૭ |
| ❋ મશાયખવાણી | ૩૧ |
| ❋ નબવી અદાલત | ૩૫ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૭ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૯ |
| ❋ હિજાબ | ૪૧ |
| ❋ અલ ઈર્શાદ | ૪૫ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૯ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૫ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૧ |
| ❋ જાફરી પંચાંગ | ૬૭ |


## ઊઘડતે પાને...

આ કોઈ કાલ્પનિક વાત નથી.

આ એક નક્કર હકીકત છે.

આજથી ૮૧ વર્ષ પહેલાંની છે આ વાત.

આશરે તેરસો વર્ષ પહેલાં કબરોમાં દફનાવેલ બે વ્યક્તિઓના મૃતદેહોને તેમની કબરોમાંથી બહાર કાઢવામાં આવ્યા તેમ છતાં તેમના મૃતદેહો બિલકુલ સહીસલામત હતા.

ખુદાની કુદરતથી એ બન્નેનાં શરીર તો અખંડ અને સલામત હતાં જ, પરંતુ તેમનાં કફન સુધ્ધાં પણ ખરાબ થયાં ન હતાં. આ બન્ને કોઈ પયગમ્બર પણ ન હતા કે ન હતા કોઈ ઈમામ. તે બન્ને માત્ર પયગમ્બરે આખેરૂઝઝમાન હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના અસ્હાબ હતા. અસ્હાબ પણ એવા અસ્હાબ કે એ બન્નેનાં દિલ મોહંમદ વ આલે મોહંમદ પ્રત્યેની મોહબ્બતથી ભરપૂર હતાં. કદાચ તમે તેમને ઓળખતા પણ હશો.

એક સહાબીનું નામ છે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.) કે જેમને હઝરત ઈમામ હુસૈન(અ.)ની પવિત્ર કબરની સૌ પ્રથમ વાર ઝિયારત કરવાનું અને દુનિયાના સૌ પ્રથમ 'ઝાઈરે હુસૈન' બનવાનું ગૌરવ પ્રાપ્ત છે. આ એ સહાબીએ રસૂલ છે કે જેમને અલ્લાહ તઆલાએ ખૂબ લાંબી ઉંમર અર્પણ કરી હતી અને તેઓ છેક પાંચમા ઈમામ હઝરત મોહંમદ બાકિર(અ.)ના જમાના સુધી જીવતા રહ્યા હતા અને રસૂલ(સ.)એ કહેલા સલામ પાંચમા ઈમામને પહોંચાડ્યા હતા. બીજા સહાબીનું નામ છે હઝરત હોઝૈફા યમાની(રઝી.).

ઈરાકમાં આવેલ બગદાદ શહેર.

આ બગદાદથી ચાલીસ માઈલ દૂર આવેલ બીજા એક સ્થળનું નામ છે મદાયન. આ સ્થળને આજે સલમાન પાકના નામથી ઓળખવામાં આવે છે કેમકે અહીં સરવરે કાઈનાત હઝરત રસૂલે ખુદા(સ.)ના મહાનતમ સહાબીઓમાંના એક હઝરત સલમાન ફારસી(રઝી.)ને દફન

> ઝિંદા હો જાતે હૈ જો મરતે હૈ તેરી રાહમેં,
> અલ્લાહ, અલ્લાહ, મૌતકો કિસને મસીહા કર દીયા.

કરવામાં આવેલ છે. મદાયનથી લગભગ બે ફર્લાંગ* દૂર ટાયગ્રીસ નદીના કિનારા પર હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.) અને હઝરત હોઝૈફા યમાની(રઝી.)ની કબરો આવેલી હતી. પરંતુ આશરે તેરસો વર્ષ પહેલાં દફન કરેલી આ બન્નેની મૈયતોને તેમની કબરો ખોલીને ઈ.સ.૧૯૩૧ની સાલમાં ઈરાકના શાહ ફૈસલના શાસનકાળ દરમિયાન બહાર કાઢવામાં આવી અને આ બન્ને અસ્હાબોની મૈયતોને સલમાન પાકમાં લાવીને ફરીથી દફન કરવામાં આવી હતી. આ પ્રસંગની વિગતવાર માહિતી મેળવવા માટે ચાલો આપણે આજથી ૮૧ વર્ષ પહેલાંના ઈતિહાસમાં એક ડોકિયુ કરી લઈએ.

માર્ચ, ઈ.સ.૧૯૩૧.

એક દિવસની વાત છે.

ઈરાકના શાહ ફૈસલ(પહેલા)ને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં હઝરત હોઝૈફા યમાની (રઝી.)એ બાદશાહને કહ્યું,

'અય બાદશાહ ! મારી કબરમાં પાણી આવી ગયું છે અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)ની કબરમાં પણ ભીનાશ આવવાની શરૂઆત થઈ ગઈ છે માટે અમને બન્નેને કબરમાંથી બહાર કાઢીને ટાયગ્રીસ નદીથી દૂર લઈ જઈ ફરીથી દફન કરી દો.'

બીજા દિવસે સવારે બાદશાહ જાગ્યો. પરંતુ રોજિંદા કામકાજમાં તલ્લીન થઈ જવાથી

* એક ફર્લાંગ એટલે માઈલનો આઠમો ભાગ.

સ્વપ્નની વાત જ ભૂલી ગયો. પરંતુ બીજી રાત્રે પણ ફરીથી એવું જ સ્વપ્ન આવ્યું અને બીજે દિવસે પણ બાદશાહ સ્વપ્નની વાત યાદ રાખી શકયો નહીં. ત્રીજી રાત્રે ઈરાકના મુફ્તીએ આઝમ (ફતવા આપનારાઓના વડા)ને હઝરત હોઝૈફા(રઝી.)એ સ્વપ્નમાં આવીને ઉપર મુજબની વાત કરી અને એવું પણ કહ્યું કે અમે બે રાતોથી બાદશાહને સ્વપ્નમાં આ બાબત કહેતા આવ્યા છીએ પરંતુ બાદશાહ કામમાં તલ્લીન થઈ જવાથી આ વાત ભૂલી જાય છે માટે તમે બાદશાહને આ વાતની યાદ અપાવો અને અમને બીજી જગ્યાએ દફન કરાવી દો.

મુફ્તીએ આઝમે બીજા દિવસે એ સમયના ઈરાકના વઝીરે આઝમ(વડા પ્રધાન) નૂરી સઈદ પાશા સાથે ટેલિફોન પર વાતચીત કરી અને ત્યાર પછી તેમની વ્યકિતગત મુલાકાત લઈને સઘળી હકીકતથી તેમને પરિચિત કરી દીધા. પછી તો નૂરી સઈદ પાશા, મુફ્તીએ આઝમને પોતાની સાથે લઈને બાદશાહની પાસે પહોંચી ગયા. બાદશાહે આ પ્રસંગ સાંભળ્યા પછી કહ્યું,

"હા, હું પણ બે-ત્રણ વાર સ્વપ્નમાં તેમને જોઈ ચૂકયો છું અને તેમણે મને પણ એવો જ હુકમ કર્યો છે."

ત્યાર પછી ત્રણે ય જણાએ આ બાબત ઉપર વિચારવિમર્શ કર્યો અને મુફ્તીએ આઝમે સહાબીના હુકમ પર અમલ કરવા માટે બાદશાહને ખૂબ આગ્રહ કર્યો. પરંતુ બાદશાહે કહ્યું કે સૌ પ્રથમ તો આપણે એ બાબતની તપાસ કરીએ કે ખરેખર નદીનું પાણી એ કબરોની તરફ આવી રહ્યું છે કે નહીં.

શાહી ફરમાનથી ઈરાકના જાહેર બાંધકામ ખાતાના મુખ્ય ઈજનેર અને મજૂરોની મોટી પલટણની મદદથી કબરોથી વીસ ફૂટ દૂર નદી તરફના ભાગમાં બોરીંગ અને ખોદકામ કરવામાં આવ્યું. એ વખતે મુફ્તીએ આઝમ પણ સ્થળ ઉપર હાજર રહ્યા. આખા દિવસની મહેનત બાદ સાંજે એવો રિપોર્ટ આપવામાં આવ્યો કે પાણી તો શું પરંતુ બોરીંગ કરીને ખૂબ નીચેથી જે માટી કાઢવામાં આવી છે તેમાં ભીનાશ સુધ્ધાં પણ જોવા મળેલ નથી.

પરંતુ એ રાત્રે ફરીથી હઝરત હોઝૈફા યમાની(રઝી.) બાદશાહના સ્વપ્નમાં આવ્યા અને પોતાની વાત ફરીથી દોહરાવી. પરંતુ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ
وَلَا تَحْسَبَنَّ الَّذِينَ قُتِلُوا فِي سَبِيلِ
اللّٰهِ أَمْوَاتًا ۚ بَلْ أَحْيَاءٌ عِندَ رَبِّهِمْ
يُرْزَقُونَ [٣:١٦٩] فَرِحِينَ بِمَا آتَاهُمُ
اللّٰهُ مِن فَضْلِهِ...[٣:١٧٠]

અર્થાત : અને જે લોકોને ખુદાની રાહમાં શહીદ કરવામાં આવ્યા છે તેમને કદાપિ મરેલા ના સમજતા પરંતુ તેઓ તો જીવતા છે અને પોતાના પાલનહારના ત્યાંથી રોઝી મેળવે છે અને ખુદાએ તેમના પર જે કંઈ ફઝલોકરમ કર્યા છે (તેની ખુશીમાં) તેમનો હરખ માતો નથી.

(સૂરએ આલે ઈમરાન, આયાત-૧૬૯-૧૭૦)

બાદશાહને બાંધકામ ખાતા તરફથી રિપોર્ટ મળી ચૂકયો હતો અને ભૂગર્ભશાસ્ત્રીએ પણ બતાવી દીધું હતું કે કબરમાં પાણી જઇ રહ્યું નથી. તેથી બાદશાહે તેને માત્ર સ્વપ્નું સમજીને તેની અવગણના કરી.

બીજી રાત્રે હોઝૈફા યમાની(રઝી.) મુફતીએ આઝમના સ્વપ્નમાં આવ્યા. આ વખતે તેમણે કડક શબ્દોમાં કહ્યું,

"અમારી કબરોમાં પાણી દાખલ થઇ રહ્યું છે માટે જેમ બને તેમ જલ્દી અમને અહીંથી બીજી જગ્યાએ સ્થળાંતર કરાવી દો."

સવાર થતાંની સાથે જ તેઓ હાંફળા ફાંફળા બાદશાહની પાસે પહોંચી ગયા અને સ્વપ્નની બધી જ બાબતો બતાવી દીધી.

મુફતીએ આઝમની આ વાત સાંભળીને બાદશાહે કહ્યું,

"તમે જાતે જ ભૂગર્ભશાસ્ત્રીનો રિપોર્ટ જોઇ ચૂકયા છો અને તમે જાતે પણ ત્યાં હાજર હતા. તો પછી એકને એક વાત કહીને તમે મને શા માટે પરેશાન કરો છો ?"

પરંતુ મુફતીએ આઝમે કહ્યું,

"આપને અને મને વારંવાર હુકમ થઇ રહ્યો છે માટે તેમની કબરોને ખોલાવો અને તેમને બીજી જગ્યાએ દફન કરાવો તો સારું."

મુફતીએ આઝમના ખૂબ જ આગ્રહને વશ થઇને છેવટે શાહે ઈરાકે કહ્યું,

"સારું ત્યારે. જાઓ, કબરો ખોલો."

ત્યાર પછી તો નીચે મુજબ શાહી એલાન થયું :

"ઈદુઝઝોહાના દિવસે ઝોહરની નમાઝ બાદ હઝરત હોઝૈફા યમાની(રઝી.) અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)ની કબરો ખોલવામાં આવશે."

વર્તમાનપત્રોમાં પણ ઉપર મુજબના

## આલે મોહંમદ(અ.)ની અઝમત

- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે શહીદ થઇને મર્યો.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે મોક્ષ પામીને મર્યો.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે તૌબા કરીને મર્યો.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે સંપૂર્ણ ઈમાન સાથે મર્યો.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તેને મલેકુલ મૌત અને મુનકીરો નકીર જન્નતની વધામણી આપે છે.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તેને જન્નતમાં એવી રીતે મોકલવામાં આવશે જેવી રીતે દુલ્હનને તેના પતિના ઘેર લઇ જવામાં આવે છે.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તેની કબરને ખુદા ફરિશ્તાઓની ઝિયારતગાહ બનાવી દે છે.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દુશ્મની સાથે મરણ પામ્યો તો કયામતમાં તેના કપાળ ઉપર એવું લખેલું હશે કે આ માણસ ખુદાની રહેમતથી વંચિત છે.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દુશ્મની સાથે મરણ પામ્યો તે કાફિર છે.
- ✻ જે માણસ આલે મોહંમદ(અ.)ની દુશ્મની સાથે મરણ પામ્યો તે જન્નતની સુવાસ પણ સૂંઘી શકશે નહીં.

સમાચાર છાપવામાં આવ્યા. આવા સનસનીખેજ સમાચાર વર્તમાનપત્રોમાં છપાતાંની સાથે જ સમગ્ર વિશ્વના ઈસ્લામી જગતમાં એક પ્રકારની સનસનાટી ફેલાઈ ગઈ.

વળી એ વખતે હજનો સમય પણ હતો. આખી દુનિયામાંથી મુસલમાનો મક્કા મોઅઝ્ઝમા હજ પઢવા માટે આવ્યા હતા. તેમણે જ્યારે આ સમાચાર જાણ્યા તો તે બધાએ પણ આ અસ્હાબોની કબરો ખોલવામાં આવે ત્યારે હાજર રહેવાની ઈચ્છા પ્રગટ કરી જેથી આ મુબારક પ્રસંગે હાજર રહેવાનું સદ્‌ભાગ્ય તેમને પ્રાપ્ત થાય. આ ઉપરાંત દુનિયાભરમાં કેટલાય દેશોમાંથી અસંખ્ય લોકોએ શાહ ફૈસલ ઉપર તાર દ્વારા સમાચાર મોકલ્યા કે આ કબરોને ઈદુઝ્ઝોહાના બદલે ઈદુઝ્ઝોહાના થોડા દિવસ પછી ખોલવામાં આવે કે જેથી અમે બધા પણ આ મહાન અસ્હાબોના જનાઝામાં શામેલ થઈ શકીએ.

ઈરાકના શાહ માટે પરિસ્થિતિ ખૂબ વિકટ હતી. એક બાજુ સમગ્ર ઈસ્લામી જગતનો એવો આગ્રહ હતો કે કબરો ખોલવામાં થોડો વિલંબ કરવામાં આવે જ્યારે બીજી તરફ સ્વપ્નમાં જેમ બને તેમ જલ્દી કબરોનું સ્થળાંતર કરવાનો આદેશ અપાઈ રહ્યો હતો અને કબરોમાં જો ખરેખર પાણીનો ચૂવાક થઈ રહ્યો હોય તો મૈયતોને નુકસાન થવાનો પણ સંભવ હતો.

છેવટે એક યુક્તિ અજમાવવામાં આવી. કબરોથી દસ ફૂટના અંતરે નદી તરફના ભાગમાં એક લાંબી ઊંડી ખાઈ ખોદવામાં આવી જેમાં સિમેન્ટ અને નાના કાંકરા વગેરે ભરીને દીવાલ બનાવી દેવામાં આવી જેથી નદી તરફનું પાણી કબરો તરફ આવી શકે નહીં.

પછી ફરીથી બીજું શાહી ફરમાન થયું :

"અસ્હાબોની કબરોના સ્થળાંતરનો કાર્યક્રમ ઈદુઝ્ઝોહાને બદલે ઈદુઝ્ઝોહાના દસ દિવસ પછી રાખવામાં આવ્યો છે."

પછી તો પૂછવું જ શું ? ઈદુઝ્ઝોહા પછીના દસ દિવસોમાં સલમાનપાકમાં લગભગ પાંચ લાખ લોકો એકઠા થઈ ગયા. આ લોકોમાં ઈસ્લામના દરેક ફિરકાના અને દરેક અકીદાના લોકો હાજર હતા. ઈરાક સરકારે પણ આ પ્રસંગે બીજા દેશોમાંથી આવનારાઓ માટે કસ્ટમ્સ, કરન્સી, વિઝા વગેરેની પાબંદી ઉઠાવી લીધી હતી. માત્ર તેમને પોતાના દેશનો પાસપોર્ટ લાવવાનું કહ્યું. આ પ્રસંગે ઉચ્ચ હોદ્દાવાળા મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા. સરકારી ગૃપ્સ પણ શામેલ રહ્યાં. વાતાવરણમાં અદમ્ય ઉત્સાહ હતો. એક પ્રકારની ઉત્તેજના હતી.

...અને છેવટે તે દિવસ આવી પહોંચ્યો.

સોમવાર, ૨૦મી ઝિલહજનો એ દિવસ.

આ એ દિવસ હતો કે જેણે કેટલાય લોકોના દિલોમાં એક પ્રકારની હલચલ મચાવી દીધી હતી અને એટલે જ તો સલમાનપાકમાં લાખોની સંખ્યામાં માનવમેદની ઉમટી પડી હતી.

એ દિવસે ઈરાકના શાહ ફૈસલ, ઈરાકના મુફતીએ આઝમ, ઈરાકની પાર્લામેન્ટના બધા જ સદસ્યો, પરદેશથી આવેલ મહાનુભાવો, સરકારી અધિકારીઓ અને વિવિધ પ્રકારનાં

મંડળો, પ્રેસ રિપોર્ટર્સ અને લાખોની સંખ્યામાં આમ જનતાની ઉપસ્થિતિમાં બન્ને સહાબોની કબર ખોલવામાં આવી. કબરો ખોલીને જોયું તો ખરેખર હઝરત હોઝયફા યમાની(રઝી.)ની કબરમાં પાણી આવી ચૂકયું હતું અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)ની કબરમાં ભેજ આવી ચૂકયો હતો. જો કે આ બન્ને કબરો ટાઇગ્રીસ નદીથી બે ફર્લાંગ દૂર આવેલી હતી તેમ છતાં આવું થયું હતું.

પછી તો કબરમાંથી લાશ મુબારક બહાર કાઢવાની કાર્યવાહી શરૂ થઇ. એક ક્રેઇન (ભારે વજન ઉંચકવા માટેનો ઉંટડો) તૈયાર રાખવામાં આવી હતી. આ ક્રેઇનમાં મોટા પાવડાના જેવું ફણું લગાવવામાં આવ્યું હતું. સૌથી પહેલાં હઝરત હોઝૈફા યમાની(રઝી.) ની લાશ મુબારકને ક્રેઇનની મદદથી એવી રીતે જમીન પરથી ઉઠાવવામાં આવી કે લાશ મુબારક સ્ટ્રેચર પર જાતે જ ગોઠવાઇ ગઇ. પછી સ્ટ્રેચરને ક્રેઇનથી અલગ કરવામાં આવ્યું અને ઈરાનના શાહ, ઈરાકના મુફતીએ આઝમ, મિસરના વલીઅહદ શાહઝાદા ફારૂક અને તુર્કીના વઝીર મુખ્તાર, આ ચારેય જણાએ ભેગા મળીને સ્ટ્રેચરને કાંધો આપ્યો અને ખૂબ જ સાવચેતીપૂર્વક અને સન્માનપૂર્વક તે લાશ મુબારકને પારદર્શક કાચની એક પેટીમાં મૂકી દીધી. ત્યાર પછી એવી જ રીતે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)ની મુબારક લાશને પણ કબરમાંથી બહાર કાઢી અને કાચની પેટીમાં મૂકી દીધી.

આ બન્ને લાશ મુબારક ઉપર કફન તો મોજુદ હતાં જ તે ઉપરાંત તેમની દાઢીના બાલ પણ સહી સલામત હતા. આ લાશોને જોઇને કોઇ પણ માણસ એવી કલ્પના કરી શકતો ન હતો કે આ લાશો તેરસો વર્ષ પહેલાંની છે. પરંતુ એવું લાગતું હતું કે તેમનો ઇન્તેકાલ જાણે કે હમણાં જ બે-ત્રણ કલાક પહેલાં જ થયો હોય. વળી નવાઇની વાત તો એ હતી કે એ બન્ને અસ્હાબોની આંખો ખુલ્લી હતી અને તેમાં એવી ચમક હતી કે કેટલાય લોકોએ તેમની આંખોમાં આંખો પરોવીને જોવાની ઇચ્છા કરી પરંતુ લોકોની આંખો એ સહાબીઓની આંખોની સામે ટકતી જ ન હતી. કેવી રીતે ટકી રહી શકે? જે આંખોએ હુઝૂર(સ.)ને જોયા હોય તે આંખો... સુબ્હાનલ્લાહ !

દુનિયાના એક પ્રખ્યાત આંખોના ડૉક્ટરે જ્યારે આ દૃશ્ય જોયું તો જોતો જ રહી ગયો અને અધિરાઇપૂર્વક આગળ વધ્યો. મુફતીએ આઝમનો હાથ પકડીને તેણે કહ્યું કે ઇસ્લામની સચ્ચાઇ અને અસ્હાબોની બુઝુર્ગીની આનાથી વધારે સારી સાબિતી બીજી શું હોઇ શકે અને તેણે એ જ ક્ષણે કલમો પઢીને ઇસ્લામનો સ્વીકાર કરી લીધો.

એ બન્ને સહાબીઓની લાશોને કાચની પેટીઓમાં રાખવામાં આવી હતી અને તેમના ચહેરા જોઇ શકાય તે માટે તેમના બન્નેના મોઢા પરથી કફન ખસેડી લેવામાં આવ્યું હતું. ત્યાર પછી ઇરાકના લશ્કરે કાયદેસર રીતે લાશોને સલામી આપી. પછી તો હાજર રહેલા તમામ

લોકોએ નમાઝે જનાઝા પઢી. અસંખ્ય લોકોએ જનાઝાને કાંધો આપ્યો. ત્યાર પછી બન્ને જનાઝાઓને સંપૂર્ણ માન અને સન્માન સહિત સલમાનપાક તરફ લઇ જવાનો આરંભ કર્યો. આકાશમાં હવાઇ દળનાં વિમાનોએ ગુલાંટો મારી મારીને સલામી આપી અને તેમના પર ફૂલોની વર્ષા કરી. આ ઉપરાંત લોકોએ પણ તેમના પર કેટલાય મણ વજનનાં ફૂલો ફેંક્યાં. રસ્તામાં કેટલીય જગ્યાએ જનાઝાઓને રોકવામાં આવ્યા. લગભગ ચાર કલાક પછી આ બન્ને જનાઝાઓનું સરઘસ સલમાન પાકમાં હઝરત સલમાન ફારસી(રઝી.)ના મઝારની પાસે પહોંચ્યું. ત્યાર પછી જે વ્યક્તિઓએ આ બન્ને લાશોને ક્રેઇનમાંથી ઉતારી હતી તે ચાર જણાએ ખૂબ જ અદબપૂર્વક અને સાવચેતીપૂર્વક પહેલેથી તૈયાર કરેલ કબરોમાં મૈયતોને મૂકી દીધી. એક બાજુ તોપોની સલામીનો અવાજ લશ્કરના બેન્ડનું સંગીત અને બીજી બાજુ 'અલ્લાહુ અકબર'ના બુલંદ નાઅરાઓની વચ્ચે એ બન્ને સહાબીઓને ફરીથી કબરમાં દફન કરી દીધા. આ દૃશ્ય આખી દુનિયાએ જોયું. આ પ્રસંગે હજારો લોકોએ ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરી લીધો. (કાર્યાલય ફાઈલમાંથી)


(દિલ્હીથી પ્રગટ થતા 'હુદા' નામના ઉર્દૂ માસિકમાં પ્રગટ થયેલ લેખ પર આધારિત)

વાચક મિત્રો ! સાંભળ્યુંને તમે ! આ કોઇ કાલ્પનિક પ્રસંગ નથી. આ તો એક નક્કર ઐતિહાસિક હકીકત છે, ઐતિહાસિક સાબિતી છે કે હઝરત રસૂલે ખુદા(સ.)ના બે અસ્હાબોની લાશોને તેરસો વર્ષ પછી તેમની કબરોમાંથી બહાર કાઢવામાં આવી તો બિલકુલ એવીને એવી જ હતી જાણે કે થોડા કલાક પહેલાં જ તેમનો ઈન્તેકાલ થયો હોય. આ બન્ને અસ્હાબો કોઇ જંગમાં લડતાં લડતાં શહીદ થયા ન હતા. આ બન્ને તો પોતાના ઘરમાં જ પથારી પર મૃત્યુ પામ્યા હતા તેમ છતાં તેમની લાશો તેરસો વર્ષ પછી પણ એવીને એવી જ સહીસલામત હતી. એમની લાશો સહીસલામત કેમ ન હોય? આપણા પયગમ્બર મોહંમદ મુસ્તફા(સ.)નો કોલ છે કે જે કોઇ મોહંમદ વ આલે મોહંમદ (અ.)ની મોહબ્બતમાં મરે છે, તે શહીદ મરે છે અને કુરઆનની આયત છે કે જે લોકો શહીદ થયા હોય છે તેમને તમે મરેલા ન સમજતા તેઓ તો જીવતા જ હોય છે અને પોતાના પરવરદિગાર તરફથી રોઝી મેળવે છે.

દોસ્તો ! રસૂલ(સ.)ના અસ્હાબોની આવી મહાનતા છે તો જરા વિચાર કરો કે કરબલાના એ મઝલૂમની શાન કેવી હશે કે જે શહીદે આઝમ હોય, જે શહીદોનો સરદાર હોય, જે ખુદ રસૂલે ખુદા(સ.)ના કાળજાનો ટુકડો હોય, જેને ખુદ સરવરે કાઇનાત હઝરત મોહંમદ મુસ્તફા(સ.) પોતાના ખભા ઉપર બેસાડીને 'હુસૈનુમ મિન્ની વ અના મેનલ હુસૈન' કહેતા હોય, જે પોતાના નાનાજાનના દીનને બચાવવા માટે, રાહેખુદામાં પોતાનું સર્વસ્વ લૂંટાવી દઈને બેગુનાહ કુરબાન થઇ ગયા હોય. એવા એ શહીદે રાહેખુદાની મહાનતાનો અંદાજ કોણ લગાવી શકે તેમ છે?✻

# ગ ડ મ થ લ ૨૨૪

:::::: સંપાદક::::::
મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી(ઈલોલ તલાવ)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) શિખામણ, બોધપાઠ (૪)
(૩) ફૂલ જેવા કોમળ અને મૃદુ અંગવાળો (૫)
(૬) તાળુ (૨)
(૭) ભેદ જાણનાર (૪)
(૮) ગાય, કુરાનના એક સૂરાનું નામ (૪)
(૧૨) દ્વેષ, વેરભાવ (૨)
(૧૫) ખૂબ જ પવિત્ર, ખૂબ જ બુઝુર્ગ (૪)
(૧૬) મામા, માતાના ભાઈ (૨)
(૧૭) લકબ, સંબોધન, ઉપાધિ
(૨૦) લાલ રંગ, સુર્ખ (૪)
(૨૧) આકાશ, વ્યોમ (૪)
(૨૩) તરસ, તૃષા (૩)
(૨૪) માળી, બગીચાને સાચવનાર (૪)
(૨૫) શક્તિ (૩)
(૨૮) કોઈ પણ રીતે (૫)
(૨૯) નિરીક્ષક, નિગેહબાન, દ્વારપાળ (૪)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) નજરાણું, હદીયો (૪)
(૨) હક ધરાવનાર (૪)
(૩) એક ફૂલનું નામ (૩)
(૪) વસંતઋતુ (૩)
(૫) ભીનાશ, આદ્રતા (૨)
(૯) કિસ્સાઓ, એક સૂરાનું નામ (૩)
(૧૦) દસમા ઈમામ(અ.)ની બહેનનું નામ, .......... ખાતૂન (૩)
(૧૧) નિશ્ચિત કરેલ, નિયુક્ત (૪)
(૧૩) અશક્ય (૪)
(૧૪) આજ્ઞાપાલન, ફરમાબરદારી (૪)
(૧૮) ચર્ચા, વાદવિવાદ (૩)
(૧૯) નગર, નાનું શહેર (૩)
(૨૧) અગ્નિ (૨)
(૨૨) 'સન્માન'માં આ શબ્દ છે. (૨)
(૨૩) પાપદંડ, જહન્નમમાં આપવામાં આવતું કષ્ટ (૩)
(૨૪) વાત (૨)
(૨૫) એક સૂરાનું નામ (૨)
(૨૬) આવતી કાલે (૨)
(૨૭) વૈભવ, પ્રતાપ, જલાલ, બુઝુર્ગી (૨)

**ઈસ્લામી કવીઝ નં. ૨૨૩ના જવાબો**

(૧) અવાવરા કૂવામાં (૨) હું આગમાંથી બનેલો છું અને આદમ માટીમાંથી આગ માટીથી અફઝલ છે (૩) મનોમંથનની રાત (૪) હઝરત અબૂઝર ગફફારી(રઝી.)ના (૫) બાબા હસન(અ.)ના તાવીઝથી (૬) બીનામીન

## કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદે.)

### નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

قَالَ إِنِّي عَبْدُ اللَّهِ آتَانِيَ الْكِتَابَ
وَجَعَلَنِي نَبِيًّا

8 (તેટલામાં અલ્લાહના હુકમથી) તે (બાળક) બોલી ઊઠ્યો કે નિ:સંશય હું અલ્લાહનો એક બંદો છું; તેણે મને આ (ઈન્જીલ) કિતાબ અર્પણ કરી છે અને મને એક નબી બનાવ્યો છે.

(પારો-૧૬, સૂરએ મરયમ, આયત-૩૦)

---

وَجَعَلَنِي مُبَارَكًا أَيْنَ مَا كُنتُ
وَأَوْصَانِي بِالصَّلَاةِ وَالزَّكَاةِ مَا دُمْتُ
حَيًّا

8 અને જ્યાં પણ હું હોઉં મને બરકતવાળો બનાવ્યો છે, અને જ્યાં સુધી હું જીવતો રહું ત્યાં સુધી મને નમાઝ (અદા કરવા)નો તથા ઝકાત (આપતા રહેવા)નો હુકમ કર્યો છે :

(પારો-૧૬, સૂરએ મરયમ, આયત-૩૧)

---

وَبَرًّا بِوَالِدَتِي وَلَمْ يَجْعَلْنِي جَبَّارًا شَقِيًّا

8 અને મને મારી માની સેવા કરનાર બનાવ્યો છે, અને મને શિરજોર અને હતભાગી બનાવ્યો નથી.

(પારો-૧૬, સૂરએ મરયમ, આયત-૩૨)

---

طه

8 તાહા.

(પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧)

---

مَا أَنزَلْنَا عَلَيْكَ الْقُرْآنَ لِتَشْقَىٰ

8 (હે રસૂલ !) આ કુરાન અમોએ તારા ઉપર એ માટે ઉતાર્યું નથી કે તું કષ્ટ ભોગવે.

(પારો-૧૬, સૂરએ તાહા, આયત-૨)

| | |
|---|---|
| બલ્કે એ માટે (ઉતાર્યું છે) કે જે ભય પામે છે તેના માટે બોધ થાય. (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૩) | إِلَّا تَذْكِرَةً لِّمَن يَخْشَىٰ |
| (આ કુરાન) તેના તરફથી ઉતરેલું છે કે જેણે પૃથ્વી તથા ઊંચાં ઊંચાં આકાશો સર્જ્યાં છે. (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૪) | تَنزِيلًا مِّمَّنْ خَلَقَ الْأَرْضَ وَالسَّمَاوَاتِ الْعُلَى |
| એ જ કૃપાળુ (અલ્લાહ)એ અર્શ ઉપર પોતાની સત્તા જમાવી છે. (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૫) | الرَّحْمَٰنُ عَلَى الْعَرْشِ اسْتَوَىٰ |
| આથી જ્યારે તે તે(આગ)ની પાસે આવ્યો ત્યારે તેને (આકાશ)વાણી થઇ કે હે મૂસા ! (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧૧) | فَلَمَّا أَتَاهَا نُودِيَ يَا مُوسَىٰ |
| નિ:સંશય હું તારો પરવરદિગાર છું, માટે તું તારા જોડા કાઢી નાખ, નિ:સંશય તું અત્યારે તુવાની પવિત્ર ખીણમાં છે. (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧૨) | إِنِّي أَنَا رَبُّكَ فَاخْلَعْ نَعْلَيْكَ ۖ إِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى |
| અને મેં તને (મારી પયગમ્બરી માટે) પસંદ કરી લીધો છે, માટે જે કાંઇ (તને) વહી કરવામાં આવે છે તે કાન દઇ સાંભળ : (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧૩) | وَأَنَا اخْتَرْتُكَ فَاسْتَمِعْ لِمَا يُوحَىٰ |
| ફરમાવ્યું કે હે મૂસા ! તે (લાઠીને ભૂમિ પર) નાખી દે. (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧૯) | قَالَ أَلْقِهَا يَا مُوسَىٰ |
| આથી તેણે તે (લાઠી ભૂમિ પર) નાખતાં જ એક દોડતો સાપ બની ગયો. (પારો-૧૬, સૂરએ તાહા, આયત-૨૦) | فَأَلْقَاهَا فَإِذَا هِيَ حَيَّةٌ تَسْعَىٰ |

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ **ઈર્શાદાતે રસૂલ**(સ.)

## ૧૫ કુરાને મજીદ વિષે

إِنَّ هَٰذَا الْقُرْآنَ يَهْدِي لِلَّتِي هِيَ أَقْوَمُ...

(તેમાં કોઈ શંકા નથી કે આ કુરાન એ રસ્તાની હિદાયત કરે છે કે જે સૌથી વધારે સીધો છે.)
(સૂરએ બની ઈસરાઈલ, આયત-૯)

(૧૯૦) કુરાન માણસ માટે ઔષધ છે.
(અયની ઉસરીહ, સફા-૭)

(૧૯૧) હું એવો પહેલો હોઈશ કે જે કયામતના દિવસે અલ્લાહ સમક્ષ મારી અહલેબૈત અને કુરાનની સાથે હાજર થઈશ (ત્યાર બાદ ઉમ્મત હાજર થશે). ત્યાર બાદ હું તેમનાથી પૂછીશ કે તમે અલ્લાહની કિતાબ અને મારી અહલેબૈત સાથે કેવી વર્તણૂક કરી ?
(ઉસૂલે કાફી, જિલ્દ-૪, કિતાબ ફઝલુલ કુર્રાન, હદીસ-૪)

(૧૯૨) કુરાન ગુમરાહીમાં હિદાયત છે, તે અંધત્વમાં રસ્તો બતાવનાર છે, તે ગુનાહોમાં પરદાપોશી કરે છે, અંધારામાં એક નૂર છે, એ નવો ચીલો પાડનાર છે, વિનાશથી બચાવનાર છે, ફિત્નાઓનું વર્ણન કરનાર છે, દુનિયાથી આખેરત સુધી પહોંચાડનાર છે. તમારા દીનની સંપૂર્ણતા આમાં જ છે. ફકત જહન્નમી લોકો જ કુરાનથી મોઢું ફેરવે છે. (ઉસૂલે કાફી, જિલ્દ-૪, કિતાબ ફઝલુલ કુરાન, હદીસ-૮)

(૧૯૩) જે કોઈ કુરાનમાં હરામ જાહેર કરેલી બાબતને હલાલ સમજે, તે કુરાન પર ઈમાન ધરાવનારો નથી.
(તહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૧૯૪) જે કુરાનને એટલા માટે શીખે કે તેના વડે દુનિયાની કમાણી કરે એવી વ્યકિત ઉપર અલ્લાહે જન્નત હરામ કરી છે. (બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૧૦૦)

(૧૯૫) કુરાનવાળાઓનો દરજ્જો નબીઓ અને રસૂલો સિવાય બીજા બધા લોકોમાં સૌથી ઉચ્ચ હશે તેથી તમે કુરાનવાળાઓના અધિકારોને તુચ્છ ન સમજો. બેશક પરવરદિગારને ત્યાં તેમનો દરજ્જો ઘણો ઊંચો છે. (ઉસૂલે કાફી, જિલ્દ-૪, બાબ ફઝલ હામિલુલ કુરાન, હદીસ-૧)

(૧૯૬) લોકો માટે એક જમાનો એવો આવશે કે કુરાન તેમના દિલોમાં એવી રીતે જૂનું પુરાણું થઈ જશે કે જેવી રીતે શરીર ઉપર કપડાં જૂનાં પુરાણાં થઈ જાય છે.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૧૭)

(૧૯૭) કુરાનની કિરઅત કરવી સૌથી ઉત્તમ ઈબાદત છે.

(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૨૫)

(૧૯૮) જે માણસ કુરાન પઢે અને કુરાનને પોતાનો ટેકેદાર માને અને તેનું રક્ષણ કરે તો અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે. અને તેના કુટુંબમાંથી દસ વ્યક્તિઓ માટે તેની શફાઅત કબૂલ કરશે પછી ભલેને તે બધા જહન્નમના હકદાર કેમ ન હોય.

(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૧૦૦)

(૧૯૯) હે કુરાનની તિલાવત કરનારાઓ ! આ કિતાબની બાબતમાં અલ્લાહથી ડરીને ચાલો કેમકે એના માટે હું જવાબદાર છું અને તમે પણ જવાબદાર છો. રિસાલતને પહોંચાડવા માટે હું જવાબદાર છું અને તમારાથી મારી સુન્નત અને કુરાનના ઈલ્મ વિષે પૂછવામાં આવશે.

(ઉસૂલે કાફી, જિલ્દ-૪, બાબ ફઝલ હામિલુલ કુરાન, હદીસ-૯)

(૨૦૦) કુરાનની આયતો યાદ કરીને તેના પર અમલ કરનારાઓ, અલ્લાહની માઅરેફત ધરાવનાર જન્નતીઓમાંથી છે. (રૌઝતુલ વાએઝીન, સફા-૬)

(૨૦૧) બેશક આ કુરાન અલ્લાહની મજબૂત રસ્સી છે. આનાથી જ ન્યાય સ્થાપિત થાય છે. તેમાં જ ઈલ્મનાં ઝરણાં છે અને તેમાં જ દિલોની ખુશાલી છે.

(મજાઝાતુલ નબવીયા, સફા-૨૨૨)

(૨૦૨) તમારા ઘરોમાં કુરાનની તિલાવત કરો કેમકે તે ઘર કે જેમાં કુરાનની તિલાવત કરવામાં આવે છે તેમાં રહેનારાઓ માટે આ કાર્ય આસાની અને ભલાઈવાળુ હોય છે અને જે ઘરમાં કુરાનની તિલાવત કરવામાં આવતી નથી તો તે ઘરમાંથી ભલાઇ ઓછી થઇ જાય છે અને તેના રહેનારાઓ તંગીનો સામનો કરે છે.

(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૧૦૯)

(૨૦૩) કુરાન એક એવી આઝાદી છે કે જેના પછી કોઈની ય મોહતાજી રહેતી નથી અને એવી તવંગરી છે કે જેના પછી કોઇ તવંગરી નથી.

(અઅની ઉશરીહ, સફા-૯)

(૨૦૪) નમાઝમાં કુરાનની તિલાવત કરવી નમાઝ વગર (કુરાન) પઢવાથી અફઝલ છે. (તહફુલ ઉકુલ, મવાએઝુન્નબી)

(૨૦૫) તમારામાંથી સૌથી ઉત્તમ એ છે કે જે કુરાન શીખે અને બીજાઓને શીખવાડે.

(અઅની ઉશરીહ, સફા-૧૮)

(૨૦૬) અલ્લાહ એવા દિલો પર અઝાબ નહીં કરે કે જેની અંદર કુરાન સંગ્રહાયેલું હોય. (સફીનતુલ બિહાર, જિલ્દ-૨, સફા-૪૧૫) (ક્રમશ:)

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### આપ(અ.)ની જાબિર બિન હૈયાન સાથે વાતચીત

(ગતાંકનું ચાલુ)

જે લોકો ખાલિક અને મખ્લૂકની વહદતનો અકીદો ધરાવે છે અને તેના કારણે પોતાને અલ્લાહ સમજી બેસે છે, શું તેમનામાંથી કોઈ એક માણસે પણ આવું કામ કર્યું છે ખરું કે જેનાથી એવું જાહેર થાય કે તે અલ્લાહની સિફતો ધરાવે છે ? જ્યારે તેમને કહેવામાં આવે છે કે તમે પોતાને અલ્લાહ સમજો છો તો અલ્લાહનું કોઈ કાર્ય કરી દેખાડો કે જેથી અમને યકીન થઈ જાય કે તમે અલ્લાહ છો. તો તે કહે છે કે અમને અલ્લાહ હોવા વિશે કોઈ જાણકારી નથી. શું આવી બાળક જેવી તર્કહીન વાતોને સ્વીકારી શકાય ખરી ? કારણ કે જો કોઈ માણસ એવું જાણી લે કે તે અલ્લાહ છે તો તે કેવી રીતે કહી શકે કે તેને પોતાને અલ્લાહ હોવાની જાણકારી નથી ?

અય જાબિર ! તમે જાણી લો કે અલ્લાહ તઆલા દરેક વસ્તુમાં અને દરેક જગ્યાએ છે. પરંતુ તે વસ્તુઓ અને તે જગ્યાઓ અલ્લાહ નથી અને એ બધી અલ્લાહની મખ્લૂક છે. અલ્લાહ બધી જગ્યાએ અને બધી વસ્તુઓમાં એક ખાલિક અને રક્ષક તરીકે રહે છે અને એ જ છે કે જેણે હલનચલન પેદા કર્યું અને એ જ હલનચલનના કારણે તત્વો પોતાનું તાત્વિક જીવન, ઝાડ-પાન પોતાનું વનસ્પતીય જીવન અને જાનવરો પોતાનું પ્રાણીય જીવન જીવી રહ્યા છે.

જીવન હલનચલન વગર અશક્ય છે તેમ છતાંય અલ્લાહમાં માનનારો કોઈ પણ એવો દાવો નથી કરતો કે હલનચલન અલ્લાહ છે કારણ કે હલનચલન પણ બીજી વસ્તુઓની જેમ અલ્લાહની મખ્લૂક છે. જોકે તે એવી મખ્લૂક છે કે જે બીજી મખ્લૂકના અસ્તિત્વનું કારણ બને છે અને યુનાની દાર્શનિકો કે જેઓ આવું કહેતા હતા કે હલનચલન ખુદા છે તે મોટી ભૂલ કરી રહ્યા હતા કારણ કે હલનચલન ત્યાં સુધી પેદા થતું નથી જ્યાં સુધી તેની શક્તિ પેદા થતી નથી અને જ્યાં સુધી તે શક્તિ છે ત્યાં સુધી હલનચલન ચાલુ રહે છે અને જ્યારે તે શક્તિ વપરાઈ જશે તો હલનચલન રોકાઈ જશે કારણ કે હલનચલન ઉર્જાથી પેદા થાય છે માટે હલનચલન મખ્લૂક છે, ખાલિક નથી અને એ ઉર્જા કે જે હલનચલનને પેદા કરે છે તે અલ્લાહની કુદરત છે.

એક અલ્લાહમાં માનનારો એ વાતને સ્વીકારી શકે છે કે હલનચલન બીજી વસ્તુઓને પેદા કરે છે અને આવી માન્યતા તૌહીદ વિરોધી નથી કારણ કે અલ્લાહ તઆલાએ કાઈનાતનાં કાર્યોને ચલાવવા માટે કારણો પેદા કર્યાં છે અને તેમાંથી એક હકીકી કારણ હલનચલન છે. કેટલાક યુનાની દાર્શનિકો એવું માનતા હતા કે હલનચલન પદાર્થ છે અને પદાર્થ હલનચલન અને પદાર્થ પોતાના છેલ્લા તબક્કામાં હલનચલનનું સ્વરૂપ

ધારણ કરી લે છે અને જો પદાર્થમાંનું હલનચલન રોકાઈ જાય તો પદાર્થ નાશ પામે છે.

અય જાબિર ! કેટલાક યુનાની દાર્શનિકોએ વિચારોને પણ પદાર્થનો એક ભાગ માની લીધો છે અને કહ્યું છે કે પદાર્થ વગર વિચારનું કોઈ અસ્તિત્વ નથી. જેવી રીતે ફૂલ વગર તેની ફોરમ કંઈ જ નથી એવી જ રીતે જો પદાર્થ નાશ પામે તો વિચાર પણ નાશ પામી જાય છે.

પરંતુ ઉપરોક્ત થિઅરી એટલા માટે સાચી નથી કે ફિલોસૉફીની અંદર યુનાનીઓનો જમાનો હોય કે આજનો જમાનો, હકીકત એ છે કે કોઈ પણ વસ્તુ નાશ નથી પામતી પરંતુ પોતાની પરિસ્થિતિમાં પરિવર્તન લાવે છે. માટે માણસ પણ નાશ નથી પામતો પરંતુ મોત પછી પોતાની પરિસ્થિતિને બદલી નાખે છે. આવી જ રીતે તેના વિચાર પણ બદલાતા નથી અને એ વાતમાં કોઈ શંકા નથી કે માણસ કોઈ અન્ય સ્વરૂપમાં બાકી રહે છે અને માણસ મોત પછી રૂહના સ્વરૂપમાં બાકી રહે છે.

અય જાબિર! જ્યારે કોઈ મોમિન માને છે કે તેના ઉસૂલે દીન સાચા છે તો તે ખુશ થાય છે અને ખુશી માણસના સ્વભાવમાં છે. માણસ દરેક શિસ્તબધ્ધ અને સંપૂર્ણ વસ્તુને જોવામાં ખુશી અનુભવ કરે છે. અય જાબિર! શું તમે એ નકશીને દીવાલ ઉપર જોઈ રહ્યા છો અને ધ્યાન આપી રહ્યા છો કે તે એક ભૂમિતિની ડિઝાઈન છે ? જો તમે આવું કરતા હો તો તમે તેની તરફ ધ્યાન આપવામાં ખુશ થઈ રહ્યા છો પરંતુ આ ફક્ત એટલા માટે નથી કે તમે ભૂમિતિના જાણકાર છો અને જાણો છો કે આ ભૂમિતિની ડિઝાઈનમાંથી છે પરંતુ એટલા માટે પણ છે કે તમે તેને શિસ્તબધ્ધ જુઓ છો અને તમને ખબર પડે છે કે તે સંપૂર્ણ નકશી છે.

એ લોકો કે જેઓ ભૂમિતિના જાણકાર નથી તે લોકો એટલા માટે આ નકશીને જોઈને ખુશ થાય છે કારણ કે તેઓ આ નકશીને સંપૂર્ણ અને શિસ્તબધ્ધ પામે છે. નાનાં બાળકો પણ આ નકશીને જોઈને ખુશ થાય છે કારણ કે તેનું સંપૂર્ણ અને શિસ્તબધ્ધ સ્વરૂપ તેમની રૂહમાં એક પ્રકારનો સંતોષ પેદા કરે છે. જો આ નકશી કે જેને હું અને તમે જોઈ રહ્યા છીએ, તે શિસ્તબધ્ધ ન હોત અને તેની લીટીઓ આડી અવળી હોત એવી રીતે કે તે એક સંપૂર્ણ ભૂમિતિની ડિઝાઈનનું સ્વરૂપ ન લઈ લેત અને ન તે કોઈ એવી વસ્તુનું ચિત્ર હોત કે જેને તમે ઓળખો છો, તો શું આવી પરિસ્થિતિમાં પણ તમને તેને જોઈને ખુશી થાત ? જાબિરે કહ્યું કે ના.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે આપણે કોઈ શિસ્ત વગરની અને આડીઅવળી નકશી જોઈને આપણે ખુશ નથી થતા બલ્કે તેનાથી ઉલ્ટા આપણે બેચેન થઈ જઈએ છીએ અને તેનો એબ અને ખામી આપણી નારાજગીનું પણ કારણ બને છે જાણે કે આપણે કોઈ સ્વાદ વગરનું ભોજન જમી રહ્યા હોઈએ. આવી જ રીતે દીની હકીકતો ઉપર પણ આપણે વિચાર કરીએ છીએ તો ખુશ થઈએ છીએ કારણ કે આપણે જોઈએ છીએ કે તે સંપૂર્ણ અને ખામીરહિત છે અને જો કોઈ વસ્તુ ખામી વગરની અને સંપૂર્ણ હોય (પછી તે ભૌતિક હોય કે રૂહાની) તો તે સુંદર હોય છે અને તે આપણા માટે ખુશીનું કારણ બને છે. આવી જ રીતે દીની હકીકતો પણ ખામીઓથી પાક છે માટે આપણને આનંદ આપે છે.

જાબિર બિન હૈયાને કહ્યું કે આ દીની હકીકતો સામાન્ય લોકો જાણતા નથી માટે તે લોકો તેને સમજવાનો આનંદ ઉઠાવી શકતા નથી. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે સામાન્ય લોકો પાસે દીની ઈલ્મ નથી માટે જ હું લોકોને તાકીદ કરું છું કે ઈલ્મ પ્રાપ્ત કરે.

જાબિર બિન હૈયાને પૂછ્યું કે દીને ઈસ્લામની હકીકતો એવી રીતે નાઝિલ કેમ ન થઈ કે બધા લોકો તેને સમજી શકે ? ઈમામ જાફર સાદિક(અ.) એ ફરમાવ્યું કે એટલું જ નહીં કે ઈસ્લામની હકીકતો એવી રીતે નાઝિલ નથી થઈ કે લોકો તેને સમજી શકે બલ્કે ઈસ્લામ પહેલાં બીજા મઝહબોની હકીકતો પણ એવી રીતે નાઝિલ થઈ ન હતી કે બધા લોકો તેમને સમજીને તેમનો આનંદ માણી શકે.

અય જાબિર ! જાણી લો કે દીન ફિલોસૉફી કરતાં અલગ છે. ફિલોસૉફીમાં એવું છે કે જે કંઈ કહેવામાં આવે તેના માટે યોગ્ય દલીલો જોઈએ કે જેથી સાંભળનારની બુધ્ધિ તેને સ્વીકારી લે અને જ્યારે સાંભળનાર ફિલોસૉફીના મસઅલાને સાંભળે છે તો જ્યાં સુધી કહેનારો યોગ્ય દલીલ વડે મસઅલાને સાબિત ન કરી દે ત્યાં સુધી સાંભળનારો તે મસઅલાને સ્વીકારતો નથી કારણ કે સાંભળનારો પણ કહેનારની જેમ ફિલોસૉફર છે અને જો ફિલાસૉફર ન હોય તો પણ તેને ફિલોસૉફીમાં રસ જરૂર છે નહિતર તે કદીય ફિલોસૉફીની ચર્ચા સાંભળવા અને સમજવા માટે ન આવે.

ફિલોસૉફીથી સંબંધિત દરેક મસઅલાઓ ફિલોસૉફરો માટે અથવા ફિલોસૉફીમાં રસ ધરાવતા લોકો માટે કહેવામાં આવતા હોય છે એટલે તેમના માટે પુરાવાની જરૂર હોય છે કે જેથી ફિલોસૉફરો તેને સ્વીકારી લે માટે દરેક ફિલોસૉફીના મસઅલામાં એક અથવા વધુ પુરાવા હોવા જરૂરી છે અને દરેક ફિલોસૉફીનો મસઅલો માણસની બુધ્ધિ સાથે સંબંધ ધરાવે છે. જ્યાં સુધી તે મસઅલાને બુધ્ધિ ન સ્વીકારે ત્યાં સુધી તે મસઅલો સચોટ ગણાતો નથી.

જ્યારે કોઈ ફિલોસૉફર પોતાના દૃષ્ટિકોણને પ્રસ્તુત કરે છે ત્યારે તે સામાન્ય માણસ વિશે વિચારતો નથી અને તે એવું નથી ઈચ્છતો કે સામાન્ય લોકો તેની ફિલોસૉફીના દૃષ્ટિકોણને સમજે. તે જાણે છે કે સામાન્ય લોકો તેના દૃષ્ટિકોણને સમજી નહીં શકે અને જે કંઈ કહે છે તે ફિલોસૉફરો માટે અથવા ફિલોસૉફીનો શોખ ધરાવનારા લોકો માટે કહે છે પરંતુ દીન ફિલોસૉફીના દૃષ્ટિકોણ કરતાં અલગ છે.

આપણા નબી(સ.) કે જે દીને ઈસ્લામને અલ્લાહ તઆલા તરફથી બધા માણસો માટે લઈને આવ્યા છે, તે ફક્ત એવા લોકો માટે નથી લાવ્યા કે જેમની બુધ્ધિ બીજા લોકોની બુધ્ધિ કરતાં ચઢિયાતી હોય અને જે લોકો દરેક વસ્તુને સ્વીકારવા માટે પુરાવા માગે છે. બીજા નબીઓ પણ કે જેઓ આપણા નબી(સ.) પહેલાં આવ્યા, તેઓ પણ દીનને બધા લોકો માટે લાવ્યા નહીં કે એક વિશેષ જૂથ માટે કે જે બુધ્ધિની દૃષ્ટિએ બીજા કરતાં ચઢિયાતું હોય.

આ જ કારણે અલ્લાહના નબીઓ માટે જરૂરી હતું કે તેઓ જૂની હકીકતોને સૌથી સાદા સ્વરૂપમાં લોકોની સામે પ્રસ્તુત કરે અને દરેક હકીકતના પુરાવા માટે દલીલ પ્રસ્તુત કરી નહીં કારણ કે સામાન્ય લોકો દરેક દીની હકીકતની મસ્લેહતને સમજી શકે એવા ન હતા અને આજે પણ સમજી શકતા નથી એટલે સુધી કે જો કોઈ માણસ અત્યંત સાદી રીતે દીની હકીકતોને દલીલો વડે લોકોની સામે પ્રસ્તુત કરે તો પણ કેટલાક લોકો તેમની મસ્લેહતોને સમજી શકતા નથી તેનું કારણ એ છે કે દીનના અહેકામ તેમના અકીદા માટે નાઝિલ થયા છે, તેમની બુધ્ધિ માટે નહીં સિવાય કે એવા લોકો કે જેમની બુધ્ધિ બીજા લોકોની બુધ્ધિ કરતાં વધારે સશક્ત હોય. (ક્રમશઃ)

# Amr e Ilahi

-----------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------

*In my recent business trip I was accompanied by one of my partners with whom I like to discuss spirituality along with business. During the discussion we were talking about various creations of Almighty and their importance in our lives.*

*He was all praise for solar system and the way it operates. The same Sunlight which brightens our days, when reflected through Moon, illuminates our nights. Sun is* ***the original source of light*** *while Moon becomes* ***the interim source.***

*The other interesting observation which came out of discussion was that our eyes are not strong enough to bear the Sunlight directly. If we try to look at the Sun for long, it may damage our eyes. While the same Sunlight, when reflected through* ***Moon at night, sooths our eyes****.*

*We tend to gaze at the Moon for a while and admire its beauty. It is the Moon alone which has the quality of soothing the Sunlight, other reflecting sources like mirror or even water don't have this ability and seeing the reflection of Sun through them can be damaging.*

➔ *So Moon has the* ***ability and the character*** *to* ***reflect the Sunlight*** *in the manner that* ***suits us*** *and again it is the* ***interim source of Sunlight*** *which illuminates the dark nights when* ***Sun is invisible****.*

It is Allah, who has created everything but He has kept Himself invisible from us. He is the **ultimate source.** As He says in Quran on various occasions that all His creations are His signs, it means that there must be **an interim source** for bestowing His bounties on us.

So let us try to reach this interim source and thank our Lord for creating it. For the purpose we will focus on few of the ayahs of Quran and try to reach the conclusion.

In the following ayah from Surah-e-Fatir, Allah says:

- *"Phir Hum ne apne bandon main se* ***khaas un ko Quran ka waaris banaya jinhain (ahl samjh kar) muntakhab kiya*** *kyunke bandon main se kuch to naafarmaani kar ke apni jaan per sitam dhaate hai aur kuch unmain se neki-badi ke darmiyaan hai aur un main se* ***kuch log Khuda ke ikhtayaar se nekiyon main auron se goya sabqat le gaye hai****, yehi intekhaab wa sabqat to Khuda ka bada fazal hai." – (Surah-e-Fatir, ayah 32)*

*"(Then We have given **the Book for inheritance to such of Our Servants as We have chosen:** but there are among them some who wrong their own souls; some who follow a middle course; and some **who are by Allah's leave, foremost in good deeds; that is the highest Grace)"***

Here Allah (SWT) testifies **the character** of the inheritor of Allah's wisdom. He is the chosen servant of Allah and foremost in good deeds. Allah (SWT) found him suitable to make him the source of divine knowledge. So who is he?

Rasool (SAW) in the following hadith has revealed this great inheritor by saying:

- "The Holy Quran has **outward and inward** meanings and **Ali Ibne Abi Talib has the knowledge of both.** (Ref: Hilyatul Awaliya, Abu Nu'aym, vol 1 P 65)

And Mawla Ali confirms about his own divine knowledge:

- ""Ask me about **the Book of Allah**, because there is no ayah but that I know whether it was revealed at night or in daytime, on the plain or in the mountain." (Ref: History of Khailfa who took the right way, Jalaluddin Suyuti, P 194)

Even prominent historians of Muslim world have quoted Mawla Ali as saying **"*'Salooni':* ask me whatever you wish before I am no more among you".** (Ref: Sawaiq-e-Mohriqa, Ibn-e-Hajar).

In this connection let us see one more ayah:

- *"To agar tum log khud nahin jaante ho **to ahl-e-zikr se pooch kar dekho**." – (Surah-e-Anbiya, ayah 7)*

*"(**Ask the rememberancers (ahl-e-zikr),** if you do not know)"*

Imam Sa'labi reports from Jabir Ibn-e-Abdullah Ansari in his Tafseer that when this ayah was revealed, **Mawla Ali (A.S) said, "We are the rememberancers (ahl-e-zikr)".**

➔ From the above it makes sense if we say that Mawla Ali was chosen above others to inherit the divine knowledge. He had the ability and the character to distribute the knowledge the way Allah wanted. Thus **he is the interim source of Allah's knowledge and wisdom.**

Now, let us see the following ayah from Surah-e-Yaasin:

- *"Hum hi yaqeenan murdon ko zinda karte hai aur **jo kuch wo log pehle kar chuke hai unko aur unki achhi ya boori baaqi maanda nishaaniyon ko likhte jaate hai** aur Hum ne*

*har cheez ko ek sareeh wa **roshan peshwa main gher diya hai**." – (Surah-e-Yaasin, ayah 12)*

"(Surely We give life to the dead, and **We write down what they have sent before and their footprints**, and We have **recorded everything in Imam-e-Mubeen**)"

In the above ayah Allah (SWT) says that all the good and bad deeds of mankind is recorded in "Imam-e-Mubeen". It means that at the day of Judgement, Allah (SWT) would refer this Imam-e-Mubeen when finally He would take the accounts.

As per one tradition, when this ayah was revealed, Hazrat Abu Bakr and Hazrat Umar were standing beside Rasool (SAW). Both of them asked whether Imam-e-Mubeen was *'Tauret'?* Rasool (SAW) said 'No' they then asked whether it was *'Injeel'* to which he again said 'No', they further asked whether it was *'Quran'* he again replied in negative. At this time Mawla Ali (A.S) appeared from the front, **he said pointing towards Imam Ali that he is "Imam-e-Mubeen."** (Ref: Durr-e-Mansoor, Vol 5 P 261, Jalaluddin Suyuti, Ubaid bin Hamid bin Jureira, Ibn-e-Abi Hakim)

Thus Mawla Ali would be having the records of all good and bad deeds of mankind. That is why Rasool (SAW) has said that:

- "Ali is the **divine proof from his Almighty** and I am witness on it." (Ref: Tarikh Ibn-e-Asakir, vol 43 P 220, Kareeb Minal lafaz fi Yanabe-ul-mowaddat, vol 1 P 293)

- "O Ali, you are **the divider of heaven and hell**"
(Ref: Sawaiq-e-Mohraika, P 126, Yanabe-ul-mowaddat, vol 1 P 163)

➔ This means that Mawla Ali would be the chosen representative from Allah's side on the day of Judgement. This makes him **an interim source of Allah's justice**.

Let us find further proof on the above topic through focusing on few more ayahs:

- *"Khuda ko chhod kar jin ki parastish karte hain unko sabko ikattha karo phir unhain Jahannum ki raah dekhao **aur haan zara unhain thehrao to un se kuch poochna hai**." – (Surah-e-Sa'affat, ayah 23-24)*

  *"(Gather together those who were unjust and their associates, and what they used to worship besides Allah, and lead them to the Way to the (Fierce) Fire! **"Bus stop them, for they must be asked.)"***

In the above ayah, while the wrongdoers would be headed towards Hell, Allah would ask them to stop for further questioning. That means this question is equally important as per Allah. So what is that Allah would ask?

As per the tradition given by Ibn-e-Abbas of Abu Saeed Khudri, Rasool (SAW) has said that on the day of Judgement **people would be questioned about wilaya of Ali Ibne Abi Talib** and **love for him.** (Ref: Sawaiqe Mohraiqa, Allama Ibn-e-Hajar)

And Rasool (SAW) has also said that:

- **"Followers of Ali would surely succeed"** – (Ref: Yanabe-ul-mowaddat, vol 2 P 312, Kareeb Minal lafaz fi tazkirtul khawaas, P 56)

➔ There is no salvation without acknowledging Mawla Ali's wilaya. **<u>His love is the interim source of Allah's salvation.</u>**

Before we proceed further with our discussion, let us first see the relationship of Ibrahim (A.S) and Rasool (SAW) vis-à-vis Allah.

Ibrahim (A.S) is called as **<u>"Khalil-ullah"</u>** meaning **"Friend of the Almighty Allah".** A friend is somebody who is faithful to you and he is your well-wisher. I will consider somebody as my friend who listens to me and be my help. Ibrahim (A.S) was so **<u>faithful to Allah's Will</u>** that Allah considered him as His friend.

Now let us see the following ayah:

- *"Aur raat ke khaas hisse main namaz-e-tahajjud padha karo ye sunnat tumhari khaas fazilat hai. Qareeb hai ke Qayamat ke din **Khuda tumko maqam-e-Mehmood tak pahonchae"**. – (Surah-e-Bani Israel, ayah 79)*

  *"(And during a part of the night, pray Tahajjud beyond what is incumbent on you; may be that your **Lord will raise you to Maqam-e-Mahmuda** (a station of praise and glory i.e. the highest degree in Paradise!)".*

In the above ayah, Allah (SWT) promises Rasool (SAW) to raise him to Maqam-e-Mahmud. That is why he is called "**Habib-e-Khuda" or "Habib-ullah".** Habib means somebody who is loved and adored. **Rasool (SAW) was adored by Allah**. Now, when you adore somebody you want to do

something for him and make him happy. Allah (SWT) changed the Qibla from Baitul Mukkaddas to Kaaba just because it was Rasool (SAW)'s wish. Ref: [(Surah-e-Baqra, ayah 144, We have established this in my previous article 'Proof of Divinity")]

So while Ibrahim (A.S) was faithful to Allah's Will. Rasool (SAW)'s will was Allah's Will.

With this in mind let us see the following ayah:

- *"Aur logon main se Khuda ke bande kuch aise hai* ***<u>jo Khuda ki (khushnudi) haasil karne ki gharaz se apni jaan tak bech daalte hai</u>*** *aur Khuda aise bandon per bada hi shafkat wala hai." – (Surah-e- Baqra, ayah 207)*

  *"(And among men is* ***<u>he who sells himself to seek the pleasure of Allah</u>****; and Allah is Affectionate to the servants.)"*

If we look at the above ayah, it mentions a chosen servant of Allah, who sells himself. Now, in any business transaction there should be **two entities for a sale to happen**: one is a buyer and other is a seller. From the above we know that there is **one seller who is ready to sell his soul to seek Allah's pleasure**, **that means in this case the buyer is Allah** who has purchased the soul and has given **His pleasure in return**. The important result is from this point onwards **the above-mentioned soul is now Allah's soul.**

This ayah was revealed in **the praise of Mawla Ali (A.S**) when he slept on the bed of Rasool (SAW) during the night of Hijrat. Rasool (SAW) informed Mawla Ali (A.S) about the dangerous situation and his plans to move to Yasreb. He asked Mawla Ali (A.S) if he would sleep on his bed covering himself with his cloak. Mawla Ali asked **"If I sleep in your place, in your bed, will your life be saved?".** "Yes" was the reply of Rasool (SAW). Ali (A.S.) thanked Allah and slept in the bed of the Rasool (SAW) covering himself with the cloak.

Let us see some references in this connection:

- Imam Ghizali in his Tareekhe Khamees writes that the above ayah of Surah-e-Baqra was revealed mentioning **this sacrifice of Mawla Ali (A.S).**

- In Mustadrak by Imam Hakim, Volume 3 Page 4, it is related from Ibn-e-Abbas, "Lo!" **<u>Ali was the man who sold his soul</u>**; the incident of his wrapping himself in the Holy Prophet's cloak on the fateful night of the flight to Medina is not unknown."

- On the same page of the same book, Imam Hakim related from Imam Zain-ul-Abedeen (A.S), "**The first man in Islam who sold his soul to attain the pleasure of Allah was Ali**, when he slept on Holy Prophet's bed on the night of his escape from Mecca."

It was Mawla Ali's commitment for the cause of Rasool (SAW) and his love for Holy Prophet which encouraged him to risk his life. His faithfulness towards "Habib-ullah" was so liked by Allah that He became the purchaser of Mawla Ali's soul. Thus Mawla Ali became **'Nafs-ullah" meaning Allah's soul. So now Mawla Ali's will is actually Allah's will.**

That is why Rasool (SAW) has said that:

- **"Amongst men it is Ali who knows Allah the best***." – (Ref: Selections from Kanz-ul-Ummal, Bahamash Al Masnad, Vol 5 P 32)*

➔Allah has purchased Ali's soul and He has not only shared His name 'Ali' with Mawla Ali (A.S), but also rented His house (Kaaba) for him to take birth. Thus **Mawla Ali is the interim source of Allah's Will.**

In his Khutba: Mareifet-e-Nooraniyat, which he addressed to Hazrat Salman Farsi and Hazrat Abu Dhur Ghafari, Mawla Ali has said:

- "O Salmán! O Jandáb! Verily, **Allah has made me His Trustee over His creation** and **His Vicegerent on His earth**, in **His territories, and over His servants**. Allah has given me what no artist can depict and no man of understanding can truly comprehend. One who knows me in this manner, **becomes a momin."**

Here I would like to end my article with famous urdu couplet written by Hazrat Amir Khusro (r.a.):

- ***"Jo Kaabe main ho payda aur shahadat paae masjid main, Khuda ke ghar ka maalik wo bashar yun bhi hai aur yun bhi."***

➔ Mawla Ali (A.S) is thus the **interim source of Allah's limitless bounties.** So My Lord! Please increase my love and affection for your everlasting source of bounties and bestow your grace and blessings on me in this world and hereafter. Aamin

# અમ્રે ઈલાહી

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*તાજેતરની મારી ધંધાકીય ટૂંકી મુસાફરી દરમિયાન હું મારા ભાગીદારોમાંથી એક ભાગીદારના સંગાથે હતો કે જેમની સાથે ધંધાની સાથે સાથે આધ્યાત્મિકતા વિષે ચર્ચા કરવાનું મને ગમતું હોય છે. ચર્ચા દરમિયાન અમે સર્વશક્તિમાન અલ્લાહનાં વિવિધ સર્જનો વિષે અને આપણા જીવનમાં તેમની ઉપયોગીતા વિષે વાતો કરી રહ્યા હતા.*

*તેમણે સૂર્યમંડળની અને તે કઈ રીતે કાર્ય કરે છે તેની ખૂબ પ્રશંસા કરી. એ સૂર્ય પ્રકાશ કે જે આપણા દિવસોને પ્રકાશિત કરે છે એ જ જ્યારે ચંદ્ર દ્વારા પરિવર્તિત થાય છે ત્યારે આપણી રાત્રીઓને અજવાળે છે.* ***પ્રકાશનું મૂળભૂત પ્રાપ્તિ સ્થાન સૂર્ય*** *છે જ્યારે ચંદ્ર* ***મધ્યવર્તી પ્રાપ્તિ સ્થાન*** *બને છે.*

*અમારી ચર્ચામાંથી બીજું એક રસપ્રદ અવલોકન બહાર આવ્યું તે એ હતું કે આપણી આંખો સૂર્ય પ્રકાશને સીધે સીધો સહન કરવા માટે સક્ષમ નથી. જો આપણે લાંબા સમય સુધી સૂર્ય તરફ તાકી રહેવાનો પ્રયત્ન કરીએ તો તેનાથી આપણી આંખોને કદાચ નુકસાન થાય. જ્યારે એ જ સૂર્ય પ્રકાશ* ***રાત્રે ચંદ્ર*** *દ્વારા પરિવર્તિત થાય છે ત્યારે તે આપણી* ***આંખોને શીતળતા અર્પે છે.***

*આપણે થોડા સમય માટે ચંદ્ર તરફ તાકી રહીને તેની સુંદરતાની પ્રશંસા કરવાનું વલણ ધરાવીએ છીએ. ફક્ત ચંદ્ર જ એક એવો છે કે જેમાં સૂર્ય પ્રકાશની તીવ્રતાને ઓછી કરવાનો ગુણ રહેલો છે, બીજા પરિવર્તિત કરતા સ્રોત જેવા કે દર્પણમાં અથવા પાણીમાં આવી સમર્થતા રહેલી નથી અને તેમના દ્વારા સૂર્યનું પ્રતિબિંબ જોવું નુકસાનકારક હોઈ શકે છે.*

→ *આમ ચંદ્ર પાસે આપણને માફક આવે તેવી રીતે* ***સૂર્ય પ્રકાશને પરિવર્તિત કરવાની સમર્થતા અને ગુણધર્મ*** *રહેલો છે અને ફરીથી કહીએ તો તે* ***સૂર્ય પ્રકાશનો મધ્યવર્તી સ્રોત*** *છે કે જે અંધારી રાતોને ત્યારે અજવાળે છે કે જ્યારે સૂર્ય અદ્દશ્ય હોય છે.*

અલ્લાહ એવો છે કે જેણે બધી વસ્તુઓને પેદા તો કરી પરંતુ તેણે પોતાની જાતને આપણાથી અદ્દશ્ય રાખી છે. તે **મૂળભૂત સ્રોત** છે. કુરઆનમાં તે ઘણા પ્રસંગોએ કહે છે તેમ કે તેનાં બધાં જ સર્જનો તેની નિશાનીઓ છે. એનો અર્થ એ થયો કે આપણા ઉપર તેની નેઅમતોને અર્પણ કરવા માટેનો કોઈ **મધ્યવર્તી સ્રોત** હોવો જ જોઈએ.

તો ચાલો આપણે આ મધ્યવર્તી સ્રોત સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ અને તે સ્રોત સર્જવા બદલ તેનો આભાર માનીએ. આ હેતુ માટે આપણે કુરઆનની થોડીક આયતો ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત કરીશું અને અંત સુધી પહોંચવાનો પ્રયત્ન કરીશું.

સૂરએ ફાતિરની નીચેની આયતોમાં અલ્લાહ ફરમાવે છે:

- **'પછી અમોએ અમારી કિતાબના વારસ** **<u>તેમને બનાવ્યા કે જેમને અમોએ અમારા (તમામ) બંદાઓમાંથી ચૂંટી લીધા હતા;</u>** **પણ તે(બંદા)ઓમાંથી કેટલાક તો પોતાના ઉપર જુલમ કરનારા છે, અને**

**તેમનામાંથી કેટલાકો મધ્યસ્થ (માર્ગે) વિચરનારા છે, અને તેમનામાંથી <u>કેટલાક અલ્લાહના હુકમથી નેકીઓમાં આગળ વધી જનારા છે;</u> અને એ જ મોટી કૃપા છે.'**

(સૂરએ ફાતિર, આયત-૩૨)

અહીં અલ્લાહ(સુ.વ.ત.) અલ્લાહની હિકમતના વારસદારના **ચારિત્ર્યને** ચકાસીને જુએ છે. તે અલ્લાહ દ્વારા પસંદ થયેલ બંદો છે અને સત્કાર્યો કરવામાં સૌથી અગ્રેસર છે. અલ્લાહ (સુ.વ.ત.)એ તેને પોતાના દિવ્ય જ્ઞાનનો સ્રોત બનાવવા માટે તેને યોગ્ય ગણ્યો છે. તો કોણ છે એ?

નીચેની હદીસમાં રસૂલ(સ.)એ પોતાના આ મહાન વારસદારને આવું કહીને જાહેર કર્યો છે :

- 'પવિત્ર કુરઆનના **બાહ્ય અને ગુહ્ય** (એમ બે) અર્થ નીકળતા હોય છે અને **અલી ઈબ્ને અબીતાલિબ પાસે એ બન્નેનું ઈલ્મ છે.'**

(સંદર્ભ : હિલયતુલ અવલિયા, અબુ નુ'ઐમ, ભાગ-૧, પેજ-૬૫)

અને મૌલા અલી પોતાને મળેલ દિવ્ય જ્ઞાનનું આવા શબ્દોમાં સમર્થન કરે છે :

- **'અલ્લાહની કિતાબ** વિષે તમારે મને જે કંઈ પૂછવું હોય તે પૂછો કારણ કે કોઈ પણ આયત એવી નથી કે જેના વિષે હું ન જાણતો હોઉં, પછી તે રાત્રે નાઝિલ થયેલી હોય કે દિવસે, સપાટ મેદાનમાં (નાઝિલ થયેલી હોય) કે પહાડમાં.'

(સંદર્ભ: 'એવા ખલીફાઓનો ઈતિહાસ કે જેમણે સીધો રસ્તો અપનાવ્યો હોય', જલાલુદ્દીન સુયુતિ, પેજ-૧૯૪)

વળી મુસ્લિમ જગતના વિખ્યાત ઈતિહાસકારોએ મૌલા અલીને આવું કહેતાં ટાંક્યા છે :

**'સલૂની : પૂછો, પૂછો, તમારે જે કંઈ પૂછવું હોય તે, એ પહેલાં કે હું તમારી વચ્ચે ન રહું.'**(સંદર્ભ : સવાએકે મોહર્રકા, ઈબ્ને હજર)

આ સંદર્ભમાં ચાલો આપણે એક વધુ આયત જોઈએ.

- **'જો તમે જાણતા ન હો તો <u>એહલે ઝિક્રને પૂછી જુઓ.</u>** (સૂરએ અંબિયા, આયત-૭)

ઈમામ સઅલબી જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારીની તફસીરમાંથી જણાવે છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે **મૌલા અલી(અ.)એ કહ્યું, 'અમે જ એહલે ઝિક્ર છીએ.'**

→ ઉપરોક્ત બાબત ઉપરથી તો એવો અર્થ નીકળે છે કે જો આપણે એવું કહીએ કે બીજા બધાયમાંથી મૌલા અલી(અ.) દિવ્ય ઈલાહી જ્ઞાન વારસામાં મેળવવા માટે પસંદ થયેલા છે, તેમની પાસે અલ્લાહ જેવું ઈચ્છતો હતો તેવું જ્ઞાન વહેંચવાની સમર્થતા અને ચારિત્ર્ય હતું. આથી જ તો **<u>તેઓ અલ્લાહના ઈલ્મ અને હિકમતના મધ્યવર્તી સ્રોત છે.</u>**

હવે ચાલો આપણે સૂરએ યાસીનમાંની નીચેની આયતો જોઈએ.

- **'નિઃસંશય અમે જ મુડદાને સજીવન કરીએ છીએ, અને તેઓ <u>જે કાંઈ (સદ્કરણી) આગળ મોકલે છે અને જે (સદ્કરણીનાં) ચિહ્નો (બીજાઓને અનુકરણ કરવા માટે) પાછળ મૂકી જાય છે તે સર્વેને અમે લખી લઈએ છીએ;</u> અને અમોએ દરેક વસ્તુનો એક <u>ઈમામે મુબીનમાં સમાવેશ કરી દીધો છે.'</u>**

ઉપરની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે કે માનવજાતનાં બધાં સારાં અને ખરાબ કાર્યો 'ઈમામે મુબીન'માં નોંધવામાં આવેલાં છે. તેનો અર્થ એવો થાય છે કે કયામતના દિવસે અલ્લાહ(સુ.વ.ત.) જ્યારે છેલ્લો હિસાબ લેશે ત્યારે આ ઈમામે મુબીનનો સંપર્ક સાધશે.

એક રિવાયત મુજબ જ્યારે આ આયત

નાઝિલ થઈ ત્યારે રસૂલ(સ.)ની બાજુમાં હઝરત અબુબક્ર અને હઝરત ઉમર ઊભેલા હતા. બન્ને જણે પૂછયું, શું ઈમામે મુબીન તૌરેત (કિતાબ) હતી? રસૂલ(સ.)એ કહ્યું, ના. ત્યાર પછી તેમણે પૂછયું, શું તે ઈન્જીલ હતી ? જેના જવાબમાં ફરીથી કહ્યું, ના. વળી પાછું તેમણે પૂછયું કે તે કુરઆન હતું ? તેમણે ફરીથી નકારમાં જવાબ આપ્યો. એ વખતે સામેથી મૌલા અલી(અ.) આવતા દેખાયા તો **તેમણે ઈમામ અલી તરફ આંગળી ચીંધીને ફરમાવ્યું કે તે 'ઈમામે મુબીન' છે.**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૫, પેજ-૨૬૧, જલાલુદ્દીન સુયુતિ, ઉબૈદ બિન હમીદ બિન જુરૈના, ઈબ્ને અબી હાકિમ)

આમ મૌલા અલી સમગ્ર માનવજાતનાં બધાં જ સારાં કાર્યો અને ખરાબ કાર્યોની નોંધ ધરાવતા હશે. એટલા માટે તો રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે-

- **'અલી તેમના સર્વશક્તિમાન (અલ્લાહ) તરફની નૂરાની સાબિતી છે અને હું તેનો સાક્ષી છું.'**

(સંદર્ભ : તારીખે ઈબ્ને અસાકિર, ભાગ-૪૩, પેજ-૨૨૦, કરીબ મિનલ લફઝ ફી યનાબેઉલ મોવદ્દત, ભાગ-૧, પેજ-૨૯૩)

- **'અય અલી ! તમે જન્નત અને દોઝખની વહેંચણી કરનારા છો.'**

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ-૧૨૬, યનાબેઉલ મોવદ્દત, ભાગ-૧, પેજ-૧૬૩)

→ એનો અર્થ એ થાય કે મૌલા અલી કયામતના દિવસે અલ્લાહના પક્ષ તરફથી પસંદ થયેલ પ્રતિનિધિ બનશે. આ બાબત તેમને **ઈલાહી ન્યાયના મધ્યવર્તી સ્રોત** બનાવે છે.

ચાલો આપણે ઉપરોક્ત મુદ્દા દ્વારા થોડી વધારે આયતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને વધુ સાબિતીઓ શોધી કાઢીએ.

- **'અને અલ્લાહને છોડીને તેઓને ભેગા કરી લ્યો કે જેમની તેઓ પૂજા કર્યા કરતા હતા; પછી તે સર્વેને જહન્નમના માર્ગ તરફ લઈ ચાલો. અને તેમને જરા થોભાવો કે તેમને(થોડાક) સવાલ પૂછવામાં આવનાર છે.'** (સૂરએ સાફફાત, આયત-૨૩ થી ૨૪)

ઉપરની આયતમાં, જ્યારે ખરાબ કૃત્યો આચરનારાઓને જહન્નમ તરફ દોરી જવામાં આવશે, ત્યારે અલ્લાહ તેમને આગળનો પ્રશ્ન પૂછવા માટે ઊભા રાખશે. એનો અર્થ એ થાય છે કે આ પ્રશ્ન પણ અલ્લાહની દૃષ્ટિએ એટલો જ અગત્યનો છે. અલ્લાહ જે પૂછશે તે કઈ બાબત હશે ?

અબુ સઈદ ખુદરીની ઈબ્ને અબ્બાસ દ્વારા કરવામાં આવેલ રિવાયત અનુસાર રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે કયામતના દિવસે **અલી ઈબ્ને અબીતાલિબની વિલાયત વિષે** અને **તેમના પ્રત્યેની મોહબ્બત વિષે** પ્રશ્ન પૂછવામાં આવશે. (સંદર્ભ : સવાએકે મોહર્રકા, અલ્લામા ઈબ્ને હજર)

વળી રસૂલ(સ.)એ એવું પણ ફરમાવ્યું છે કે-

- **'અલીના ચાહકો ચોક્કસપણે કામયાબ થશે.'** (સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, ભાગ-૨, પેજ-૩૧૨, કરીબ મિનલ લફઝ ફી તઝકિરતુલ ખવાસ, પેજ-૫૬)

→ મૌલા અલીની વિલાયતના સ્વીકાર વગર નજાત નથી. **તેમની મોહબ્બત જ અલ્લાહની નજાતનો મધ્યવર્તી સ્રોત છે.**

આપણે આપણી ચર્ચામાં આગળ વધીએ એ પહેલાં, ચાલો આપણે પહેલાં તો હઝરત ઈબ્રાહીમ(અ.) અને રસૂલ(સ.)ના અલ્લાહ સાથેના પારસ્પરિક સંબંધોને જોઈએ :

હઝરત ઈબ્રાહીમ(અ.)ને **ખલીલુલ્લાહ** કહેવામાં આવે છે જેનો અર્થ થાય **'સર્વ શક્તિમાન અલ્લાહના દોસ્ત.'** દોસ્ત એક

એવી વ્યક્તિ છે કે જે તમને વફાદાર હોય અને તમારો શુભેચ્છક પણ હોય. હું તો કોઈ એવાને જ મારા દોસ્ત તરીકે ગણીશ કે જે મારી વાત સાંભળતો હોય અને મારા માટે મદદરૂપ હોય. હઝરત ઈબ્રાહીમ(અ.) <u>અલ્લાહની</u> <u>મરજીને</u> એટલા બધા <u>વફાદાર</u> હતા કે અલ્લાહે જ તેમને પોતાના દોસ્ત ગણ્યા.

ચાલો હવે આપણે નીચેની આયત જોઈએ :

- **'અને (હે રસૂલ !) રાત્રીના એક ભાગમાં તહજ્જુદ(ની નમાઝ) પઢ્યા કર. આ ફરજ તારા માટે વધારાની છે, સંભવિત છે કે <u>તારો પરવરદિગાર તને મકામે મહમુદ (જન્નતના સૌથી વખણાયેલા ઉચ્ચ સ્થળ) સુધી પહોંચાડી દે.</u>**

(સૂરએ બની ઈસરાઈલ, આયત-૭૯)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) રસૂલ(સ.)ને મકામે મહમુદ સુધી ઊંચે લઈ જવાનું વચન આપે છે અને તેથી જ તો આપને **'હબીબે ખુદા'** અથવા **'હબીબુલ્લાહ'** કહેવાય છે. હબીબનો અર્થ થાય કોઈક એવો કે જેને ચાહવામાં આવતો હોય અને જેને સન્માન આપવામાં આવતું હોય. **<u>રસૂલ(સ.)ને અલ્લાહ દ્વારા ખૂબ ચાહવામાં અને માન આપવામાં આવતું હતું.</u>** હવે, જ્યારે કોઈ તમને ખૂબ ચાહતો હોય કે માન આપતો હોય તો તમને પણ તેના માટે કંઈક કરી છૂટવાની કે તેને રાજી રાખવાની ઈચ્છા થતી જ હોય છે. અલ્લાહ(સુ.વ.ત.)એ કિબ્લાને બયતુલ મુકદ્દસ તરફથી કા'બા તરફ માત્ર એ કારણે બદલી દીધો હતો કે તે રસૂલ(સ.)ની ઈચ્છા હતી. (સંદર્ભઃ સૂરએ બકર, આયત-૧૪૪. આ બાબત મેં મારા અગાઉના લેખ **'અલ્લાહના નૂરની સાબિતી'**માં સાબિત કરી દીધી છે.)

આથી જો હઝરત ઈબ્રાહીમ(અ.) અલ્લાહની મરજીને આધીન રહ્યા હોય તો રસૂલ(સ.)ની મરજી પણ અલ્લાહની જ મરજી હતી.

આ બાબતને મનમાં રાખીને ચાલો આપણે નીચેની આયતો જોઈએ :

- **'અને લોકોમાંથી (કોઈ) એવો (પણ) છે કે <u>જે અલ્લાહની ખુશી સંપાદન કરવા (માટે) પોતાનો જીવ (સુધ્ધાં) પણ વેચી નાખે છે;</u> અને અલ્લાહ એવા બંદાઓ ઉપર માયાળુ છે.'**

જો આપણે ઉપરની આયત તરફ નજર કરીએ તો ખબર પડશે કે તે અલ્લાહના પસંદ થયેલા એવા બંદાનું વર્ણન કરે છે કે જે પોતાની જાતને વેચી નાખે છે. હવે જુઓ કે કોઈ પણ જાતના વેપારમાં **વેચાણ થવા માટે બે જણની મોજુદગી** હોવી જોઈએ; એક ખરીદનાર અને બીજો વેચનાર. ઉપરોક્ત બાબતમાં આપણે જાણીએ છીએ કે ત્યાં **એક એવો વેચનારો છે કે જે અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે પોતાનો જીવ વેચવા તૈયાર છે, એનો અર્થ એ કે અહીં અલ્લાહ ખરીદનાર છે** કે જેણે જીવ ખરીદી લીધો છે અને **બદલામાં પોતાની ખુશી** આપી દીધી છે. આ મુદ્દા ઉપરથી એક અગત્યનું તારણ હવે પછી એ નીકળે છે કે **ઉપર દર્શાવેલ જીવ અલ્લાહનો જીવ છે.**

આ આયત **મૌલા અલી(અ.)ની શાનમાં** ત્યારે નાઝિલ થઈ હતી કે જ્યારે તેઓ હિજરતની રાત્રે રસૂલ(સ.)ની પથારી ઉપર સૂઈ રહ્યા હતા. રસૂલ(સ.)એ મૌલા અલી(અ.)ને ભયંકર પરિસ્થિતિ વિષે અને યસરબ તરફ જવાની યોજનાઓ વિષે માહિતી આપી હતી. આપ(સ.)એ મૌલા અલી(અ.)ને પૂછયું, શું તમે મારી ચાદર ઓઢીને મારી પથારી ઉપર સૂઈ જશો? મૌલા અલી(અ.)એ પૂછયું, **જો હું તમારી જગ્યાએ તમારી પથારી ઉપર સૂઈ જાઉં તો શું તમારો જીવ બચી જશે ?** રસૂલ(સ.)નો જવાબ હતો હા. અલી(અ.)એ અલ્લાહનો આભાર માન્યો અને

રસૂલ(સ.)ની પથારી ઉપર પોતે તેમની ચાદર ઓઢીને સૂઈ ગયા.

આ બાબતમાં ચાલો આપણે બીજા સંદર્ભો પણ જોઈએ :

● ઈમામ ગિઝાલી પોતાની કિતાબ તારીખે ખમીસમાં લખે છે કે સૂરએ બકરની ઉપરોક્ત આયત **મૌલા અલી(અ.)ની આ કુરબાનીના** ઉલ્લેખ સાથે પ્રગટ થયેલી હતી.

● ઈમામ હાકિમની કિતાબ મુસ્તદ્રક, ભાગ-૩, પેજ-૪માં ઈબ્ને અબ્બાસથી સંબંધિત છે કે લ્યો, **અલી એવા માણસ હતા કે જેમણે પોતાનો જીવ વેચી નાખ્યો.** મદીના તરફ જવાની ભયંકર રાત્રે પોતાની જાતને પવિત્ર પયગમ્બર(સ.)ની ચાદરમાં લપેટી દેવાનો પ્રસંગ કંઈ અજાણ્યો નથી.

● એ જ કિતાબના એ જ પાના ઉપર ઈમામ હાકિમે ઈમામ ઝયનુલ આબેદીન(અ.)થી રિવાયત કરી છે : **ઈસ્લામમાં સૌ પ્રથમ માણસ કે જેણે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે પોતાનો જીવ વેચી નાખ્યો તે અલી હતા** જ્યારે તેઓ પવિત્ર પયગમ્બર(સ.)ની પથારી ઉપર મક્કાથી મદીના જવાની રાત્રે સૂઈ રહ્યા હતા.

આ તો મૌલા અલી(અ.)ની રસૂલ(સ.) ખાતર સમર્પિત થઈ જવાની ભાવના અને પવિત્ર પયગમ્બર(સ.) પ્રત્યેનો પ્રેમ હતો કે જેણે તેમને પોતાના જીવને જોખમમાં મૂકવા માટે પ્રોત્સાહિત કર્યા. એમની હબીબુલ્લાહ તરફની વફાદારી અલ્લાહને એટલી બધી પસંદ પડી ગઈ કે અલ્લાહ મૌલા અલી(અ.)ના જીવને ખરીદનારો બની ગયો. આ રીતે મૌલા અલી **'નફ્સુલ્લાહ' બન્યા કે જેનો અર્થ થાય અલ્લાહનો જીવ. તેથી હવે તો મૌલા અલી(અ.)ની મરજી એ ખરેખર અલ્લાહની જ મરજી છે.**

તેથી જ તો રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે -

● **'માણસોમાં એક અલી જ એવા છે કે જે અલ્લાહને સૌથી સારી રીતે ઓળખે છે.'**

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, બહામશ અલ મસ્નદ, ભાગ-૫, પેજ-૩૨માંથી સંગૃહિત)

→ અલ્લાહે અલી(અ.)નો જીવ ખરીદી લીધો અને તે(અલ્લાહ) મૌલા અલી(અ.)ના નામ **'અલી'**નો જ માત્ર ભાગીદાર નથી બન્યો પરંતુ તેણે પોતાના ઘર(કા'બા)ને તેમના જન્મ માટે આપી દીધું. આમ **મૌલા અલી(અ.) અલ્લાહની મરજીના મધ્યવર્તી સ્રોત છે.**

'માઅરેફતે નૂરાનિયત'ના તેમના ખુત્બામાં કે જે હઝરત સલમાન ફારસી અને હઝરત અબુઝર ગફ્ફારીને સંબોધીને કહેવામાં આવ્યો છે તેમાં મૌલા અલીએ ફરમાવ્યું છે :

● 'અય સલમાન ! અય જંદબ ! નિઃશંકપણે **અલ્લાહે મને તેની મખ્લૂક ઉપર ન્યાસધારી બનાવ્યો છે** અને તેની **પૃથ્વી ઉપર, તેના મુલકોમાં અને તેના બંદાઓ ઉપર તેનો ઉત્તરાધિકારી** બનાવ્યો છે. અલ્લાહે મને એવું બધું આપ્યું છે કે જેને કોઈ કલાકાર ચીતરી શકે તેમ નથી અને સમજશક્તિ ધરાવતો કોઈ માણસ સારી રીતે તેને સમજી પણ શકે તેમ નથી. જે માણસ મને આ રીતે ઓળખે છે તે **મોમિન બને છે.**

અહીં હઝરત અમીર ખુશરૂ(રહે.) દ્વારા લખાયેલ પ્રખ્યાત ઉર્દૂ પંક્તિઓથી મારા લેખનું સમાપન કરવાનું મને ગમશે.

●**જો કા'બેમેં હો પયદા ઔર શહાદત પાયે મસ્જિદમેં,**
ખુદાકે ઘરકા માલિક વો બશર યું ભી હૈ ઔર યું ભી.

→ આમ મૌલા અલી(અ.) **અલ્લાહની અસીમ નેઅમતોના મધ્યવર્તી સ્રોત** છે તેથી અય મારા માલિક ! તારી નેઅમતોના અનંત સ્રોત પ્રત્યેના મારા પ્રેમમાં અને સ્નેહમાં મહેરબાની કરીને વધારો કરી દેજે અને આલોક અને પરલોકમાં તારી કૃપા અને રહેમતની વર્ષા મારા ઉપર કરતો રહેજે, આમીન.*

| Blog બ્લોગ | : લેખન : |
|---|---|
| Ref : Wayfaring (My search for Truth) | હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) |

- **Gender Equality**

  Man and woman are two halves of the same individuality where man stands for the strength and woman stands for the beauty of that individuality. It's only when one half seeks to be free from the other half that the individuality breaks apart and trouble starts.

  (જાતીય સમાનતા)

  પુરૂષ અને સ્ત્રી આ બન્ને એક જ વ્યક્તિત્વના બે અડધા ભાગ છે કે જ્યાં પુરૂષ તાકાતનું પ્રતીક છે અને સ્ત્રી તે વ્યક્તિત્વની સુંદરતાનું પ્રતીક છે. જ્યારે કોઇ અડધો ભાગ બીજા અડધા ભાગથી મુક્ત થવા મથે છે ફક્ત ત્યારે જ તે વ્યક્તિત્વનો ભંગ થઇ જાય છે અને મુશ્કેલી સર્જાય છે.

- **Popularity**

  How much people love you provides a measure of how much God loves you.

  (લોકપ્રિયતા)

  તમને લોકો કેટલા ચાહે છે તેનું માપ એના ઉપરથી નીકળે છે કે અલ્લાહ તમને કેટલો ચાહે છે.

- **Nature's Adaptability**

  When someone lives even after a surgery, it is due to the adaptability of Nature - not due to either the surgeon's skill or technological advancement.

  (કુદરતનું અનુકૂલન)

  ઓપરેશન થઇ ગયા પછી પણ કોઇ (દરદી) જીવતો રહે છે તો તે કુદરતના અનુકૂલનને કારણે રહે છે, નહીં કે ઓપરેશન કરનાર ડૉકટરના કૌશલ્યને કારણે અથવા તો ટેકનોલોજીના વિકાસને કારણે.

- **Justice to Self**

  If you really deserve it, don’t shy away from the respect your society gives you. It will only benefit the society.

  (પોતાની જાતને ન્યાય આપવા વિષે)

  તમારી કોમ તમને જે સન્માન આપતી હોય તેના માટે જો તમે ખરેખર લાયક હો તો તેનાથી શરમાઈને દૂર ન ભાગો. તેનાથી કોમને ફાયદો જ થવાનો.

- **Depth of Truth**

  Truth is always deeper than what you can understand or what you claim to understand.

  (સત્યની ગહનતા)

  તમે જે સમજી શકતા હો અથવા તો સમજવાનો દાવો કરતા હો તેના કરતાં તો સત્ય હંમેશાં ઘણું જ ગહન હોય છે.

- **Truth and Happiness**

  Try to find happiness in truthfulness. Never let your need for happiness impede your search for Truth.

  (સત્ય અને સુખ)

  સચ્ચાઈમાં સુખને શોધવાનો પ્રયત્ન કરો. તમારી સુખની જરૂરિયાતને હક માટેની તમારી તલાશના આડે આવવા ન દો.

- **Tact**

  If you really want to rule the hearts of people, never practice dishonesty in the name of tact.

  (ચાલાકી)

  જો તમે ખરેખર લોકોના દિલો ઉપર રાજ કરવા માગતા હો તો ચાલાકીના નામે કદી અપ્રમાણિકતા (બેઈમાની) આચરતા નહીં.

- **Words and Deeds**

  Let your words act. Let your deeds speak.

  (શબ્દો અને કાર્યો)

  તમારા શબ્દોનો અમલ થવા દો. તમારા કાર્યોને બોલવા દો.

(ક્રમશઃ)

# નન્હે રોઝેદાર

**હિજરી સન ૧૪૩૩**


હબીબાફાતેમા ખાદિમહુસૈન મોમિન
માતા : નફીસાબાનુ (દમણ)
ઉં.વ. ૩ રોઝા : ૧


નજીબાફાતેમા અબ્બાસઅલી મોમિન
માતા : કનીઝઝેહરા (દમણ)
ઉં.વ. ૩.૫ રોઝા : ૧


મોહસિનઅલી ઈમ્તિયાઝઅલી મોમિન
માતા : નાઝીયાબાનુ (દમણ)
ઉં.વ. ૩.૬ રોઝા : ૧


ઈમ્દાદઅલી નજરઅલી ફત્તેહ
માતા : - (પીરોજપુરા)
ઉં.વ. ૩.૮ રોઝા : ૧


સાજેદાફાતેમા અહેસાનઅલી ફત્તેહ
માતા : - (પીરોજપુરા)
ઉં.વ. ૩.૧૦ રોઝા : ૧


નાસેરાફાતેમા અકબરઅલી મોમિન
માતા : હકીમાખાતુન (નડીઆદ)
ઉં.વ. ૪ રોઝા : ૩૦


રૂકૈયાફાતેમા અબ્બાસઅલી મોમિન
માતા : શીરીનબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧


અનીસાફાતેમા હસનઅબ્બાસ મોમિન
માતા : કરિશ્માબાનુ (વસો)
ઉં.વ. ૪ રોઝા : ૧


અહેસાનઅલી સખાવતઅલી મોમિન
માતા : શેરબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧


કામિયાબઅલી એહમદઅલી મંડપવાલા
માતા : ફાતેમાબાનુ (કઠોર)
ઉં.વ. ૪.૫ રોઝા : ૧


મોહંમદનૂર એહમદઅબ્બાસ મોમિન
માતા : સાબેરાબેન (દમણ)
ઉં.વ. ૪.૬ રોઝા : ૧


ઔનઅલી નજરઅલી ફત્તેહ
માતા : - (પીરોજપુરા)
ઉં.વ. ૫ રોઝા : ૨


અઝીમાફાતેમા અહમદહુસૈન ખણુશીયા
માતા : - (કાટવાડ)
ઉં.વ. ૫ રોઝા : ૧


યાવરઅબ્બાસ મોહંમદહુસૈન મોમિન
માતા : કુલસુમબાનુ (કઠોર)
ઉં.વ. ૫ રોઝા : ૧


ઝાહિદઅલી ભગત
માતા : જહાંનુમા (દમણ)
ઉં.વ. ૫.૯ રોઝા : ૧૨


સાજેદાફાતેમા સાજીદઅલી હોલ્ડા
માતા : મહેમૂદાબેન (ઈલોલ તલાવ)
ઉં.વ. ૫.૮ રોઝા : ૩


સરવરહુસૈન મોહસિનઅલી મોમિન(લકી)
માતા : ફિઝ્ઝાબાનુ (ધોળકા)
ઉં.વ. ૬ રોઝા : ૧૦


સાદિકઅલી ઈમ્તિયાઝઅલી ભગત
માતા : તસ્લીમાબાનુ (દમણ)
ઉં.વ. ૬ રોઝા : ૮


મોહંમદસલમાન અબ્બાસઅલી ખરોડીયા
માતા : આબેદાબાનુ (પીંપોદર)
ઉં.વ. ૬ રોઝા : ૧


કાસિમહુસૈન હસનઅબ્બાસ મસુ
માતા : સાબેરાબેન ( - )
ઉં.વ. ૭ રોઝા : ૨૫


મહેરબાનહુસૈન શબ્બીરઅલી બટ્ટી (બાદરપુર)
માતા : તાહેરાબેન ઉં.વ. ૧૨ રોઝા : ૨૯


હકીમઅલી કમાલભાઈ રાબડી (બાદરપુર)
માતા : સાયરાબાનુ ઉં.વ. ૧૫ રોઝા : ૨૯


મહેંદીઅલી મહંમદઅલી ખરોડીયા (પીંપોદર)
માતા : આબેદાબાનુ ઉં.વ. ૧૫ રોઝા : ૧૨


હસનઅબ્બાસ શબ્બીરઅલી સુથાર
માતા : - (ખાટાઆંબા)



ઈસ્મતફાતેમા ઈમદાદહસન સુરપુરા
માતા : તાહેરાબાનુ (જેઠીપુરા)
ઉં.વ. ૭ રોઝા : ૨૮



રૂકૈયા ખાદિમહુસૈન પટાવટ
માતા : હુસૈનાબેન(કાકોશી-અમદા.)
ઉં.વ. ૭ રોઝા : ૯



મોહંમદઅલી મહેંદીઅલી ગોદડ
માતા : તાહેરાબેન(ઈલોલ પહાડીયા)
ઉં.વ. ૭ રોઝા : ૫



ઝયનબફાતેમા આબિદઅલી બાદરપુરા
માતા : હુસૈનાબેન (ઈલોલ તલાવ)
ઉં.વ. ૭ રોઝા : ૩



અહેમદઅબ્બાસ મંજુરઅલી હોલ્ડા
માતા : હુસૈનાબેન (ઈલોલ-અમદા.)
ઉં.વ. ૭ રોઝા : ૨



ઈમદાદહુસૈન અકબરઅલી શાવદી
માતા : નજમાબેન(ઈલોલ તલાવ)
ઉં.વ. ૭.૨ રોઝા : ૫



નુસરતફાતેમા ઈમદાદઅલી વિજાપુરા
માતા : હુસૈનાબેન (જેઠીપુરા)
ઉં.વ. ૭.૫ રોઝા : ૨૮



સલમાબાનુ નજરમોહમંદ ખોરજીયા
માતા : શેરબાનુ (બાદરગઢ-મુંબઈ)
ઉં.વ. ૭.૧૦ રોઝા : ૨૯



ઈરફાનહૈદર અકબરઅલી મોમિન
માતા : અખ્તરબાનુ (કઠોર)
ઉં.વ. ૮ રોઝા : ૩૦



આસિફઅલી મીકદાદઅલી વિજાપુરા
માતા : સાકેરાબાનુ(ઝહીરાબાદ-જેઠીપુરા)
ઉં.વ. ૮ રોઝા : ૯



અહમદઅબ્બાસ શબ્બીરઅલી રેવાસીયા
માતા : સાજેદાબેન (જેઠીપુરા)
ઉં.વ. ૮ રોઝા : ૬



બસરાતફાતેમા આબેદઅલી
માતા : શબાનાબાનુ (કઠોર)
ઉં.વ. ૯ રોઝા : ૩૦



કામયાબઅલી ગુલામમહંમદ સુણસરા
માતા : હુસૈનાબેન (ખડીયાસણા)
ઉં.વ. ૯ રોઝા : ૨૯



મેઅરાજફાતેમા ભગત
માતા : જહાંનુમા ( - )
ઉં.વ. ૯ રોઝા : ૨૬



મંજુરફાતેમા આબિદહુસૈન મોમિન
માતા : નજમાબાનુ (દમણ)
ઉં.વ. ૯ રોઝા : ૧૭



ફિઝઝાફાતેમા અબ્બાસઅલી ખરોડીયા
માતા : આબેદાબાનુ (પીંપોદર)
ઉં.વ. ૯ રોઝા : ૬



હાજરાફાતમા હસનઅલી ભગત
માતા : હમીદાબેન (બાદરપુર)
ઉં.વ. ૯.૩ રોઝા : ૨૮



અહમદઅબ્બાસ મહંમદઅલી નાંદોલીયા
માતા : કૌસરબહેન ( - )
ઉં.વ. ૧૦ રોઝા : ૨૯



નુસરતફાતેમા બાકરઅલી ખણુશીયા
માતા : મન્સુરાબહેન (ઈલોલ તલાવ)
ઉં.વ. ૧૦ રોઝા : ૨૫



નુસરતફાતેમા નૂરઅલી
માતા : રૂકૈયાબાનુ (હૈદરાબાદ-પીંપોદર)
ઉં.વ. ૧૦.૭ રોઝા : ૨૯



મોહંમદઅલી ગુલામઅબ્બાસ સુણસરા
માતા : ઝોહરાબેન (ખડીયાસણા)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૯



તાહેરાફાતેમા વલીમોહંમદ નાંદોલીયા
માતા : ફુલસુમબેહન ( - )
ઉં.વ. ૧૧ રોઝા : ૨૯



મોહંમદઅફઝલ અલ્તાફઅલી મોમિન
માતા : સકીનાબાનુ (કઠોર)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૮



અસગરઅલી મોહંમદહુસૈન મોમિન
માતા : ફુલસુમબાનુ (કઠોર)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૫



સલમાફાતેમા શબ્બીરઅલી નાંદોલીયા
માતા : આબેદાબાનુ ( - )
ઉં.વ. ૧૧ રોઝા : ૯

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજજતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

**૧૧૨ કલિમાતે કસ્સાબ**
**(સફાઈ કરનારાં બોધવચનો)**

(ગતાંકનું ચાલુ)

(૬૧) જેણે વિવિધ પ્રકારના ખોરાકનાં વૃક્ષોને પોતાના નફસમાં વાવી દીધાં તેણે વિવિધ પ્રકારની બીમારીઓને ચૂંટી લીધી.

(૬૨) જે દુરાચારી હશે તેની રોઝી ઓછી થઈ જશે.

(૬૩) જેનામાં શરમ અને સખાવત ન હોય તેના માટે જિંદગી કરતાં મોત બેહતર છે.

(૬૪) વધારે ખાનારની તંદુરસ્તી ખરાબ અને તેના ઉપર જિંદગીનો ભાર ખૂબ જ વજનદાર બની જશે.

(૬૫) જે પોતાનાં કામ ખુદાને હવાલે કરી દે છે, ખુદા તેનાં કાર્યોને મજબૂત કરી દે છે.

(૬૬) જે દુનિયાની કોઈ વસ્તુનો માલિક હોય તો આખેરત તેનાથી વધારે તેના હાથમાંથી ચાલી જશે.

(૬૭) જે મોતનો ઝિક્ર કરતો રહેશે દુનિયાથી ઓછા ઉપર રજામંદ થઈ જશે.

(૬૮) જેણે પોતાના ઈમામની ઈતાઅત કરી, તેણે પોતાના રબની ઈતાઅત કરી.

(૬૯) જેના ઉપર શહવત (લિજજત મેળવવાનો શોખ) ગાલિબ (વર્ચસ્વ ધરાવતી) હોય, તેનો નફસ સલામત નહીં રહે.

(૭૦) જેનો નફસ શરીફ (ભદ્ર) હશે તેનામાં દયા અને મોહબ્બત હશે.

(૭૧) જે નેઅમતનો શુક્ર અદા ન કરે તેને નેઅમતના ઝવાલ(પડતી)ની સજા આપવામાં આવશે.

(૭૨) જેણે પોતાની તકલીફોથી લોકોને વાકેફ કર્યા, તેણે પોતાના નફસ ઉપર અઝાબ કર્યો.

(૭૩) અક્કલમંદ (કદી) જૂઠું નથી કહેતો અને મોમિન ઝિના નથી કરતો.

(૭૪) મુનાફિકનું દ્દષ્ટાંત અન્દરાઈન (હન્ઝલ)*ના જેવું છે કે જેનાં પાંદડાં લીલાં અને તેનો સ્વાદ કડવો હોય છે.

(૭૫) નિર્ધનતા અને તંગીની સખ્તીઓ (કઠણાઈઓ)ને સહન કરી લેવી તે (કોઈ) નાકિસ (ખરાબ માણસ)ની મુલાકાત કરવા કરતાં બેહતર છે.

(૭૬) નસીહતની કડવાશ ખરાબ શિક્ષણ મેળવેલાની મીઠાશ કરતાં વધારે ફાયદાકારક છે.

(૭૭) જ્યારે માણસ દિલનો આંધળો હોય તો આંખોની દૃષ્ટિ કોઈ ફાયદો નથી પહોંચાડતી.

(૭૮) અમે હકની તરફ દાવત આપનારા મખ્લૂકના ઈમામો અને સાચું બોલનારી જીભો છીએ, જેણે અમારી ઈતાઅત કરી, તેણે સલ્તનત મેળવી અને જેણે અમારી નાફરમાની કરી તે હલાક થયો.

---

*અન્દરાઈન (હન્ઝલ) એક જાતનું ફળ આવે છે કે જે દેખાવમાં તો ખૂબ સુંદર લાગે છે પરંતુ ખાવામાં આવે તો કડવું ઝેર હોય છે.

(૭૯) અમે બાબે હત્તા છીએ કે જે સલામતીનો દરવાજો છે. જે એમાં દાખલ થઈ ગયો તે સલામત રહ્યો અને જેણે તેનાથી મોં ફેરવ્યું તે હલાક થયો.

(૮૦) હક અને તેના અહ્લ (અર્થાત્ હકવાળા)ની બાબતમાં ડગમગો નહીં કેમકે જેણે બીજાઓને અમ અહલે બૈત ઉપર પસંદગી આપી દીધી તે હલાક થયો અને તેના હાથમાંથી દુનિયા અને આખેરત ચાલી ગઈ.

(૮૧) નાશવંત દુનિયાની વસ્તુઓ તરફ મોહ ન રાખો અને નાશવંત દુનિયાથી એવી વસ્તુઓ લઈ લો કે જે કાયમી દુનિયામાં કામ આવે.

(૮૨) તારી દુઆ, કબૂલ થવાનો રસ્તો નથી મેળવતી કેમકે તેં દુઆ કબૂલ થવાના રસ્તાને ગુનાઓથી બંધ કરી દીધો છે.

(૮૩) કોઈ મોહતાજને કંઈ આપવામાં આવતી કાલ સુધીનો વિલંબ ન કર કેમકે તું જાણતો નથી કે આવતી કાલ તારા માટે અને તેના માટે કેવી આવવાની છે.

(૮૪) નાદાનો જે બાબતને નથી જાણતા તેનાથી તેમને પરિચિત ન કર કેમકે તેઓ તને જૂઠલાવશે. તારું ઈલ્મ તારા માટે હક છે અને તેમનો હક તારા ઉપર એ છે કે ઈલ્મને હકદાર સુધી પહોંચાડે અને બિનહકદારને પહોંચાડવાથી રોકે.

(૮૫) ઓરતની લગામને તેના હાથમાં ન છોડી દે જેથી કરીને તે પોતાની હદ ન ઓળંગી દે કેમકે ઓરત એક ફૂલ છે અને (તે) બહાદુર અને શકિતશાળી નથી.

(૮૬) તારી જિંદગીના ભારને ઓરતોના ખભા ઉપર ન નાખ અને શકય હોય ત્યાં સુધી પોતાની જાતને તેનાથી બેનિયાઝ (સ્વતંત્ર) કરી લે કેમકે તે એહસાન બતાવવાવાળી અને નેકીનો આભાર ન માનનારી હોય છે.

(૮૭) ખુદાએ પાક સિવાય કોઈની પાસે કંઈ માગ નહીં, અગર તે તને કંઈ આપે તો તને બુઝુર્ગ (પ્રતિષ્ઠિત) કર્યો અને અગર ન આપ્યું તો તારી આખેરત માટે સંગ્રહ કર્યો.

(૮૮) ઈલ્મ પ્રાપ્ત ન કરવું સિવાય કે તેના માલિકો (આલે મોહંમદ(સ.)) પાસેથી.

(૮૯) મોમિનનું ઈમાન એ સમય સુધી સંપૂર્ણ નથી થતું જ્યાં સુધી નેઅમતના વિસ્તારને ફિત્નાઓ અને બલાઓ નેઅમત ન ગણી લે.

(૯૦) જે માણસમાં પરહેઝગારી નથી, તે ઈમાનને નફો નથી પહોંચાડતો.

(૯૧) ચાર વસ્તુઓ પડતી માટે કારણભૂત છે : (૧) ઉસૂલે દીનને નષ્ટ કરી દેવું (૨) ફુરૂઅ સાથે સંબંધ અને તેને જરૂરી ન સમજવું (૩) અધમ/નીચ લોકોને જરૂરી માનવા (૪) ફઝીલતવાળા લોકોને પાછળ રાખવા.

(૯૨) થોડીક રિયાકારી પણ ખુદા સાથેનો શિર્ક છે.

(૯૩) ખુદાશનાસ (દયાળુ) મર્દનો ચહેરો ખુશ અને હસતો ને દિલ ભયભીત અને ગમગીન

રહેતું હોય છે.

(૯૪) અય લોકો ! દુનિયામાં ઝોહદ ઈખ્તિયાર કરો કેમકે દુનિયાનો ઐશ થોડો અને તેની ખૂબીઓ ઓછી હોય છે દુનિયા એવી છે કે જે મોતને નજીક અને આરઝૂઓને દૂર કરી દે છે અને આંખોને બગાડી નાખે છે. આ એક તોફાની ઘોડો છે કે જે દોડી રહ્યો છે અને ખયાનત કરે છે.

(૯૫) આકિલ (બુધ્ધિશાળી) માટે યોગ્ય તો એ છે કે આલિમોની સોહબત વધારે પ્રમાણમાં ધારણ કરે, દુષ્ટ અને નીચ લોકોની સોહબતથી દૂર રહે.

(૯૬) લોકોના ઉપર એક જમાનો એવો આવશે કે તેમની પાસે કોઇ સ્વજન કે સન્માનનીય વ્યકિત નહીં હોય પરંતુ મક્કાર અને જાસૂસ (હશે), સારી ભાવનાવાળા નહીં પરંતુ ફાસિક અને ફાજિર (હશે) અને અપમાનિત નહીં સમજવામાં આવે પરંતુ ન્યાય કરનાર (સમજવામાં આવશે).

(૯૭) અય દુનિયાના બંદાઓ ! તમારા આમાલ એટલા માટે (દુનિયા માટે) જ છે કે દિવસમાં તમે રોજગાર મેળવવાના કાર્યમાં મશગૂલ રહો છો, રાત્રે પોતાની પથારી ઉપર પાસાં બદલતા રહો છો, આખેરતથી ગાફેલ છો અને નેક અમલના માટે ઢીલ કરો છો, તો પછી આખેરત પ્રાપ્ત કરવામાં કયારે મનન કરશો? (આખેરતનું) ભાથું કયારે તૈયાર કરશો અને કયામતના દિવસ માટેનું કામ કયારે પૂરું કરશો ?

(૯૮) આકિલ (બુધ્ધિશાળી) માટે એ ઉચિત છે કે કયામતના માટે નેક અમલ કરી લે અને રૂહ કબ્ઝ થવાના અને માટીમાં (કબરમાં) જવાના પહેલાં વિપુલ પ્રમાણમાં રસ્તાનું ભાથુ જમા કરે.

(૯૯) કઝાએ ઈલાહી, પ્રમાણની દૃષ્ટિએ ઈખ્તિયાર અને તદ્દબીરની વિરૂધ્ધ ચાલુ થાય છે.

(૧૦૦) અમારી વિલાયતથી, જાણી જોઇને ઇન્કાર કરવાવાળો કાફર છે અને અમારી ફઝીલતનો મુન્કર (ઇન્કાર કરવાવાળો) કાફર છે. એનું કારણ સ્પષ્ટ છે કેમકે મુન્કરે વિલાયત, મુન્કરે ફઝીલત, મુન્કરે નબુવ્વત અને મુન્કરે રબૂબિયતમાં કોઇ ફરક નથી. (બહરૂલ મઆરિફ, સફા-૩૩૪)

(૧૦૧) એક જમાનો એવો આવવાવાળો છે કે જેમાં આફિયત (સલામતી)ના દસ ભાગ હશે તેમાંથી નવ ભાગ લોકોથી એકાંત ધારણ કરવામાં હશે અને એક ભાગ ખામોશીમાં.

(૧૦૨) રિસાલત મઆબ(સ.)એ ફરમાવ્યું, કુન્ત બન્યા વ આદમ બય્નુલ માએ વત્તીન.

હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું, કુન્ત વલીય્યન વ આદમ બય્નુલ માએ

ગતાંકમાં નહજુલ અસરાર બોધવચન નં. (૪૬)માં <u>'ખાવાના પહેલાં અને પછી 'અતરજ' ખાધા કરો'.</u> આ વાકયમાં વપરાયેલ અતરજ(citron)નો અર્થ થાય છે 'લીંબુની જાતનું મોટું ફળ' કદાચ બીજોરૂં હોઇ શકે.
-તંત્રી

વત્તીન. (બહિરૂલ મઆરિફ)

(૧૦૩) તારે ઝિક્રે ખુદા કરવો જોઈએ કેમકે તે દિલોના માટે નૂર છે. (ગુર્રલ હિકમ)

(૧૦૪) સ્વજનો અને મોટા લોકોની અદાવત વીંછીના કરડવાથી વધારે સખત હોય છે. (ગુર્રલ હિકમ)

(૧૦૫) જ્યારે નિય્યત ખરાબ થઈ જાય છે તો બરકત ચાલી જાય છે. (ગુર્રલ હિકમ)

(૧૦૬) જે પોતાના બિરાદર મોમિનના માટે કૂવો ખોદશે તે પોતે જ તેમાં પડશે. (ગુર્રલ હિકમ)

(૧૦૭) સર્વશ્રેષ્ઠ ઈખ્તિયારોમાંથી એક એ છે કે નેક માણસોની સોબત ઈખ્તિયાર કરો.

(૧૦૮) ખુદા દુનિયાની બલાઓથી અને આખેરતના અઝાબથી કોઈ ચીજને મોમિન બંદાથી દફે કરતો નથી પરંતુ તેની રઝામંદીથી અને પોતાની કઝાથી અને એ બંદાની બલાઓ ઉપર સબ્ર કરવાથી.

(૧૦૯) મોમિનની પરીક્ષા બલા અને ગિરફ્તારીથી થાય છે. જેમકે શુધ્ધ સોનાની અજમાયશ આગથી (કસોટીથી) થાય છે.

(૧૧૦) ઝઈફો (પોતાના તાબાના લોકો)ને પોતાના અદ્લથી માયૂસ (નિરાશ) ન કર.

(૧૧૧) વરસાદનું પાણી પીઓ કેમકે તે શરીરને પાક કરે છે અને રોગોને દૂર કરે છે. (તફસીરે અબ્બાસી)

(૧૧૨) હું મોમિનોની નમાઝ, તેમની ઝકાત અને તેમની હજ તેમજ જિહાદ છું. *


# નઝીફ દાંતનું દવાખાનું





**ડો. સાજેદા વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)
**મોબાઈલ : ૯૯૨૪૮ ૪૫૯૧૪**

**દાંત તથા દાંતને લગતી તકલીફોનું નિદાન**
**અને તેની તમામ સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે.**

**::::: સમય :::::**
**સ્વંરે** ૯-૦૦ થી ૧-૦૦ ❖ **સંાજે** ૪-૦૦ થી ૭-૩૦
**રવિવંરે** ૧૦-૦૦ થી ૧-૦૦ (ફોન કરીને આવવું.)

નોંધ : ગાંધીનગરના ૫ વર્ષના અનુભવી ડોક્ટર હવે વડનગરમાં

**::::: સ્થળ :::::**
**ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૧૧૬**

**ભીસત ને દોઝખ રખે ચંત લગાવે,**
**પીયુ બિના અવર તો કાહે કમાવે?**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય હકીકતી! તું જન્નતની કે દોઝખની રખે ચિંતા કરતો. પીયુજીની પ્રીત વગર બીજાની શા માટે તું કમાણી કરે છે ?)

**પીયા કેરા રુપ હે બોત અપારા,**
**ઉસ રે રુપથી સરજા સંસારા.**

(પીયુજીનું રૂપ ખૂબ જ પાર વગરનું અપરંપાર છે. એ રૂપથી જ તેણે સંસારનું સર્જન કર્યું છે.)

**જો રે વે દીદાર પીયા કેરા ચાહીએ,**
**તો ભિસત કેરે કાજે કાહે રે કમાઇએ?**

(જો તારે તો પીયુજીનો દીદાર કરવાની જ ઈચ્છા હોય તો જન્નત મેળવવા માટે શા માટે કમાણી કરવી જોઈએ ?)

**જિસ તન રંગ પીયા કેરા ચાવા,**
**ઉસે તો પીયુ બિના સબ હે અભાવા.**

(જે શરીરની અંદર પીયુજીની ચાહતનો રંગ લાગેલો હોય તેના માટે તો પીયુજી વગર બીજી બધી વસ્તુઓ પ્રત્યે અભાવ ઉત્પન્ન થાય છે, બીજી વસ્તુઓ ગમતી નથી.)

**વે તો રે પીયા બિના અવર નાં જાંને,**
**વે સબ રંગ આપ તન પીયુ રે પિછાંને.**

(પીયુજીની પ્રીતમાં રંગાયેલો માણસ પીયુજી વગર બીજી કોઈ બાબતને જાણતો નથી એ તો હંમેશાં પોતાના તનમાં રહેલા પીયુજીના રંગને જ ઓળખતો હોય છે.)

**જે હે રે દુવાગણ, નાં પીયા કેરા નેહા,**
**જેણે રે નાં મથી પીયા કારણ દેહા.**

(જે દુવાગણ હોય (પ્રિયતમની અણમાનીતી હોય) તેને પીયુજીનો નેહ મળતો નથી કારણ કે તેણે પીયુને પ્રાપ્ત કરવા માટે પોતાના દેહમાં મથન કરેલું હોતું નથી.)

**વે તો રે બોત બોત ઠાંમે ધાવે,**
**ભિસત ને દોઝખ બોત મન લાવે.**

(એવી સ્ત્રી તો જુદી જુદી જગ્યાએ જવા દોડતી હોય છે અને તે હંમેશાં પોતાના મનમાં જન્નતનો અને દોઝખનો વિચાર લાવતી હોય છે.)

**જો તન નાં ઢુંઢા, નાં પીયુજી રે પાયા,**
**તો દુહાગણ નજરું પીયુજી નાં આયા.**

(આવી સ્ત્રીએ પોતાના તનની અંદર પીયુજીની શોધખોળ કરી જ નથી તેથી તેને પીયુજી ના મળ્યો. તો આવી દુહાગણની નજરે પીયુજી પડ્યો જ નહીં.)

**તો બિસારી રે એને, પીયા કેરી પીતા,**
**તો મન લે અપના ભિસત પર દીતા.**

(આવી સ્ત્રીએ પોતાના પીયુજીની પ્રીતને વિસારી દીધી અને તેથી જ તેણે પોતાના મનને જન્નત મેળવવા ઉપર કેન્દ્રિત કરી દીધું.)

**જો બિસરન પીયાકા ભારી નાં જાંના,**
**તો મન માંહી ડર દોઝખકા આંના.**

(જ્યારે તેને પીયુજીની પ્રીતને વીસરી દેવાનું ભારે (દુ:ખદાયક) ન લાગ્યું તો તેના મનમાં તેણે દોઝખનો ડર ઉત્પન્ન કર્યો.)

**એ તો નાં કહીએ હકીકતી રાહા,**
**કે પીયુ રે બિના અવર કું ધાહા.**

(પીયુજી વગર, પીયુજીને છોડીને બીજાની પાછળ દોડવું એને હકીકતનો રસ્તો કહી ન શકાય.)

**એ તો દુહાગણ બેસા કા કાંમા,**
**જે મન એક પીયુ પર નાં રાખે રે ઠાંમા.**

(જે સ્ત્રી પોતાના મનને એક જ પીયુ ઉપર ઠરેલું ન રાખે એ તો દુહાગણનું કામ છે, વેશ્યાનું કામ છે.)

**હકીકતી વે હે જે પીયા મન રાખે,**
**ને પીયા બિના અવર, અવર નાં આખે.**

(હકીકતી તો એને કહેવાય કે જે પોતાના પીયુજી ઉપર પોતાના મનને ઠરેલું રાખે અને પીયુજી વગર બીજા કોઈની વાત પણ ન કરે.)

**દીદાર પીયાકા નિત ઉઠ ચા'વે,**
**પીયા કેરે કાજ દેહા કમાવે.**

(હકીકતી તો એને જ કહેવાય કે જે નિત ઊઠીને પોતાના પીયુજીના દીદાર કરવાની ઈચ્છા ધરાવે અને પોતાના પીયુજી ખાતર જ પોતાના દેહને ઘસી નાખે.)

**જો રે મન તેરા પીયા સંગ લાગા,**
**તો નેહ તો ઝાલા, તુજ તન જાગા.**

(જો તારું મન પીયુજીના સંગમાં - પીયુજીની સોબતમાં લાગી ગયું હોય તો તારા તનમાં પ્રેમની જ્વાળા ઉદ્‌ભવશે.)

**તો પરદા રે ભીતર કછુ હે નાં રે'વે,**
**સબ તન રુહાં પીયુ પીયુ કે'વે.**

(જો તારા મનમાં પ્રેમની જયોત સળગશે તો તારા અને પીયુજીના વચ્ચે કોઈ પડદો રહેશે નહીં અને તારું આખું ય તન અને તેનાં રૂવાડાં પીયુ પીયુના પોકારો કરશે.)

**હકીકતી મન કર એક જ હે પીયા,**
**જે રે તુજ તનમાં બસે હે રે જીયા,**
**-: રે તુંહી :-**

(અય હકીકતી તું તારા મનથી જાણી લે કે એ જ તારો પીયુજી છે. જે પ્રિયતમ તારા તનમાં વસેલો છે એ જ તારો પીયુજી છે.)

**મનસુ તન ગમાઇએ, પીયુ મિલનેકે કાજ રે,**
**પીયુ મિલને કે કાજ;**
**બેસા બોત કંથ આપ કર, ચા'વે તન સુખ રાજ રે,**
**ચા'વે તન સુખ રાજ રે,**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે પીયુજીને મળવા ખાતર મનથી પોતાના તનને ગુમાવવું જોઈએ. વેશ્યા ઘણા પુરૂષોને પોતાના કંથ-પોતાના પતિ બનાવીને પોતાના શરીરના સુખને માણવા માટે રાજ કરે છે.)

**બયાન નં.૧૧૭**

**પીયા બિના કભી તું ભિસતકું રે પાવે,**
**તો વે રે ભિસત પીયા બિના કાંમ નાં આવે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય હકીકતી ! જો કદાચ તું પીયુજી વગર જન્નતને પ્રાપ્ત કરી લે તો પણ પીયુજી વગર તે જન્નત તારા કામમાં આવશે નહીં.)

**હકીકતી પીયા બિના ઘડીએ રે જાતી,**
**તો આગ તન પીયા બિના વે ઘડી રે જલાતી.**

(અય હકીકતી ! પીયુજી વગર તારા જીવનમાં જો એક ઘડી પણ પસાર થાય તો પીયુજી વગરની તે ઘડી તારા શરીરને (વિરહની) આગમાં જલાવશે.)

**તેરે કદી પગ હો ભિસત રે પાઇ,**
**તો ભિસત દેવે પીયા બિના તન જલાઇ.**

(જો કદાચ તું તારા પગને જન્નતમાં મૂકે તો પીયુજી વગર તે જન્નત તારા તન બદનને (વિરહની આગમાં) જલાવી દેશે.)

**જો બોત મશક્કત તનસું રે કરની,**
**પાદશાહી દુનીકી મન માંહે ધરની.**

(જો તું તારા મનમાં દુનિયાની બાદશાહી મેળવવાની ઈચ્છા કરે તો તારા શરીરને તારે ખૂબ જ મશક્કત-ખૂબ જ કષ્ટ આપવું પડશે.)

**પીયા બિના એ રે કછુ આવે નાં કાંમા,**
**જાં રે પીયુ નાંહી જલાદે વે ઠાંમા.**

(પીયુજી વગર એવી કોઇ પણ વસ્તુ તારા કામમાં નહીં આવે કેમકે જ્યાં પીયુજી નહીં હોય ત્યાંની દરેક વસ્તુ તને જલાવી દેશે.)

**જો સાતમે અસમાંન તું ચઢ ગીયા,**
**દીદાર પીયાકા તું વાં ભી નાં લીયા.**

(જો કદાચ તું સાતમા આસમાન સુધી ચઢીને પહોંચી જાય અને ત્યાં પણ તને તારા પીયુજીના દીદાર ના થાય...)

**તો એ ચઢ જાંના સો ફોગટ ફેરા,**
**જો રે પીયુ તુજથી રહ્યા રે અનેરા.**

(...તો સાતમા આસમાન સુધી ચઢવાની તારી મહેનત ફોગટ સાબિત થશે, જો તારો પીયુજી તારાથી અલગ રહ્યો તો.)

**તો વે રે કાંમ કરના જે પીયુજી કું ભાવે,**
**તો હકીકતી તબ જા તું રે સુખ પાવે.**

(અય હકીકતી ! તારા પીયુજીને જે પસંદ હોય એવું કામ તારે કરવાનું છે અને ત્યારે જ તું સુખ પ્રાપ્ત કરી શકીશ.)

**ધન વે રે મંના જે પીયુજીકું રિઝાવે,**
**પીત કમા કર આપ તન લાવે.**

(ધન્ય છે એ મનને કે જે પોતાના પીયુજીને રિઝવે, રાજી કરે કેમકે તે પ્રીતની કમાણી કરીને પોતાના તનમાં લાવે છે.)

**ઉસ બિના અવર સુખ કછુએ નાં કહીએ,**
**જો પીયુ અપના આપ તનમાં લહીએ.**

(જ્યાં સુધી પીયુજીને પોતાના તનમાં લાવવામાં ન આવે ત્યાં સુધી તેના વગર બીજું કોઈ સુખ છે જ નહીં.)

**જે સધ રે સુહાગણ, ઉસકા રે કાંમા,**
**કે પીયા બિના અવર નાં લેવે રે નાંમા.**

(આ તો સૌભાગ્યશાળી સુહાગણ સધવા સ્ત્રીનું જ કામ છે કે જે પોતાના પીયુજી વગર

બીજા કોઈનું નામ લેતી નથી.)

**એ તો હે સાધુ, સતીયોંકી રે'ણી,**
**કે પીયા બિના બાતાં અવર નાં કે'ણી.**

(પીયુજી વગર બીજા કોઈની વાતો ન કહેવી એ તો સાધુ લોકોનું, સતી લોકોનું અર્થાત્ સત્યના માર્ગે ચાલનારાઓનું જ કામ છે.)

**બોત જ ખુબી હે પીયાજી રે માંહાં,**
**અવર કો એસા દુજા રે નાંહાં.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે પીયુજીમાં ખૂબ જ ખૂબીઓ સમાયેલી છે. એના જેવો ખૂબીઓવાળો બીજો કોઈ છે જ નહીં.)

**એ પીયા બિના અવર બાત ક્યું કિજે?**
**તો એસા કાંમ કરણા કે પીયુજી રે રીઝે.**


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

**::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::**

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસ્રામ, હેનોલેક્સ
**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

**ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે**

**૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન**
**૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**


(તો આ પીયુજી વગર બીજી વાતો શા માટે કરવી જોઈએ ? તો હંમેશાં એવાં કામ કરવાં જોઈએ કે જેનાથી પીયુજી આપણા પર રીઝી જાય, પ્રસન્ન થઈ જાય.)

**જ્યું કસ્તુરીકું રે મથ ફિર ફિર કસના,**
**તો બોત બોત ઉપજે ઉસ માંહેથી બાસના.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કસ્તૂરીનું દૃષ્ટાંત આપીને સમજાવે છે કે જેમ જેમ કસ્તૂરીને વધુને વધુ પ્રમાણમાં પીસવામાં આવે છે તેમ તેમ તેમાંથી વધારે ને વધારે ખુશ્બૂ આવે છે. પીયુજીની પ્રીતનું પણ એવું જ છે.)

**પીયા નાંમ આપ તન યું કર રાખે,**
**નિત તન મથ મથ યું કર આખે.**
**-: રે તુંહી :-**

(તો પીયુજીનું નામ પોતાના તનમાં આવી રીતે રાખવું જોઈએ અને હર હંમેશ તન સાથે મથન કરીને 'તું જ છે' એવું કહેતા રહેવું જોઈએ.)

**નાં રાખીએ આપ તનથી, પીયુ બિના અવર ઉમેદ રે,**
**પીયુ બિના અવર ઉમેદ;**
**જો હકીકતી હકીકતમાં રહે, તો સુન તું ઉસકા ભેદ રે,**
**તો સુન તું ઉસકા ભેદ.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે પીયુજીની ઉમેદ વગર પોતાના તનમાં બીજી કોઈ ઉમેદ રાખવી જોઈએ નહીં. જો હકીકતી માણસ હકીકતમાં જ રહે તો જ તેનો ભેદ પામી શકે છે.) ❋

# નબવી અદાલત

**કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજતેહાદી**

**ચુકાદો નંબર-૧૮**

### ફરઝંદ માતાની પાસે રહે

હદીસથી સાબિત છે કે રસૂલે કરીમ(સ.) એ ફરમાવ્યું,

'કોઈ માતાને પોતાના બાળકની બાબતમાં પરેશાન ન કરવામાં આવે.'

વળી આપ(સ.)થી એવી પણ રિવાયત છે કે જે માણસ માતા અને બાળકની વચ્ચે જુદાઈ કરાવશે તો ખુદાવંદે આલમ મહેશરના દિવસે તેના અને તેના જિગરી દોસ્તોની વચ્ચે જુદાઈ કરાવી દેશે.

જાફર બિન મોહંમદથી રિવાયત છે કે જ્યારે રસૂલે કરીમ(સ.)ની પાસે કેદીઓ આવતા તો આપ(સ.) તે બધાને એક સફમાં ઊભા કરતા અને તેમના તરફ ધ્યાનથી જોતા. જ્યારે કોઈ ઓરતને રડતી જોતા તો ફરમાવતા,

'તું શા માટે રડી રહી છે ?'

તે કહેતી,

'મારા છોકરાને (અથવા છોકરીને) વેચી દેવામાં આવેલ છે.'

એ વખતે રસૂલે કરીમ(સ.) હુકમ આપતા,

'આને આનું બાળક પાછું આપી દેવામાં આવે.'

અને જાફર બિન મોહંમદ રાવી છે કે અબૂ અસીદ અન્સારી બહરૈનથી કેટલાક કેદીઓને રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં લાવ્યા. આપ(સ.)એ તેમને એક સફમાં ઊભા કર્યા. એ વખતે આપની નજર એક ઓરત પર પડી કે જે રડી રહી હતી.

આપ(સ.)એ તેણીને પૂછ્યું,

'તું શા માટે રડી રહી છે?'

તેણીએ કહ્યું,

'મારું બાળક બની અબસ (કબીલા)માં વેચાઈ ગયું છે.'

એ વખતે રસૂલિલ્લાહ(સ.)એ અબૂ અસીદને ફરમાવ્યું,

'તમે હાલને હાલ સવાર થઈને જાઓ અને જે કિંમત પર તેને વેચવામાં આવ્યું હોય એ જ કિંમત ઉપર તેને ખરીદ કરી દો અને તેને આ ઓરત સાથે મિલાવી દો.'

આ સાંભળીને અબૂ અસીદ ગયા અને તે (બાળક)ને લઈ આવ્યા.

હુસૈન બિન અબ્દ પોતાના દાદા ઝમીરાથી રિવાયત કરે છે કે એક વખત રસૂલે કરીમ(સ.) ઝમીરાની માતાની પાસે થઈને પસાર થયા. જોયું કે તેણી રડી રહી છે. આપ(સ.)એ ફરમાવ્યું,

'તું શા માટે રડી રહી છે ? શું તું ભૂખી છે ? અથવા તો તારે પોષાકની હાજત છે ?'

આ સાંભળીને ઉમ્મે ઝમીરાએ કહ્યું,

'યા રસૂલલ્લાહ ! મારા બાળકને મારાથી જુદુ કરી દેવામાં આવ્યું છે.'

એ જ વખતે રસૂલે કરીમ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'બાળકને માતાથી અલગ કરવું ન જોઈએ.'

પછી એક શખ્સને તે માણસની પાસે મોકલ્યો કે જેની પાસે ઝમીરા હતો અને તેની પાસેથી એક ઊંટના બદલામાં તેને ખરીદી લીધો.

ઈબ્ને અબી ઝઅબ કહે છે કે ત્યાર પછી મને એક લખાણ વંચાવ્યું અને એ લખાણ આ મુજબ હતું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ.

આ લખાણ અલ્લાહના રસૂલ મોહંમદ(સ.) તરફથી અબૂ ઝમીરા અને તેમના ખાનદાન માટે છે. ખબર આપવામાં આવે છે કે રસૂલલ્લાહ(સ.) એ તેમને આઝાદ કરી દીધા છે અને તેઓ અરબના ખાનદાનથી છે. જો તેઓ ઈચ્છે તો રસૂલે કરીમ(સ.)ની પાસે રહે અને જો એવું પસંદ કરે તો પોતાના કબીલાવાળાઓની પાસે ચાલ્યા જાય. તેમને હક સિવાય બીજું કંઈ કહેવામાં નહીં આવે અને મુસલમાનોમાંથી જે પણ તેમની સાથે મુલાકાત કરે તેમને નેકીની વસિયત અને હિદાયત કરે.'

આ લખાણને અબી કઅબે લખ્યું છે.

## ચુકાદો નંબર-૧૯

### સામ્યતાઓ

હઝરત આઈશા(રઝી.)થી રિવાયત છે કે ઉતબા બિન અબી વક્કાસે પોતાના ભાઈ સઅદને કહ્યું,

'ઝમ્આની લોંડીનો બેટો મારો છે. તેને તમારી હિફાઝતમાં રાખજો.'

જ્યારે ફત્હે મક્કાનું વર્ષ આવ્યું તો સઅદે તે છોકરાને પકડી લીધો અને કહ્યું,

'આ મારા ભાઈનો બેટો છે અને તેમણે આની બાબતમાં મને વસિયત કરી હતી.'

અબ્દ બિન ઝમ્આએ કહ્યું,

'આ મારો ભાઈ છે કેમકે તે મારા બાપની લોંડીનો દીકરો છે કે જે મારા બાપના બિસ્તર ઉપર પેદા થયેલો છે.'

ત્યાર પછી બન્ને જણા રસૂલે ખુદા(સ.) ની ખિદમતમાં હાજર થયા અને આખો ય કિસ્સો કહી સંભળાવ્યો.

સઅદે કહ્યું,

'યા રસૂલલ્લાહ ! આ મારા ભાઈનો દીકરો છે અને તેમણે મને આના વિષે કહ્યું હતું.'

અબ્દ બિન ઝમ્આએ કહ્યું,

'આ મારો ભાઈ છે અને મારા બાપની લોંડીનો છોકરો છે અને તેમના બિસ્તર ઉપર પેદા થયેલો છે.'

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'અય અબ્દ બિન ઝમ્આ ! આ તારો જ ભાઈ છે.'

પછી ઈરશાદ થયો,

'બાળક બિસ્તર સાથે સંકળાયેલું છે અને ઝાની (વ્યભિચારી)ના માટે પથ્થર છે.'

પછી રસૂલે કરીમ(સ.)એ પોતાની પત્ની સૌદા બિન્તે ઝમ્આને ફરમાવ્યું,

'આનાથી પડદો રાખતાં રહેજો.'

કેમકે આપ(સ.)એ તેમાં ઉતબા બિન અબી વક્કાસની સાથે સામ્યતા મહેસૂસ કરી.

હઝરત આઈશા(રઝી.અ.) કહે છે,

'ત્યાર પછી તેણે સૌદાને જોયાં નહીં એટલે સુધી કે તે વફાત પામ્યાં.'

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૭૫ સૂરએ કેયામહ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : તે દિવસે તારા પરવરદિગાર તરફ જ (સર્વેની) કૂચ થશે. (૩૦)

છતાં તેણે ન સત્યનો સ્વીકાર કર્યો ન નમાઝ પઢી. (૩૧)

બલ્કે જૂઠલાવ્યા કર્યું અને (ઈમાનથી) મોઢું ફેરવ્યા કર્યું. (૩૨)

પછી તે પોતાના બાલ-બચ્ચાં તરફ હેકડાતો ગયો. (૩૩)

અફસોસ છે તારા માટે ફરી પણ અફસોસ છે. (૩૪)

પછી પણ અફસોસ છે તારા માટે, ફરી પણ અફસોસ છે. (૩૫)

તે દિવસે તારા પરવરદિગાર તરફ જ સર્વેની કૂચ થશે. આ આયતનો સંબંધ છઠ્ઠી આયત સાથે છે તેમાં આવ્યું છે કે ઈન્સાન અથવા અદી સવાલ કરે છે કે કયામત કયારે છે તો ખુદા ફરમાવે છે કે ન તેણે સત્યનો સ્વીકાર કર્યો અને ન નમાઝ પઢ્યો. તેણે પયગમ્બરને જૂઠલાવ્યા અને હક રસ્તાથી મોઢું ફેરવી લીધું.

પછી તે અદી પોતાના સગા-વહાલાઓ તરફ ઈતરાતો અને મગરૂર થતો ચાલ્યો ગયો અને કહેતા હતો કે મેં મોહંમદ(સ.)ને જૂઠલાવ્યા છે અને તેનું કહેવું માન્યું નથી.

પછી અદીને કહેવામાં આવે છે કે અય કાફર, દુનિયામાં તારા માટે હલાકત અને કબરમાં અઝાબ છે.

અબુજહેલ મલઊન હઝરત રસૂલે ખુદા(સ.) સાથે બીજા મુશરિકો કરતાં વધારે દુશ્મની રાખતો હતો. કહે છે કે ૩૧ થી ૩૫ સુધીની આયતો તેના વિષે કુદરતે નાઝિલ ફરમાવી છે કે તેણે માલમાંથી સદકો આપ્યો નહીં નમાઝ પઢી નહીં વગેરે. જ્યારે હઝરતે તેને ૩૪મી અને ૩૫મી આયત સાંભળાવી તો કહેવા લાગ્યો કે મને કઇ ચીજથી ડરાવે છે ? તારામાં અને તારા ખુદામાં મને તકલીફ આપવાની કોઇ શકિત નથી, બદરની લડાઈમાં અબુજહેલ પરાજય થઇને જખ્મી થયો. અબ્દુલ્લાહ બિન મસૂદ કે જે વૃધ્ધ હતો અને લડી શકતો ન હતો તે માર્યા ગયેલા અને ઘવાયેલાની આસપાસ ફરતો હતો. જે કાફરમાં જરા પણ જીવ હોય તેનું માથું તે કાપી નાખતો. તેણે અબુ જહેલને પહેલો જોયો તો તેની પીઠ ઉપર પગ રાખ્યો. અબુ જહેલે આંખ ખોલીને કહ્યું કે અય અબ્દુલ્લાહ! તેં ઘણી જ ઊંચી જગ્યા ઉપર પગ મૂક્યો છે અને તું મને કતલ કરીશ તે જાણું છું. મારી ત્રણ વસિયતો છે તે કબૂલ કર, પહેલી વસિયત એ કે મોહંમદ(સ.)ને કહેજે કે આ દુનિયામાં હું તેનાથી વધારે બીજા કોઇને દુશ્મન રાખતો નથી, બીજું એ કે મારી તલવારથી મને કતલ કરજે અને ત્રીજું એ કે મારૂં માથું મારી

છાતી પાસેથી કાપજે કે જેથી મોહંમદ(સ.)ને ખુશી થાય. આ સાંભળીને અબ્દુલ્લાહે કહ્યું કે તું મોહંમદ(સ.)ને દુશ્મન રાખે છે તેથી ખુદા તને વધારે દુશ્મન રાખે, ખુદાની કસમ હું તને મારી તલવારથી કતલ કરીશ અને તારૂં માથું દાઢી પાસેથી કાપીશ કે તું બધાથી વધારે તુચ્છ અને હલકો ગણાય. પછી તેણે માથું કાપ્યું અને તેને લઈ જવાની શકિત ન હોવાથી દોરડી વડે બાંધી ખેંચતો ખેંચતો હઝરતની પાસે લઈ ગયો તેથી હઝરતે તેને જન્નતની ખુશખબરી આપી અને ફરમાવ્યું કે દરેક ઉમ્મતમાં એક ફિરઓન હોય છે અને મારી ઉમ્મતમાં ફિરઓન અબુજહેલ હતો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : શું મનુષ્ય એમ ધારે છે કે તને વગર તપાસે અમસ્તો છોડી દેવામાં આવશે ? (૩૬)

શું તે વીર્યનું એક બિંદુ ન હતો, જે (ગર્ભસ્થાનમાં) નાખવામાં આવ્યું હતું ? (૩૭)

પછી તે બાઝી ગયેલું લોહી બની ગયું, પછી તેણે તેનો ઘાટ ઘડ્યો, પછી તેને સંપૂર્ણ (માનવી) કરી નાખ્યો. (૩૮)

પછી તેમાં જ બે જાતો પેદા કરી (યાને) નર અને માદા. (૩૯)

તો શું તે (અલ્લાહ) આ ઉપર કાબૂ ધરાવતો નથી કે મુડદાને સજીવન કરે ? (૪૦)

શું ઈન્સાન એમ ધારે છે કે તેને તેના આમાલની પૂછપરછ કર્યા વગર એમ જ છોડી દેવામાં આવશે ?

શું ઈન્સાન એક વીર્યનું બિંદુ ન હતો જે ગર્ભસ્થાનમાં નાખવામાં આવ્યું હતું.

પછી તે બાઝી ગયેલું લોહી બની ગયું, પછી તેનો ઘાટ ઘડયો અને પછી તેને સંપૂર્ણ ઈન્સાન બનાવ્યો.

પછી તેમાંથી બે જાતો પેદા કરી ; એક નર અને એક માદા.

એ ખુદા આ પ્રમાણે સર્જન કરે છે અને મૃત્યુ પામેલાઓને સજીવન કરવાની શકિત ધરાવે છે. હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે જે કોઈ આ આયત વાંચે તો કહે છે કે 'સુબ્હાનકલ્લા હુમ્મ બલા' (અય મારા પરવરદિગાર તું પાક છે હા) હઝરત રસૂલે ખુદા(સ.) ઉપર આ આયત નાઝિલ થઈ ત્યારે તેમણે પણ તે જ પ્રમાણે કહ્યું હતું. ✻


**RJ ADVISORY**

*Zaroorat Tamari, Salah Amari !*

| | |
|---|---|
| ✤ Mutual Funds | ✤ મ્યુચ્યુઅલ ફંડ |
| ✤ FDs / Bonds | ✤ એફ.ડી/બોન્ડસ |
| ✤ Life Insurance | ✤ લાઈફ ઈન્સ્યોરન્સ |
| ✤ Health Insurance | ✤ હેલ્થ ઈન્સ્યોરન્સ |
| ✤ Tax Planning | ✤ ટેક્ષ પ્લાનીંગ |

દરેક પ્રકારના રોકાણને લગતી સચોટ માહિતી માટે આજે જ સંપર્ક કરો

Abbasali Mava
Mo. 9974004161
EMAIL : gomzee_abs@yahoo.com

Zahirabad, Bh. Fatema Girls Hostel,
Po. Savgadh, Ta. Himatnagar Dist. S.K.

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત **'અર્જહુલ મતંલિબ'**નો અનુવાદ

**જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન**

**ઔલાદે સાલેહ**

(ગતાંકનું ચાલુ)

**જનાબે ઈમામ હસન(અ.)ની ખિલાફતનું બયાનઃ**

(૧૦) અને આપને આપની બીબી જોઅદા બિન્તે અશઅસ બિન કૈસ અલ કન્દીએ ઝેર આપ્યું અને એક ટોળાનો કોલ છે કે આ ઝેર આપવાનું કાર્ય અમીર મોઆવિયાના ષડયંત્રથી થયું હતું.

(૧૧) એવું વર્ણન કરેલ છે કે આપની બીબી જોઅદાએ આપને ઝેર આપ્યું એમાં મોઆવિયાનું ષડયંત્ર હતું કે અગર તું કોઈ પણ રીતે જનાબે ઈમામ હસન(અ.)ને કતલ કરીશ તો હું તને એક લાખ દિરહમ મોકલીશ અને યઝીદની સાથે તારા નિકાહ કરાવીશ. તેથી આવા ફરેબથી તેને જનાબે ઈમામ હસન (અ.)ને ઝેર આપવા માટે ઉશ્કેરી હતી. જ્યારે ઈમામ(અ.) રહેલત ફરમાવી ગયા તો અમીર મોઆવિયાએ વાયદા મુજબ માલ તેની પાસે મોકલી દીધો અને કહેણ મોકલ્યું કે હું યઝીદની જિંદગીનો ખ્વાહિશમંદ છું અગર એ બાબતનો ડર ન હોત તો મેં તારા નિકાહ તેની સાથે કરાવી દીધા હોત.

(૧૨) ફઝલ બિન અબ્બાસ કહે છે કે અબ્દુલ્લાહ બિન અબ્બાસ મોઆવિયાને સિફારિશ કરવા માટે તેની પાસે ગયેલા હતા. તેઓ નકલ કરે છે કે હું મસ્જિદમાં હતો એવામાં મોઆવિયાએ તકબીર બુલંદ કરી અને કસ્રે ખિઝરાના લોકો પણ તકબીર કહેવા લાગ્યા. અને તેમનો અવાજ સાંભળીને મસ્જિદના લોકો પણ તકબીર પઢવા લાગ્યા. આ સાંભળીને ફાખ્તા બિન્તે કુર્તા પોતાની ખડકીમાંથી બહાર નીકળી અને કહ્યું, અય અમીરે ખુદા ! તમને ખુશ રાખે, એવી કઈ ખબર મળી છે કે જેના કારણે તમે ખુશ થયા છો ? મોઆવિયાએ કહ્યું, જનાબે હસન(અ.)ના મોતની ખબરથી ખુશ થયો છું. ફાખ્તા તો ઈન્નાલિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન કહીને રડવા લાગી અને કહેવા લાગી, અફસોસ છે કે મુસલમાનોના સરદાર અને રસૂલે રબ્બુલ આલમીનની બેટીનો બેટો મૃત્યુ પામ્યો છે. મોઆવિયાએ કહ્યું, કસમ ખુદાની, તે એના માટે જ લાયક જ હતા કે જે મેં કંઈ કહ્યું છે. તે કદાપિ એના માટે લાયક ન હતા કે કોઈ તેમના ઉપર રડે. આ સમાચાર ઈબ્ને અબ્બાસ સુધી પહોંચ્યા. તેઓ આરામ કરીને મોઆવિયાની પાસે ગયા. મોઆવિયાએ કહ્યું, અય ઈબ્ને અબ્બાસ ! મને એ ખબર પડી છે કે હસન બિન અલીનો ઈન્તેકાલ થઈ ગયો છે. અબ્દુલ્લાહ બિન અબ્બાસ કહેવા લાગ્યા, અચ્છા, તો તેં એટલા માટે તકબીર પઢી હતી?

મોઆવિયાએ કહ્યું, હા. ઈબ્ને અબ્બાસે કહ્યું, અલ્લાહ કસમ! જો એ મરી ગયા છે તો તું પણ બાકી નહીં રહે અને અગર અમે મરી જઈશું તો સૈયદુલ મુર્સલીન અને ઈમામુલ મુત્તકીન અને રસૂલે રબ્બુલ આલમીનની પાસે પહોંચી જઈશું. પછી ખુદાવંદે તઆલા અમારા જખમોની મલમપટ્ટી કરશે અને અમારાં આંસુ લૂછવામાં આવશે. મોઆવિયા કહેવા લાગ્યો, તારા ઉપર અફસોસ છે, અય ઈબ્ને અબ્બાસ ! મેં કદી પણ તારી સાથે વાતચીત કરી નથી કે તને તૈયાર ન જોયો હોય.


**જનાબે ઈમામ હુસૈન(અ.)નાં ગુણગાન :**

(૧) લૈસ બિન સઅદ કહે છે કે જનાબે હુસૈન(અ.) હિજરીના ચોથા વર્ષના થોડાક દિવસો પસાર થયા હતા ત્યારે પેદા થયા હતા.


ખુશખબર... ખુશખબર...

**થરાદરા મહેંદીહસન** મો. ૯૪૨૬૪૭૨૪૨૯
મો. ૯૮૨૪૨૦૦૩૪૦

**નૂર ઈલેક્ટ્રીક વર્ક્સ**



**લાઈટ ફીટીંગ, પલ્મ્બર ફીટીંગ તથા ગેસ રીપેરીંગ કરી આપવામાં આવશે.**

**હોટલનો ગેસ સામાન મળશે.**

**ગ્રાહકને સંતોષકારક કામ કરી આપીશું**

**૧૧૭, સામર્થ્ય કોમ્પલેક્ષ,**
**તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.**


(૨) ઝુબૈર બિન બકાર કહે છે કે ઈમામ હુસૈન(અ.) શાબાનની પચ્ચીસમી તારીખે હિજરતના ચોથા વર્ષે જન્મ્યા હતા.

(૩) જનાબ ઈમામ જાફર સાદિક(અ.) બિન મોહંમદ બાકિર(અ.)થી મનકૂલ છે કે હુસૈન(અ.)ના હમલ અને ઈમામ હસન(અ.)ની વિલાદતમાં અંતર એક તુહર (હૈઝની હાલતની સમાપ્તિ)નું હતું.

(૪) અને કુતાદા કહે છે કે જનાબે ઈમામ હુસૈન(અ.), જનાબે ઈમામ હસન(અ.)ની વિલાદતના એક વર્ષ અને દસ મહિના પછી જન્મ્યા છે. આમ જનાબે ઈમામ હુસૈન(અ.) હિજરતથી સાડા છ મહિના પછી પેદા થયા.

(૫) વાકદી(રહે.અ.) કહે છે કે જનાબે હુસૈન(અ.)નો ઉલૂક (ગર્ભધારણ) હસન(અ.)ના (જન્મના) માત્ર પચાસમી રાત પછી થયો હતો. અલ્લામા ઈબ્ને હજરે તેને અસાબા ફી તમીઝ અલ સહાબામાં લખ્યું છે અને નઝલુલ અબરારમાં અલ્લામા બદખશી લખે છે કે બધી રિવાયતોમાં આ રિવાયત રાજેહ (બેહતર) છે.

(૬) કેટલીક રિવાયતોનો એવો કોલ છે કે જનાબે હુસૈન(અ.) છ મહિના પછી પેદા થયા હતા.

(૭) જ્યારે જનાબે ઈમામ હુસૈન(અ.) જન્મ્યા તો આં હઝરત(સ.)એ તેમના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત કહી અને સાતમા દિવસે ખત્ના કર્યા અને એક ઘેટાનો અકીકો કર્યો બે ઘેટા ઝુબ્હ કર્યા અને જનાબે ફાતેમા(અ.)ને ફરમાવ્યું, આ બાલોનું વજન કરીને તેના બરાબર ચાંદીની ખેરાત કરો અને દાઈને અકીકાના પાયા (પગ) આપો.(ક્રમશ:)



# હિજાબ

:::: લેખક ::::
સૈયદ મોહંમદ રિઝવી
:::: પ્રકાશક ::::
જાફરી ઈસ્લામિક સેન્ટર, કેનેડા

## પ્રકરણ-૩

### સુન્નત અને હિજાબ

હઝરત મોહંમદ પયગમ્બર(સ.)નાં બોધવચનો(અક્વાલ) અને આપ(સ.)એ અમલમાં મૂકેલાં કાર્યોને સુન્નત કહેવામાં આવે છે, તે છે ઈસ્લામી કાનૂનોનું બીજું પ્રાપ્તિ સ્થાન. પયગમ્બર(સ.)ના જીવનનો અભ્યાસ કર્યા વગર કુરાનને સાચી રીતે સમજવું અશક્ય છે કેમકે આપની જિંદગીએ એવા સંદર્ભો પૂરા પાડ્યા છે કે જે દરમિયાન કુરાને પાકને પ્રગટ કરવામાં આવ્યું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

'અને અમે તારા ઉપર પણ (અય મોહંમદ !) આ કુરાન ઉતાર્યું છે એ માટે કે જે તેમની તરફ ઉતારવામાં આવ્યું છે તેમને તું સ્પષ્ટ કરીને જણાવી દે કે જેથી તેઓ ચિંતવન કરે.' (કુરાન, ૧૬:૪૪)

આ આયતમાં જે 'સ્પષ્ટતા'ની વાત કરવામાં આવી છે તેનું નામ જ છે સુન્નત.

કહેવાતા પ્રગતિવાદી અને સ્વચ્છંદી થઈ ગયેલા મુસલમાનોમાં એવો દાવો કરવાનું વલણ જોવા મળે છે કે તેઓ તો માત્ર કુરાનને જ અનુસરે છે અને નબી(સ.)ની સુન્નતની અવગણના કરે છે. આવા મુસલમાનોને જવાબ આપતાં ડૉ.મુરાતા (Murata) અને ડૉ. ચિટ્ટિક (Chittick) લખે છેઃ 'અમે સંપૂર્ણપણે સજાગ છીએ કે ઘણા સમકાલીન મુસલમાનો એવી બાબતોથી કંટાળી ગયા છે કે જેને તેઓ જૂનવાણી માહિતી ગણે છે, તેમને તેમની બુધ્ધિનો વારસો ત્યજી દેવાની ઈચ્છા છે અને તેના સ્થાને સાચા 'વૈજ્ઞાનિક' પ્રયાસો જેવા કે સમાજશાસ્ત્રને મૂકવાની ઈચ્છા છે, એવો દાવો કરીને કે ઈસ્લામી બૌધ્ધિક વારસો બિન જરૂરી છે અને કુરાન જ કાફી છે, આવા લોકો જમાનાઓના હવાને તાબે થઈ ગયા છે. મહાન સત્તાધારીઓએ જે બાબતોનું અનુસરણ કર્યું હતું તેના કરતાં તો આ સાવ જુદું જ સાહસ છે, કે જે સત્તાધારીઓએ પોતાના વર્તમાનનું મહાન હદીસોની રોશનીમાં અર્થઘટન કર્યું હતું અને જેઓ કદી પણ આધુનિકતાનો ભોગ બન્યા ન હતા કારણ કે આધુનિકતા એ તદ્દન નિરર્થક બાબત છે. એમાં માણસ ગુમરાહ થઈ જાય છે. [7]

શીઆહ લોકોની દૃષ્ટિએ અહલે-બૈત(અ.)ના - ઈમામોનાં બોધવચનો, પયગમ્બર (સ.)ની સાચી સુન્નતનું ચિત્ર રજૂ કરે છે અને વધુમાં કુરાનની આયતોના અર્થની સ્પષ્ટતા પણ કરે છે. પયગમ્બર(સ.) એ પોતે જ અહલે-બૈત(અ.)ને બે કુરાનોમાંના એક કુરાન તરીકે પેશ કરેલ છે.[8]

*****

અહલે-બૈતના ઈમામોનાં બોધવચનો (અક્વાલ) પૈકીનાં નીચેનાં બે બોધવચનો ઉદાહરણ તરીકે અહીં રજૂ કરવામાં આવ્યાં છે :

અલ ફુદૈલ બિન યાસરે ઈમામ અલ સાદિક(અ.)ને સ્ત્રીઓના કોણીથી કાંડા સુધીના હાથના ભાગ

વિષે પૂછ્યું કે શું આ ભાગોનો 'સુંદરતા'માં સમાવેશ થાય છે ખરો જેવું કે સર્વશક્તિમાન અલ્લાહે તેનું વર્ણન કરેલ છે ? તે (અલ્લાહ) ફરમાવે છે; 'અને તેમણે પોતાની સુંદરતાને પ્રદર્શિત કરવી ન જોઈએ સિવાય તેમના શૌહરોના...' ઈમામ(અ.)એ જવાબ આપ્યો, 'હા, અને માથાને ઢાંકતા પડદા (ખિમાર)ની નીચે જે કંઈ છે તે સુંદરતામાં (ગણાય) છે (જેમકે આયતમાં ઉલ્લેખ થયેલ છે) અને વળી કાંડાના પટ્ટાઓની નીચે જે કંઈ છે તે પણ.'(9) આ પ્રમાણભૂત હદીસમાં કોઈ પણ સ્પષ્ટપણે જોઈ શકે છે કે ઈમામ(અ.)એ ચહેરાને અને (આંગળીઓથી કાંડા સુધીના) હાથને બાકાત રાખેલ છે પરંતુ બાકીની દરેક વસ્તુને (સુંદરતામાં) ગણી છે જેમકે 'સુંદરતાને પ્રગટ ન થવા દેવી જોઈએ સિવાય કે તેમના શૌહરોની આગળ.'

અબુ નસ્ર અલ-બઝિન્લી ઈમામ અલી રિઝા(અ.)ના શબ્દોને નીચે મુજબ ટાંકે છે : 'સ્ત્રીએ, એવા છોકરાની હાજરીમાં કે જે હજુ બાલિગની ઉંમરે ન પહોંચ્યો હોય, પોતાનું માથું ઢાંકવાનું નથી.(10) આ વિધાનનો મતલબ દેખીતો છે કે એક વાર જો કોઈ છોકરો કે જે તે સ્ત્રી સાથે સંબંધ ન ધરાવતો હોય તે જો બાલિગની ઉંમરે પહોંચેલો હોય તો તેણીએ તેની હાજરીમાં પોતાના માથાને ઢાંકવું પડે.

સુન્ની અકીદાઓનાં વિચારજૂથોના સ્થાપકો પણ આ બાબતમાં એકમત છે. માલિકી, હનફી, શાફઈ અને હંબલી વિચારજૂથોના મત અનુસાર સ્ત્રીનું આખું શરીર 'અવરાહ' છે તેથી તેને ચહેરા અને (કાંડા સુધીના) હાથ સિવાય ઢાંકી દેવું જોઈએ.(11)

*****

ઉપર જેની ચર્ચા થઈ ગઈ તે બન્ને આયતોને ભેગી કરવામાં આવે તો તે સ્પષ્ટપણે બતાવે છે કે મુસ્લિમ મહિલા માટેના અદબવાળા ડ્રેસ કોડ તરીકે હિજાબ કુરાનની તાલીમનો એક ભાગ છે. આ બાબત પયગમ્બર મોહંમદ(સ.) કેવી રીતે સમજ્યા અને તેમણે મુસલમાન સ્ત્રીઓને કેવી રીતે અમલમાં મૂકવાનું કહ્યું તેનાથી વળી આ મુદ્દાને વધુ સમર્થન મળે છે. અહલે-બૈતના ઈમામો અને ઈસ્લામની શરૂઆતની પેઢીઓના મુસ્લિમ વિદ્વાનો પણ કુરાનને કેવી રીતે સમજ્યા તે બાબતથી પણ આ મુદ્દાને વધારે બળ મળે છે.(12)

આ એક એવી સમજણ છે કે જેને છેલ્લી ચૌદ સદીઓથી મુસલમાનો દ્વારા સતત બહાલી આપવામાં આવેલી છે અને, બેહૂદી બાબત તો એ છે કે હવે આપણે ઈસ્લામના કહેવાતા કેટલાક નિષ્ણાતોને એવું કહેતા સાંભળીએ છીએ કે હિજાબને ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી, આ તો માત્ર એક સભ્યતા અંગેનો મુદ્દો છે અને વ્યક્તિગત પસંદગીની બાબત છે.

**Notes:**

[7] Sachiko Murata & William C. Chittick, *The Vision of Islam* (St. Paul, MN: Paragon House, 1995) p. xi.

[8] For more information on the *sunna* and also the connection between the Qur'an and the Ahlul Bayt, see my *Introduction to Islamic Laws*.

[9] Al-Kulayni, *al-Furu' mina 'l-Kafi,* vol. 2, p. 64.

[10] As-Saduq, *Man la Yahduruhu 'l-Faqih,* vol. 2, p. 140; *Qurbu 'l-Asnad,* p. 170. See *Wasa'ilu 'sh-Shi'ah,* vol. 14 (Beirut: Dar at-Turath al-'Arabi, n.d.) p. 169.

[11] 'Abdu 'r-Rahman al-Juzari, *al-Fiqh 'ala 'l-Madhahibi 'l-Arba'ah,* vol. 5 (Beirut: Daru 'l-Fikr, 1969) p. 54-55.
[12] Besides the references quoted earlier, also see at-Tabrasi, *Majma'u 'l-Bayan,* vol. 7-8, p. 138, 370; at-Tusi, *at-Tibyan,* vol. 8, p. 361; Fakhru 'd-Din ar-Razi, *at-Tafsiru 'l-Kabir,* vol. 23, p. 179-180.

## પ્રકરણ-૪

## ઈસ્લામી તહઝીબ (સભ્યતા) અને હિજાબની શૈલી

એ બાબત તદ્દન સંભવિત છે કે ઈસ્લામના આ બધા કહેવાતા નિષ્ણાતો અને મધ્યપૂર્વના લોકોએ જુદી જુદી કોમોના માહોલમાં રહેતી મુસ્લિમ સ્ત્રીઓ દ્વારા પહેરવામાં આવતા 'હિજાબ'ની સ્ટાઈલ (શૈલી) પરત્વે કુરાનની બુનિયાદી વ્યવસ્થામાં ગોટાળો ઊભો કર્યો છે.

હિજાબની જરૂરિયાત એ કુરાનનો હુકમ છે. મૂળભૂત જરૂરિયાતો તો એ છે કે કોઈ પણ મુસ્લિમ મહિલાએ પોતાના માથાને, છાતીને, 'ખિમાર'થી (માથાને ઢાંકતું કાપડ) ઢાંકવું જોઈએ અને પોતાના શરીરને 'જિલ્બાબ'(એક ખુલતા ઉપર પહેરવાના પોષાક)થી ઢાંકવું જોઈએ. અલબત્ત તેણી પોતાના ચહેરાને અને (આંગળીઓથી કાંડા સુધીના) હાથને ખુલ્લા રાખી શકે છે.(13)

જ્યારે તેની સ્ટાઈલ(શૈલી)ની અને 'ખિમાર' અને 'જિલ્બાબ'ના રંગ અને કાપડની વાત આવે છે ત્યારે દરેક મુસ્લિમ કોમવાળુ જૂથ પોતાની સભ્યતાવાળા માહોલ અનુસાર કુરાનના આદેશ પ્રમાણે અનુસરણ કરી શકે છે. કુરાની આદેશને અમલમાં મૂકવા માટેની શૈલીમાં આટલી બધી વિવિધતા એ કારણે છે કે ઈસ્લામ આખી દુનિયાનો ધર્મ છે. તેને કોઈ ધર્મના, જાતિના કે સભ્યતાના બંધનમાં બાંધી શકાશે નહીં. તેથી જ તો તમે જુઓ છો કે અરબસ્તાનમાં રહેતી મુસલમાન મહિલાઓ અબાયા(abaya) નો ઉપયોગ કરે છે, ઈરાની મહિલાઓ ચાદર(chador)નો ઉપયોગ કરે છે, અફઘાની મુસ્લિમ મહિલાઓ બુરખા(burqa)નો ઉપયોગ કરે છે, ભારત-પાકિસ્તાનની મુસ્લિમ મહિલાઓ નિકાબ(niqab) અથવા પડદા (purdah)નો ઉપયોગ કરે છે. મલેશિયન/ઈન્ડોનેશિયન મુસ્લિમ મહિલાઓ કેરુડુંગ (kerudung) નો ઉપયોગ કરે છે. પૂર્વ આફ્રિકન મુસ્લિમ મહિલાઓ બુઈબુઈ(buibui)નો અને હવે પશ્ચિમના દેશોમાં કેનેડાની મુસ્લિમ મહિલાઓ માથા ઉપર વધારે મોટો સ્કાર્ફ અને ખુલતા પોષાક સાથે પહેરાતા મુખ્ય પ્રવાહનાં કપડાંનો ઉપયોગ કરે છે.

'ખિમાર' અને 'જિલ્બાન'ની મૂળભૂત જરૂરિયાત જ્યાં સુધી સંતોષાતી હોય ત્યાં સુધી ઈસ્લામને તેની સ્ટાઈલ(શૈલી) સાથે કંઈ વાંધો નથી. આ એક એવી બાબત છે કે જ્યાં ધર્મ અને સભ્યતા એક બીજા સાથે પરસ્પર અસર પેદા કરતો હોય છે અને તેમાં જ ઈસ્લામી શરીઅતનું ગતિશીલ લક્ષણ સમાયેલું છે, અને આવી પરસ્પરની અસરો જ કદાચ ઈસ્લામના કેટલાક કહેવાતા નિષ્ણાતો કે જે ભૂલ થાપ ખાઈને એવું માને છે કે 'હિજાબ' એક સાંસ્કૃતિક પરંપરા છે અને તે ધાર્મિક જરૂરિયાત નથી.

**Notes:**

[13] ચહેરા ઉપર પડદો નાખી દેવો તે કંઈ 'હિજાબ'ના નિયમોની પ્રાથમિક જરૂરિયાત નથી. શીઆહ અને સાથે સાથે મોટા ભાગના સુન્ની મુફ્તિઓ એવું કહે છે કે ચહેરો તો ફક્ત ત્યારે જ ઢાંકવો જોઈએ કે જ્યારે 'ફિત્ના' થવાનો ભય હોય, એવી પરિસ્થિતિ પેદા થઈ હોય કે જે ગુના આચરવા તરફ દોરી જતી હોય. (ક્રમશ:)

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે બદ્ર

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછી આપે નૌફલ બિન ખોવેલ્દને પણ કતલ કરી દીધો. તેની ગણતરી કુરૈશના શયતાનોમાં થતી હતી. ત્યાર પછી આપે એક પછી એક (કુરૈશ)ને કતલ કરવા માંડયા. આવી રીતે જેટલા કાફિરો જંગે બદ્રમાં કતલ કરવામાં આવ્યા તેમાંથી અડધા અમીરુલ મોમિનીન (અ.)ની તલવારથી કતલ થયા હતા. કતલ થનારાઓની કુલ સંખ્યા ૭૧ હતી. અહીં એ બતાવી દેવું જરૂરી છે કે જંગે બદ્રમાં કુફ્ફારો સાથે લડવા માટે અલ્લાહ તઆલાએ ત્રણ હજાર ફરિશ્તાઓ મોકલ્યા હતા. તે ફરિશ્તાઓ અને મુસલમાનોએ ભેગા થઈને ૩૫ કાફિરોને કતલ કર્યા હતા જ્યારે હઝરત અલી(અ.)એ એકલાએ જ ૩૬ કાફિરોને જહન્નમ વાસિલ કર્યા હતા. આ કાર્ય આપે અલ્લાહની મદદથી કર્યું હતું અને તેની જ મદદથી સફળતા મળી હતી. ટૂંકમાં એ કે આપના મુબારક હાથોથી ઈસ્લામને ફતેહ નસીબ થઈ હતી. આ પ્રસંગે છેલ્લું આક્રમણ રસૂલિલ્લાહ(સ.)એ એવી રીતે કર્યું કે હુઝૂર (સ.)એ એક મુઠ્ઠી ભરીને ખાક ઊઠાવી અને કુફ્ફારના ચહેરા તરફ ફેંકી અને એવું ફરમાવ્યું કે તમારા ચહેરા બગડી જાય. ત્યાર પછી કુફ્ફારના પગ ઉખડી ગયા અને તે લોકો જંગના મેદાનમાંથી નાસી ગયા. આ ખુદાએ બારીની ઝાત હતી કે મુસલમાનોને હઝરત અલી(અ.) ના વસીલાથી અથવા તો એ મુસલમાનોના કારણે કે જેમણે કતલ ચલાવી હતી, કામયાબી મળી હતી. આ મુસલમાનો નબુવ્વતના ખાનવાદાના જ સભ્યો હતા. (અલ્લાહના દુરૂદો સલામ થાય નબી(સ.) પર અને તેમની આલ પર અથવા તો એ લોકો ઉપર કે જેઓ આ ગઝવામાં જેહાદ કરી રહ્યા હતા અને એ ફરિશ્તાઓ પર કે જેમને અલ્લાહે જંગમાં ભાગ લેવા માટે મોકલ્યા હતા.) અલ્લાહ તઆલાએ આ બાબતમાં ઈરશાદ ફરમાવ્યો, (અને ખુદાએ પોતાની મહેરબાનીથી) મોમિનીનને લડવાની નોબત આવવા ન દીધી અને ખુદા તો (મોટો) જબરદસ્ત અને ગાલિબ છે.'

શીઆહ અને સુન્ની બન્ને રિવાયતોએ કાફિરોના મકતૂલોના નામોનું સમર્થન કર્યું છે કે જેઓ અમીરુલ મોમિનીન(અ.)ની તલવારથી જંગે બદ્રમાં કતલ થયા હતા. (આ કતલ થયેલાઓની યાદી છે.) આ બાબતમાં રાવીઓએ કતલ થયેલાઓનાં જે વર્ણનો સુરક્ષિત કર્યાં છે તે આ મુજબ છે : (૧) વલીદ બિન ઉત્બા : જેવી રીતે કે વર્ણન કરવામાં આવ્યું છે, તે બહાદુર હતો શરમ વગરનો હતો, જાલિમ અને કાતિલ હતો, જેને જોઈને લોકો ધ્રુજતા હતા. (૨) આસ બિન સઅદ કે જે એવો ભયંકર આદમી હતો કે જેને જોઈને જંગના દિલેરો નાસી જતા હતા અને

તેને જોઈને ઉમર બિન ખત્તાબ ફરાર થઈ ગયા હતા. તેની બહાદુરીના કિસ્સા મશહૂર હતા. (જેનું વર્ણન ઈન્શાઅલ્લાહ પાછળથી કરવામાં આવશે.) (૩) તઈમા બિન અદી બિન નોફેલ. તે નીચ અને કાફિરોનો સરદાર હતો. (૪) નોફેલ બિન ખોવેલ્દ. તે પયગમ્બર(સ.)નો કટ્ટર દુશ્મન હતો. કુરૈશના લોકો તેનું ખૂબ સન્માન કરતા હતા અને તેના હુકમોનું પાલન કરતા હતા. આ એ માણસ હતો કે જેણે હિજરતના પહેલાં અબુબકર અને તલ્હાને મક્કામાં રોકી લીધા હતા અને બન્નેને દોરડાથી બાંધી દીધા હતા. અને એક દિવસ અને એક રાત તેમને તકલીફો આપી હતી જેથી તેઓ એ કાર્યમાં તેમની ભૂમિકા સમજી શકે કે શું રસૂલ(સ.) હિજરત કરવાનો નિર્ણય કરી ચૂકયા છે કે નહીં ? જ્યારે રસૂલે અકરમ(સ.)ને એ કાર્યની માહિતી મળી કે તે પણ કુફ્ફારોની સાથે જંગે બદ્રમાં શરીક છે તો આપે અલ્લાહ તઆલાથી દુઆ કરી કે અય અલ્લાહ ! તેને ગારત કરી દે. જ્યારે રસૂલે અકરમ(સ.) આવી બદદુઆ કરી રહ્યા હતા ત્યારે બિલકુલ એ જ સમયે અમીરુલ મોમિનીની(અ.)એ તેને કતલ કરી દીધો.

(૫) જમ્આ બિન અસ્વદ (૬) અકીલ બિન અસ્વદ (૭) હારિસ બિન ઝમ્આ (૮) નઝ્ર બિન હારિસ બિન અબ્દુદ્ દાર (૯) ઉમૈર બિન કઅબ બિન કાએમ (તલ્હા બિન ઓબયદુલ્લાહનો કાકો) (૧૦) ઉસ્માન (૧૧) માલિક (ઉસ્માન અને માલિક બન્ને ઓબયદુલ્લાહના બેટા હતા અને તલ્હા બિન ઓબયદુલ્લાહના ભાઈઓ હતા. (૧૨) મસઉદ બિન અબી અમીયા બિન મુગૈરા (૧૩) કૈસ બિન ફાકિહા બિન મુગૈરા (૧૪) હદીફા બિન હદીફા બિન મુગૈરા (૧૫) અબૂ કૈસ બિન વલીદ બિન મુગૈરા (૧૬) ખઝલા બિન અબી સુફયાન (૧૭) ઉમર બિન મખ્ઝૂમ (૧૮) અબુલ મંઝર બિન અબી રફાઅત (૧૯) મન્બા બિન હુજ્જાજ સહમી (૨૦) આસ બિન મન્બા (૨૧) અલ્કમા બિન કારહ (૨૨) અબુલ આસ બિન કૈસ બિન અદી (૨૩) મોઆવિયા બિન મુગૈરા બિન અબુલ આસ (૨૪) લૂઝાન બિન રબીઆ (૨૫) અબ્દુલ્લાહ બિન મંઝર (૨૬) મસઉદ બિન ઉમૈયા (૨૭) હાજિબ બિન સાએબ બિન ઉમૈર (૨૮) ઔસ બિન મુગૈરા બિન લૂઝાન (૨૯) ઝૈદ બિન મલીસ (૩૦) આસમ બિન અબી ઔફ (૩૧) સઈદ બિન વહલ (૩૨) મોઆવિયા બિન અબ્દુલ કૈસ (૩૩) અબ્દુલ્લાહ બિન જમીલ બિન ઝુહૈર બિન હારિસ બિન અસદ (૩૪) સાએબ બિન માલિક (૩૫) અબુલ હકમ બિન અખ્નુસ (૩૬) હિશામ બિન અબી ઉમૈયા બિન મુગૈરા.

આ છત્રીસ કતલ થનારાઓ છે કે જેમાં એ લોકો પણ શામેલ નથી કે જેમના મોતની બાબતમાં ઈખ્તિલાફ છે અથવા જેમને કતલ કરવામાં અમીરુલ મોમિનીન(અ.)ની સાથે બીજા મુસલમાનો પણ શરીક હતા. આવી રીતે જંગે બદ્રમાં જે લોકોને કતલ કરવામાં આવ્યા છે તેમાંથી અડધા કરતાંય વધારે આપ(અ.)એ હલાક કર્યા હતા.

અહીં એ રિવાયતોની ટૂંકમાં વાત કરવામાં આવી છે કે જેમને સતત દોહરાવવામાં આવી રહી છે અને એ રિવાયતોને ટૂંકમાં બયાન કરવાનું જરૂરી છે.

(શોઅબાએ અબી ઈસ્હાકના હવાલાથી અને તેમણે હારિસ બિન મુસર્રબના હવાલાથી બતાવ્યું છે કે તેઓ કહેતા હતા કે)

'મેં હઝરત અલી ઈબ્ને અબીતાલિબને એવું કહેતા સાંભળ્યા છે કે - 'જ્યારે અમે લોકો બદ્રમાં આવ્યા તો અમારામાંથી કોઈની પાસે ઘોડો ન હતો સિવાય કે અબ્દુલ્લાહ બિન અસ્વદના. એક રાત અમે બદ્રમાં ગુજારી. અમારામાંથી કોઈ આદમી એવો ન હતો કે જે એ રાત્રે ઊંઘ્યો હોય સિવાય રસૂલિલ્લાહ (સ.)ના કે જેઓ એક ઝાડના સહારે ઊભા રહ્યા અને ઈબાદતમાં તલ્લીન રહ્યા અને અલ્લાહથી દુઆ માગતા રહ્યા એટલે સુધી કે સુબ્હ થઈ ગઈ.' (ક્રમશઃ)

**ગડમથલ નં.૨૪૧નો ઉકેલ**

<u>આડી ચાવીઓ :</u> (૧) નસીહત (૩) ગુલબદન (૬) તાલા (૭) રાઝદાર (૮) બકરહ (૧૨) કીના (૧૫) અકદસ (૧૬) મામુ (૧૭) ખિતાબ (૨૦) અહમર (૨૧) આસમાન (૨૩) અતસ (૨૪) બાગબાન (૨૫) તાકાત (૨૮) બહરહાલ (૨૯) પાસબાન

<u>ઊભી ચાવીઓ :</u> (૧) નઝરાના (૨) હકદાર (૩) ગુલાબ (૪) બહાર (૫) નમી (૯) કસસ (૧૦) હકીમા (૧૧) મુકર્રર (૧૩) નામુમ્કિન (૧૮) બહસ (૧૯) કસબા (૨૧) આગ (૨૨) માન (૨૩) અઝાબ (૨૪) બાત (૨૫) તાહા (૨૬) કલ (૨૭) શાન

તમારું દીની જ્ઞાન ચકાસો.

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૨૩

**(૧) હઝરત યૂસુફ પયગમ્બર(અ.)ને તેમના ભાઈઓએ શામાં ફેંકી દીધા હતા ?**

(A) ઊંડી ખીણમાં (B) અવાવરા કૂવામાં
(C) ઊંડા ખાડામાં

**(૨) હઝરત આદમ(અ.)ની આગળ સિજદો ન કરવાના કારણ તરીકે શયતાનનું કહેવું એવું હતું કે -**

(A) હું ઈબાદત કરવાની બાબતમાં આદમ(અ.)થી અફઝલ છું.
(B) હું આગમાંથી બનેલો છું અને આદમ (અ.)થી અફઝલ છું.
(C) હું આદમ(અ.) કરતાં ઉંમરમાં મોટો છું.

**(૩) હઝરત હુર બિન યઝીદ રિયાહી માટે આશુરાની રાત કેવી હતી ?**

(A) ગભરામણની રાત (B) મનોમંથનની રાત
(C) કતલની રાત

**(૪) કરબલામાં શહીદ થનાર હબસી ગુલામ જહોન કોના ગુલામ હતા ?**

(A) ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ના
(B) હઝરત સલમાન ફારસી(રઝી.)ના
(C) હઝરત અબૂઝર ગફફારી(રઝી.)ના

**(૫) જનાબે કાસિમ બિન હસન(અ.) માટે શહીદોની યાદીમાં શામેલ થવા માટે શાને લીધે માર્ગ મોકળો થયો હતો ?**

(A) માતા ઉમ્મે ફરવાની ભલામણથી
(B) બાબા હસન(અ.)ના તાવીઝથી
(C) પોતે કરેલી ખૂબ વિનવણથી

**(૬) હઝરત યૂસુફ(અ.)ના સગા ભાઈનું નામ શું હતું ?**

(A) બીનામીન (B) યહૂદા (C) લાવી

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## ‘ગુલિસ્તાન’માંથી પસંદ કરેલ પંક્તિઓ

(ગતાંકનું ચાલુ)

### Silence (ચૂપકીદી)

چون نداری کمال و فضل، آن بِه
کـه زبـان در دهـان نـگــه دارَی
آدمـــی را زبان فضیحـه کـنــد
جـوزِ بـی مغـز را سـبـکـبـاری

**ચૂન નદારી કમાલ વ ફઝલ, આન બો**
**કે ઝબાન દર દહાન નિગોહ દારી**
**આદમી રા ઝબાન ફઝીહા કુનદ**
**જૂઝે બી મગઝ રા સબકબારી**

(જો તમે સિધ્ધિઓ પ્રાપ્ત કરવાથી અને વિદ્વતા મેળવવાથી વંચિત હો તો ચૂપ રહેવું તમારા માટે વધારે સારી બાબત છે. જેવી રીતે અખરોટના ખાલી ખોખાને તેના હલકા વજનથી પારખી શકાય છે એવી જ રીતે જીભ માણસને દગો દે છે.)

خـری را ابلهــی تعلیـم مـیــــداد
بـر او بر صـرف کــرده سعیِ دایـم
حکیمی گفتش: ای نادان چه کَوشی
در ایـن ســـودا؟ بـتـرس از لـوم لایـم
نـیـامـوزد بــهــایـم از تــو گـفـتـار
تــو خـاموشی بـیـامــــوز از بـهـایـم

**ખરી રા અબલહી તાલીમ મીદાદ**
**બર અવ બર સરફ કર્દા સઅયી દાયમ**
**હકીમી ગુફતશ : અય નાદાન ચે કૂશી**
**દર ઐન સૂદા ? બતરસ અઝ લૂમ લાયમ**
**ન યામૂઝદ બહાયમ અઝ તૂ ગુફતાર**
**તૂ ખામોશી બયામુઝ અઝ બહાયમ**

(એક મૂરખો એક ગધેડાને તાલીમ આપી રહ્યો હતો અને તેને શીખવવા માટેના બધા જ પ્રયત્નો કર્યા. એક ડાહ્યા માણસે (હકીમે) તેને કહ્યું, અય નાદાન માણસ ! આવા કાર્યમાં શા માટે તારા પ્રયાસોને વેડફી નાખે છે ? ધમકાવનારના ઠપકાઓથી ડર. જાનવરો તારી પાસેથી બોલતાં નહીં શીખે. (એના કરતાં તો) જાનવરો પાસેથી ચૂપ રહેવાનું તારે શીખવું જોઈએ.)

### Skill (કુશળતા)

گر به غریبی رَوَد از شــهر خویـش
سـختـی و مِحنت نَـبَـرَد پینه دوز
ور بــه خـرابـی فتد از مـمـلـکـت
گــرسنه خفتد مَـلِـکِ نـیـم روز

**ગર બો ગરીબી રવદ અઝ શહર ખવીશ**
**સાખ્તી વ મિહનત નબારદ પીના દૂઝ**
**વર બો ખરાબી ફતાદ અઝ મમ્લિકત**
**ગર સના ખુફતાદ મલેકે નીમ રોઝ**

(જો કોઈ મોચી એક સ્થળેથી બીજા સ્થળની મુસાફરી કરે તો તેણે કોઈ કઠણાઈનો સામનો કરવો પડતો નથી પરંતુ નિમરોઝના બાદશાહે પોતાના રાજ્યની બહાર રખડવાનું હોય તો તેણે ભૂખ્યા સૂઈ રહેવું પડશે.)

નોંધ : ‘નિમરોઝ’ ‘સિસ્તાન’ પ્રાંતનું જૂનું નામ હતું. નિમરોઝનો બાદશાહ આ એક શાહનામેહના મહાન પલાદીન રૂસ્તમની ઉપાધિઓમાંથી એક ઉપાધિ હતી.

### Slander (બદનક્ષી/ખોટો આક્ષેપ)

شـایـد پـسِ کـار خـویـشـتـن بـنـشـسـتـن
لـیـکـن نـتـوان زبـان مـردم بـسـتـن

**શાયદ પરોકાર ખવીશ્તન બોનશસ્તન લેકીન નતવાન ઝબાન મર્દમ બસ્તન**

(કોઈ માણસ કદાચ પોતાને પોતાની સાથે સંબંધિત રાખવા અને પોતાનું જ કાર્ય કરવા શક્તિમાન હોઈ શકે પરંતુ કોઈ પણ માણસ કદી પણ લોકોને ખોટા આક્ષેપો કરતાં રોકી શકે નહીં.)

نعوذ باللّٰه ! اگر خلق غیب دان بودی
کسی به حال خود از دست کس نیاسودی

**નાઉઝોબિલ્લાહ ! અગર ખલ્ક ગૈબદાન બૂદી કિસી બે હાલ ખુદ અઝ દસ્ત કસ નયાસૂદી**

(એ બાબતથી અલ્લાહની પનાહ ! જો લોકો સર્વજ્ઞ (બધું જ જાણનારા) હોત તો કોઈ પણ માણસ બીજાના હાથે નુકસાન ભોગવવાથી સલામત ન રહેત.)

નોંધ : નાઉઝોબિલ્લાહનો અર્થ 'અલ્લાહ એવું ના કરે' એવો થાય છે પરંતુ અહીં 'અમે અલ્લાહની પનાહ માગીએ છીએ' એ અર્થ વધારે યોગ્ય છે.

به عُذر و توبه توان رستن از عذابِ خدای
ولیک می نتوان از زبانِ مردم رست

**બે ઉઝ્ર વ તૌબા તવાન રસ્તન અઝ અઝાબે ખુદાઈ વલીક મી નતવાન અઝ ઝબાને મર્દન રસ્ત**

(કોઈ માણસ અલ્લાહની માફી માગીને કે તૌબા કરીને અલ્લાહના અઝાબથી છૂટકારો મેળવી શકે છે પરંતુ કોઈ માણસ લોકોની બદનક્ષી (ખોટા આક્ષેપ) થી બચી શકતો નથી.) ✻

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**


અસ્સલામો અલયકુમ

આથી હોટલ અને રેસ્ટોરન્ટના પાન પાર્લર ચલાવતા તમામ ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે સતત બે વર્ષથી આપ સૌનો સાથ સહકાર અમોને મળી રહ્યો છે તે બદલ આપ સૌનો દિલોજાનથી ખૂબ ખૂબ આભાર. આવનાર વર્ષોમાં પણ આપનો સહકાર મળતો રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

ભાવ બાબતે અમારી સાથે મુક્તપણે ચર્ચા કરી શકો છો.

અમારો હેતુ સમાજના હિતમાં રહ્યો છે અને રહેશે.

**યાદગાર હોઝીયરી** મો.૯૦૩૩૧૨૭૪૪૦

**સહયોગ ફૂટવેર** મો.૭૮૭૪૮૮૪૬૫૭

**વાઘરોલવાળા**

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે, સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### નખ કાપવા, મૂછો કાતરવી અને કંગી કરવા વિષે

(ગતાંકનું ચાલુ)

(૩૩૭) વળી ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, દીને ઈસ્લામમાં રહેતાં રહેતાં જે માણસના બાલ સફેદ થઈ ગયા તેના માટે કયામતના દિવસે એક નૂર હશે.

(૩૩૮) રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે સફેદ બાલ એક નૂર છે તેને દૂર ન કરો.

(૩૩૯) અને હઝરત અલી(અ.) સફેદ બાલોને કાપવામાં કોઈ વાંધો સમજતા ન હતા બલ્કે તેને ઉખાડવાને મકરૂહ સમજતા હતા. તેથી સફેદ બાલોને ઉખાડવાની મનાઈ કરાહતના માટે છે, હરામ માટે નથી.

(૩૪૦) હઝરત ઈમામ જાફર સાદિક (અ.) એ ઈરશાદ ફરમાવ્યો કે સફેદ બાલો કાપવામાં અથવા તેને ઉખાડવામાં કોઈ વાંધો નથી પરંતુ મારી નજીક તેનું કાપવું તેને ઉખાડવાથી વધારે પસંદગીપાત્ર છે.

(નોંધ : અઈમ્માએ તાહેરીન(અ.)ની હદીસો કોઈ એક મામલાની બાબતમાં વિરોધાભાસી નથી હોતી એટલા માટે કે આ બધા જ મિન ઈન્દલ્લાહ છે બલ્કે આ અલગ અલગ અહેવાલો માટે અલગ અલગ થઈ જાય છે.)

(૩૪૧) હઝરત ઈમામ જાફર સાદિક (અ.) એ ફરમાવ્યું કે ચાર બાબતો અંબિયાની સુન્નતો છે : ખુશ્બૂ લગાવવી, અસ્રાથી બાલ સાફ કરવા, શરીરને નૂરાથી (બાલ સાફ કરવા માટેના એક દ્રવ્યથી) મુંડવું, વારંવાર ગરદન ઝુકાવેલી રાખવી.

(૩૪૨) વળી ઈમામ(અ.)એ ફરમાવ્યું, તમે લોકો મંગળવારના દિવસે તમારા નખ કાપો, બુધવારના દિવસે હમામ કરો, ગુરૂવારના દિવસે હાજત પ્રમાણે હજામત કરો અને જુમ્આના દિવસે બેહતરીન પ્રકારની ખુશ્બૂ લગાવો.

(સંદર્ભ : મલ્લા યહઝરહુલ ફકીહા, ભાગ-૧, પેજ-૬૦ થી ૬૪)

### દાનશીલતા અને નેકી કરવાની ફઝીલત

રસૂલલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે જન્નતમાં સૌથી પહેલાં નેકી અને તેનો કરવાવાળો દાખલ થશે અને એ જ સૌથી પહેલાં મારી પાસે હૌઝે કૌસર પર આવશે. (૧૬૮૦)

વળી આં હઝરત(સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે દુનિયામાં નેકી કરવાવાળો આખેરતમાં પણ નેકી કરવાવાળો થશે. અને તેની તફસીર એ છે કે જ્યારે કયામતનો દિવસ હશે તો નેકી કરવાવાળાઓને એવું કહેવામાં આવશે કે તમે તમારી નેકીઓ જે માણસને ચાહો તેને બક્ષિસ કરી દો અને જન્નતમાં ચાલ્યા જાઓ. (૧૬૮૧)

વળી આપ(સ.)એ ફરમાવ્યું કે દરેક નેકી એક સદકો છે અને નેક કામનો રસ્તો બતાવનારો એવો જ છે કે જેવો નેક કામ કરવાવાળો હોય છે અને કોઇ ફરિયાદ કરવાવાળાની ફરિયાદને પહોંચવાવાળાને અલ્લાહ તઆલા પસંદ ફરમાવે છે. (૧૬૮૨)

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે દરેક માણસની સાથે

નેકી કરો અગર તે તેનો અહલ (પાત્ર/યોગ્ય) હોય તો ઠીક છે, તમે તો નેકી કરવાને પાત્ર છો. (૧૯૮૩)

વળી આં જનાબ(અ.)એ ફરમાવ્યું કે જો કોઇ મોમિને પોતાના કોઇ બિરાદરની સાથે સદ્વ્યવહાર (આર્થિક સહાયતા) કર્યો તો જાણે તેણે રસૂલલ્લાહ(સ.)ની સાથે સદવ્યવહાર કર્યો. (૧૯૮૪)

વળી આપ(અ.)એ ફરમાવ્યું સદવ્યવહાર એવી વસ્તુ છે કે ઝકાતથી અતિરિક્ત (વધીને) છે તેથી નેકી કરીને અને સંબંધીઓની સાથે સદવ્યવહાર કરીને અલ્લાહ તઆલાની નજદીકી મેળવો. (૧૯૮૫)

વળી આપ(અ.)એ ફરમાવ્યું કે મેં મા'રૂફ (અર્થાત નેકી)ને જોઇ છે કે જે પોતાના નામની માફક નેક અને સારી છે અને નેકી કરવાથી અફઝલ કોઇ બીજી વસ્તુ નથી સિવાય કે એ નેકીનો સવાબ એટલા માટે કે એ સવાબના મકસદથી નેકી કરવામાં આવે છે અને એવું નથી કે જે માણસ લોકોની સાથે નેકી કરવા માગે છે તે નેકી કરી ય નાખે અને એવું નથી કે જે માણસ નેકી કરવા તરફ આકર્ષાય છે તે તેના ઉપર કુદરત ધરાવતો હોય અને એવું નથી કે એ દરેક માણસ કે જે નેકી કરવાની કુદરત ધરાવતો હોય તેને તેની રજા પણ મળે. પરંતુ જ્યારે ઇચ્છા અને કુદરત અને રજા બધાં ભેગાં થઇ જાય તો ઇચ્છા ધરાવનારો અને ઇચ્છિત બન્નેના માટે સૌભાગ્ય સંપૂર્ણ થઇ જાય છે. (૧૯૮૬)

હઝરત ઇમામ મોહંમદ બાકિર(અ.)એ ઇરશાદ ફરમાવ્યો છે કે લોકોની સાથે નેકી કરવાનું કાર્ય માણસને બૂરાઇઓ અને મુસીબતોમાં સપડાઇ જવાથી બચાવે છે. (૧૯૮૭)

રસૂલિલ્લાહ(સ.)એ ઇરશાદ ફરમાવ્યો છે કે બેહતરીન સદકો એ છે કે જે માણસ પોતે જ નિ:સ્પૃહ (ઇચ્છા વગરનો) બન્યા પછી (સદકો) કરે અને તેને પોતાના બાળકોથી શરૂ કરે અને ઉપરવાળો હાથ, નીચેવાળા હાથથી બેહતર છે અને પોતાનો અને પોતાના અહલો અયાલનું ભરણ પોષણ કર. જો કોઇ માણસ રોકી લે તો અલ્લાહની નજીક તે નિંદાપાત્ર નહીં બને. (૧૯૮૮)

વળી આં જનાબ(અ.)એ ફરમાવ્યું કે નેક કાર્ય જેના દ્વારા થાય છે તેના ઘર તરફ બરકતો એના કરતાં ય વધારે ઝડપથી પહોંચે છે જેટલી ઝડપથી છરી ઊંટની ખૂંધ પર પહોંચે છે અથવા

**મોહબ્બતકે શરર પત્થરકે સીનેસે નીકલતે હૈ,**
**બશર તો ક્યા ફરિશ્તે ભી ઇન્હી શોલોંસે જલતે હૈ.** - અલ્લામા ઇકબાલ
(ઇશ્કના અંગારાઓ પત્થરની પેદાશ છે. તે સખત છે અને બળવામાં આકરા છે. માણસ તો શું ફરિશ્તાઓ પણ ઇશ્ક(ની આગ)માં બળી જાય છે.)

તો પાણીનો પ્રવાહ જેટલી ઝડપથી ઢોળાવ સુધી પહોંચે છે. (૧૯૮૯)

હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે દરેક વસ્તુનું ફળ હોય છે અને નેકીનું ફળ એ વખતે આવે છે કે જ્યારે તેમાં જલ્દી કરવામાં આવે. (૧૯૯૦)

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે નેકી એ સમય સુધી દુરસ્ત નહીં બને કે જ્યાં સુધી તેમાં ત્રણ ખૂબીઓ ન હોય : (૧) પોતાની એ નેકીને તુચ્છ સમજવી (૨) પોતાની નેકીને ગુપ્ત રાખવી અને (૩) નેકી કરવામાં ઝડપ કરવી એટલા માટે કે જ્યારે તમે તેને તુચ્છ સમજશો તો જેની સાથે તમે નેકી કરી છે તેની નજરમાં તે નેકીને તમે મોટી બનાવી દેશો અને જ્યારે તમે તેને ગુપ્ત રાખશો તો તમારા તરફથી સંપૂર્ણ નેકી બનશે અને જ્યારે તમે નેકી કરવામાં ઝડપ કરશો તો તે નેકી શુભકામના અને મુબારકબાદને લાયક બનશે અને જો એમાં આ ત્રણેય ખૂબીઓ નહીં હોય તો તેનો સવાબ બાતિલ થઈ જશે અને તે બરબાદ થઈ જશે. (૧૯૯૧)

અને આં જનાબ(અ.)એ મુફઝઝલ બિન ઉમરથી ઈરશાદ ફરમાવ્યો છે કે અય મુફઝઝલ ! જો તમે એ જાણવા ઈચ્છતા હો કે કોઈ માણસ ખુશનસીબ છે કે બદનસીબ ? તો એ જુઓ કે તે કોની સાથે નેકી કરી રહ્યો છે. જો તે એવાની સાથે નેકી કરી રહ્યો હોય કે જે નેકી માટે લાયક હોય તો સમજી લેજો કે તે નેકીની તરફ છે અને જો એવાની સાથે નેકી કરી રહ્યો હોય કે જે એના માટે લાયક નથી તો સમજી લેજો કે અલ્લાહ તઆલાની પાસે તેના માટે કોઈ નેકી કે બેહતરી નથી. (૧૯૯૨)

વળી આં જનાબ(અ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ તમારા ખર્ચાઓ કરતાં વધારે જે તમને આપ્યું છે તે એટલા માટે છે કે તમે તેને એ જગ્યાએ વાપરો કે જ્યાં અલ્લાહ તઆલાએ વાપરવાનું બતાવ્યું છે. તેને એટલા માટે નથી આપ્યું કે તમે તેને સંગ્રહ કરો.(૧૯૯૩)

અને આપ(અ.)એ ફરમાવ્યું કે જો લોકો એવી રીતે માલ પ્રાપ્ત કરે કે જેવી રીતે અલ્લાહ તઆલાએ પ્રાપ્ત કરવાનો હુકમ આપ્યો છે અને પછી તે માલ એ વસ્તુઓમાં ખર્ચી નાખે

## નુસ્ખા

**બાળ રોગો**

(ગતાંકનું ચાલુ)

* સફેદ કાંદાને કચડીને સૂંઘાડવાથી બાળકોની આંચકીમાં-તાણમાં ફાયદો થાય છે.
* જાયફળ અને સૂંઠને ગાયના ઘીમાં ઘસીને તેને ચટાડવાથી બાળકને શરદીને લીધે થતા ઝાડા મટે છે.
* નાગરવેલના પાનના રસમાં મધ મેળવીને ચાટવાથી વા-છૂટ થઈ નાના બાળકોનો આફરો અને અપચો મટે છે.
* ખજૂરની એક પેશી ચોખાના ઓસામણ સાથે મેળવી ખૂબ વાટીને તેમાં થોડું પાણી મેળવીને નાના બાળકોને બે-ત્રણ વખત આપવાથી નબળાં, કંતાઈ ગયેલાં બાળકો રૂષ્ટ પુષ્ટ અને ભરાવદાર બને છે. (ક્રમશઃ)

કે જેમાં ખર્ચી નાખવાની અલ્લાહ તઆલાએ મનાઇ કરેલી છે તો તે અમલ અલ્લાહ તઆલા કબૂલ નહીં કરે અને જો લોકો આવી રીતે માલ પ્રાપ્ત કરે કે જેવી રીતે પ્રાપ્ત કરવાની અલ્લાહ તઆલાએ મનાઇ કરેલી છે અને પછી તે માલને એવી વસ્તુઓમાં ખર્ચ કરે કે જેમાં ખર્ચી નાખવાનો અલ્લાહે હુકમ આપ્યો છે તો અલ્લાહ તઆલાને તે પણ કબૂલ નથી સિવાય એ બાબતના કે લોકો હક ઉપર કમાય અને હક પર ખર્ચ કરે. (૧૬૯૪)

રસૂલલ્લાહ(સ.)એ ફરમાવ્યું, જો કોઇને કોઇની પાસેથી કોઇ નેઅમત મળે તો તેણે તેનો બદલો આપવો જોઇએ અને જો બદલો આપવા માટે આજિઝ છે તો તેની તારીફ અને વખાણ કરે અને જો તેણે એવું ન કર્યું તો તેણે કુફ્રાને નેઅમત કરી (અર્થાત નેઅમતનો શુક્ર અદા ન કર્યો). (૧૬૯૫)

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે નેકીનો રસ્તો કાપવાવાળા ઉપર અલ્લાહ લાઅનત કરે. તો પૂછવામાં આવ્યું છે કે નેકીનો રસ્તો કાપવાવાળો કોણ છે ? તો આપ(સ.)એ ફરમાવ્યું કે તે એ માણસ છે કે જેની સાથે કોઇ માણસ એહસાન કરે અને તે તેના એહસાનને ભૂલી જાય, તો (જાણે) તેણે આવી રીતે તે માણસને રોકયો કે ભવિષ્યમાં તે કોઇ બીજાની સાથે એહસાન ન કરે. (૧૬૯૬)

(મલ્લા યહઝરૂલ ફકીહ, ભાગ-૨, પેજ-૨૬ થી ૨૮, શેખ સદૂક(અ.ર.)) *

## શબ્દ પરિચય

### ઝર્બ

ઝર્બ : (ضرب) અર્થ : (૧) આયત, ચોટ, ફટકો, પ્રહાર, ઘા (૨) ત્રાસ (૩) દહેશત (૪) ગુણાકાર. રૂઢિ પ્રયોગ : ઝર્બ આના - આઘાત કે ચોટ લાગવી, નુકસાન વેઠવું. ઝર્બ ખાના - ટંકશાળ. ઝર્બ દેના - (૧) નુકસાન પહોંચાડવું (૨) સિક્કા પર મહોર લગાવવી. ઝર્બ લગાના- (૧) ચોટ લગાડવી (૨) કૂટવું, મારવું (૩) છાપ લગાડવી. ઝર્બ બુલ મસ્લ હોના કહેવત છે, ખ્યાતિ થવી, ખ્યાતિ પામવી. - ઝર્બે ખફીફ - હલકી ચોટ. ઝર્બે દસ્ત - પદાઘાત, પાટુ, ઝર્બે ફત્હ - લડાઇ જીતવા માટે દુશ્મન પર ઝીંકાયેલો છેલ્લો ઘા. ઝર્બે મુફર્રદ - સાધારણ ગુણાકાર. ઝર્બે લાઝિબ - ઘાનું નિશાન. ઝર્બે શદીદ - કારી ઘા, ઊંડો ઘા.

હસનઅબ્બાસ જી સેલીયા મો. ૯૯૦૯૯૦૬૧૮૯

**મોઝેઇક આર્ટ્સ**

ડીઝાઈન & પ્રીન્ટ્સ

**હોટલ, રેસ્ટોરન્ટ તથા અન્ય ધંધાઓને લગતી તમામ સ્ટેશનરી, માર્કેટીંગ અને પેકેજીંગ મટીરીયલનું ડીઝાઈનીંગ અને પ્રીન્ટીંગ માટે મળો**

- વીઝીટીંગ કાર્ડ
- ફાઈલ
- મેનુ
- બોક્ષ
- સ્ટેશનરી
- નેપકીન પ્રીન્ટીંગ
- સ્ટીકર
- આમંત્રણ કાર્ડ
- બ્રોશર
- લગ્ન કંકોત્રી
- પેમ્ફલેટ
- ફલેક્ષ બેનર

૬, રંગોલી કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પીટલ ની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૬.

# આપણા ઘરની વાતો

**● હૈદરીબાગ, જુહાપુરા ખાતે રમઝાન માસથી પંજગાના નમાઝ(બા જમાઅત)ની શુભ શરૂઆત તથા રમઝાન માસ દરમિયાન યોજાયેલ સમૂહ ઇફતારી :**

ચાલુ વર્ષે રમઝાન માસ દરમિયાન જુહાપુરા શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના ઈમામવાડા(હૈદરીબાગ)માં જમાઅતના મોમિન ભાઈઓ માટે પહેલી રમઝાનથી બા જમાઅત પંજગાના નમાઝની શરૂઆત કરવામાં આવી હતી. રમઝાન માસ દરમિયાન ઈમામવાડા ખાતે મોમિન ભાઈઓના મરજીયાત ફાળાથી સમૂહ ઈફતારીનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્રણેય શબે કદ્રમાં આ'માલ, મજલિસ અને મૌલા અલી(અ.)ની શહાદતનું માતમ મનાવવામાં આવ્યું હતું. બીજી અને ત્રીજી શબે કદ્રની રાત્રે મૌલા અલી(અ.)નું ન્યાઝ બનાવવામાં આવ્યું હતું. બીજી શબે કદ્રની મજલિસમાં વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ(મદ્.) તથા જનાબ સૈયદ નદીમએહમદ જાફરી બાવા સાહેબ અને આપના બન્ને ફરઝંદોની પવિત્ર હાજરી રહી હતી. જાફરી ઘરાનાની ઉપસ્થિતિથી મોમિન ભાઈ-બહેનોએ ખુશાલી અનુભવી હતી. રમઝાન માસની ૨૬મી રાત્રે પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની મજલિસ અને જુહાપુરાની બહેનો તરફથી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની મજલિસ રાખવામાં આવી હતી. રમઝાન માસમાં ધંધા અર્થે આવતા આજુબાજુના મોમનિ ભાઈઓએ નમાઝ અને મજલિસમાં હાજર રહીને સવાબે દારૈન પ્રાપ્ત કર્યો હતો. શબે કદ્રના આમાલ, મજલિસ, ન્યાઝ બનાવવામાં જુહાપુરા જમાઅત, વર્કિંગ કમિટીના સભ્યો, આગેવાન ભાઈઓ, બાંધકામ કમિટીના સભ્યો અને નવયુવાન ભાઈઓએ ખંત અને ઉત્સાહથી સાથ સહકાર આપ્યો હતો જે કાબિલે તારીફ હતો. શ્રોતાગણે પણ સ્વયં શિસ્ત જાળવી હાજરપીરની હિદાયતના અમલનો નમૂનો પૂરો પાડયો હતો.


**● અમદાવાદમાં પ્રથમ વાર બે સ્થળોએ પઢવામાં આવેલ ઇદુલ ફિત્રની નમાઝ :**

દર વર્ષે ઈદુલ ફિત્ર અને ઈદુઝઝોહાનો ખુત્બો પીર મશાયખ બાવા(રહે.અ.)ના રોઝા મુબારકના સંકુલમાં આવેલ મસ્જિદમાં પઢવામાં આવતો હતો પરંતુ ચાલુ સાલે સરખેજ શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતને ઈદગાહ કેન્દ્ર મળતાં આ વખતની રમઝાન ઈદની નમાઝ સરખેજમાં પણ પઢવામાં આવી હતી. સરખેજ જમાઅત દ્વારા નમાઝીઓ માટે સુંદર વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. સરખેજ ખાતે હાજરીન તમામ નમાઝીઓ માટે શીર-ખુરમાની વ્યવસ્થા કરવામાં આવી હતી. બીજી બાજુ હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.)ના રોઝા ઉપર પણ ખૂબ જ મોટી સંખ્યામાં નમાઝી ભાઈઓએ ખુત્બા અને નમાઝે ઈદ અદા કરી હતી. નમાઝીઓના દિલોમાં

રૂહાનિયત દેખાઇ રહી હતી. અંતમાં સૌ મોમિનોએ એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

● **ઇલોલ તલાવ ઇદગાહ પર ઇદની ભવ્ય ઉજવણી :**

ઈલોલ તલાવ ઈદગાહ પર ઈદુલ ફિત્રની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઈદગાહમાં ઈલોલ તલાવ, ઈલોલ પહાડીયા, કનાઇ અને મહેરપુરા એમ ચાર ગામના આશરે ૧૭૦૦ મોમિનોની મોટી હાજરીમાં નમાઝ અદા કરવાનો પ્રથમ પ્રસંગ હોવાથી એક અલગ પ્રકારનું રૂહાની વાતાવરણ સર્જાયું હતું. યજમાન ગામના મોમિનોમાં મહેમાનોને આવકારવાનો થનગનાટ, ખિદમત કરવાની તત્પરતા સ્પષ્ટ જણાઇ આવતી હતી. સૌ કોઇ મહેમાનો ભૌતિક સીમાઓ ભૂલી જઇને બંધુત્વની રૂહાની ભાવનાઓથી બંધાઇ ગયા હતા. રૂહાની રહેબરના શરીઅતી હુકમના ભાગરૂપે ભેગી થયેલી વિશાળ મેદનીમાં અલ્લાહ તઆલાની રહેમતની ઘટાદાર છાયા સર્વત્ર વ્યાપી ગઇ હતી. આ પ્રસંગે મોલ્વી સાહેબ ગુલામહુસૈન(કાટવાડવાળા)એ ખુદાની કાબિલે તારીફ હમ્દોસના તથા ઝિક્રે અહલેબયતનું બયાન ફરમાવ્યું હતું. મોલ્વી સાહેબે સાચી ઈદની સમજણ આપતાં જણાવ્યું હતું કે સાચી ઈદ એ છે કે મોમિનો એકબીજાને મળે, ભેટ-સોગાદો આપે, ગરીબ-મોહતાજોની મદદ કરે, બીમારોની ખબર અંતર પૂછે. અંતમાં, દરેક મોમિનોએ એકબીજાને ઈદ મુબારક પાઠવી હતી.



● **હરિપુરા (ઝહીરગઢ) મુકામે ઇદુલફિત્રની ઉજવણી :**

હરિપુરાથી મો.ઈસ્માઇલભાઇ એસ. ગોદડની યાદી જણાવે છે કે ઈદુલ ફિત્રના દિવસે છ ગામો જેવાંકે જેઠીપુરા, કિશોરગઢ, કેસરપુરા, ઝહીરપુરા કંપા, ખૈરપુરા કંપા તેમજ હરિપુરાના આશરો ૧૩૦૦ જેટલા મોમિનોએ મળીને હરિપુરાની ઈદગાહ મર્કઝ ઉપર ઈદુલ ફિત્રનો તહેવાર આનંદ અને ઉલ્લાસથી ઉજવ્યો હતો. યજમાન ગામ તરફથી આવેલ મોમિનોને મોં મીઠું કરવા માટેની મીઠાઇ પૂરી પાડી હતી. ઈદગાહમાં પ્રથમ ઈદ હોવાથી મોમિનોમાં અનેરો ઉત્સાહ દેખાતો હતો. મોલ્વી સાહેબ હાસમભાઇ લશ્કરીએ ઈદુલ ફિત્રને અનુરૂપ ખુત્બો આપ્યો હતો. છેલ્લે સૌ મોમિનો એકબીજાને ઈદ મુબારક પાઠવીને વિખરાયા હતા.

● **બોસ્તાન-એ-તિફ્લાન(અંગ્રેજી માધ્યમ), મેતા મુકામે શિક્ષક દિનની ઉજવણી :**

કામરાન એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, મેતા દ્વારા સંચાલિત બોસ્તાન-એ-તિફ્લાન (અંગ્રેજી માધ્યમ)માં તા.૫-૭-૨૦૧૨ને બુધવારના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં L.K.G., U.K.G., Std. 1st, Std. 2ndના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોઇ વિદ્યાર્થી પ્રિન્સીપાલ, કોઇ શિક્ષક અને કોઇએ પ્યૂનની ફરજ બજાવી હતી. શિક્ષક દિનની

ઉજવણીમાં સંસ્થાના પ્રમુખ, ટ્રસ્ટીગણ તેમજ સ્કૂલનો સ્ટાફ હાજર રહ્યો હતો. છેલ્લે શ્રેષ્ઠ રીતે પોતાનું કર્તવ્ય બજાવનારને યોગ્ય ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

● **એકતા રેસ્ટોરન્ટ આણંદને મળેલ** Most Prefered Highway Restaurant Award:




આણંદ હાઈવે સમરખા ચોકડી પર આવેલ 'એકતા રેસ્ટોરન્ટ' આણંદના સંચાલકો જનાબ હાજી સુલેમાન નશીર સુણસરા (દસાવાડા) તથા જનાબ હસનઅલીને ચાલુ સાલે મિસીસ બેકટર્સ CREMICA દ્વારા ઈન્ડિયન રેસ્ટોરન્ટ એવોર્ડસ ૨૦૧૨માં એકતા રેસ્ટોરન્ટને પ્રાપ્ત થયેલ છે. આ એવોર્ડ મળવા બદલ જાફરી આવાઝ(માસિક) પરિવાર તરફથી સંચાલકોને અભિનંદન.

● **ઇન્નાલિલ્લાહે :**




કનાઈ નિવાસી મર્હૂમ મો.સુલેમાનભાઈ અમદાભાઈ દેધરોટીયા મુ.તા.૨૭, રજબ-૧૪૩૩, તા.૧૮-૬-૨૦૧૨ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, ભોળા, માયાળુ, મિલનસાર હતા. તેઓ પીરો મુરશિદ અને અહલેબયત(અ.)ના ચાહક હતા. તેઓ ઉમરા હજ-ઝિયારતથી પણ મુશર્રફ થયેલા હતા. ---➜



←---ખડીયાસણા નિવાસી મર્હૂમ મો.અકબરઅલી રસુલભાઈ ભોરણીયા ચાલુ સાલે ઉમ્રહ હજ દરમિયાન મદીના શરીફની ઝિયારતો કરી મક્કા શરીફમાં આવ્યા અને ઉમરાના તમામ અરકાનો પૂર્ણ કરી તા.૫-૬-૨૦૧૨ને રવિવારના રોજ હૃદયરોગના હુમલાથી બીમારીમાં સપડાયા અને ત્યાં તેમના ભાઈઓ અને સગા સંબંધીઓના સહકારથી મક્કા શરીફમાં હોસ્પિટલમાં રહીને આશરે ૩૬ દિવસની બીમારી બાદ મુ.તા. ૧૯, શાબાન-૧૪૩૩, તા.૧૦-૭-૨૦૧૨ને મંગળવારના રોજ ૪૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમની દફનવિધિ મક્કા શરીફમાં કા'બા શરીફથી આશરે ૧૨ કિલોમીટર દૂર અલ સરાયા કબ્રસ્તાનમાં કરવામાં આવી હતી. મર્હૂમની ઝિયારત માદરે વતનમાં બેસાડવામાં આવી હતી. મર્હૂમની ઝિયારતમાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી અને આજુબાજુના ગામમાં ખૂબ જ દુ:ખની લાગણી વ્યકત કરી હતી. મર્હૂમ સ્વભાવે નેક, મિલનસાર, હસમુખા, લોકો સાથે હળીમળીને રહેનાર તથા મોહંમદ વ આલે મોહંમદ(સ.) અને પીરાને તરીકત સાથે ઊંડી લાગણી ધરાવનાર હતા. જે કોઈએ મર્હૂમના સમાચાર જાણી રૂબરૂ અથવા ટેલિફોન દ્વારા દિલસોજી પાઠવી છે તેમનો મર્હૂમના પરિવારજનો આભાર માને છે.




←---હૈદરપુરા નિવાસી મર્હૂમ વલ્લીભાઈ અલીમદ શેલીયા મુ.તા.૮, રમઝાન-૧૪૩૩, તા.૨૯-૭-૨૦૧૨ને રવિવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેઓ સ્વભાવે ખૂબ જ માયાળુ તેમજ મોહંમદ વ આલે મોહંમદ(સ.)ના આશિક હતા. તેઓ કરબલાના શહીદોની ઝિયારતથી મુશર્રફ થયેલા હતા. તેઓ ખૂબ જ સારી રીતે કુરાન શરીફની તિલાવત કરતા હતા. તેમણે પોતાની જિંદગીનો ઘણો સમય કુરાન શરીફ પઢવામાં પસાર કર્યો હતો. તેઓ બી.પી. તથા લકવાના કારણે બીમાર હોવા છતાં પથારીમાં પણ ઈલાહી ઈબાદતમાં મશગૂલ રહેતા હતા. તેઓ નમાઝ, રોઝા અને ઈસ્લામી અખ્લાકના ખૂબ જ પાબંદ હતા.




બાદરપુર નિવાસી મર્હૂમ મો.હસનઅલી ગુલામહુસૈન દાદાવાળા મુ.તા. ૨૨, શવ્વાલ-૧૪૩૩, તા.૧૦-૯-૨૦૧૨ને સોમવારના રોજ ૩૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત, ભોળા અને ઈમામ હુસૈન(અ.)ના ચાહક અને અઝાદાર હતા. ---→



←---રસુલપુર (મે.) નિવાસી મર્હૂમા મો.સુગરાબેન કાસમઅલી પલસાણીયા મુ.તા. ૧૬, રમઝાન-૧૪૩૩, તા.૬-૮-૨૦૧૨ને સોમવારના રોજ ૫૪ વર્ષની વયે હાર્ટની બીમારીના કારણે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.




બાદરગઢ નિવાસી મર્હૂમ રહીમભાઈ જમાલભાઈ મુ.તા. ૨૯, રમઝાન-૧૪૩૩, તા.૧૯-૮-૨૦૧૨ને રવિવારના રોજ ૬૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે મિલનસાર, હસમુખા, નમાઝી અને ઈમામ હુસૈન(અ.)ના અઝાદાર હતા.---→



←---કાકોશી નિવાસી મર્હૂમ મો.ઈનામહુસૈન દાઉદભાઈ કડીવાલા મુ.તા.૨૯, રમઝાન-૧૪૩૩, તા.૨૦-૮-૨૦૧૨ને સોમવારના રોજ હ્દયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માળાળુ, સહનશીલ, ભોળા અને હસમુખા હતા.



જેઠીપુરા નિવાસી મર્હૂમ મો.હસનઅલી મહંમદઅલી વિજાપુરા મુ.તા. ૧૧, શવ્વાલ-૧૪૩૩, તા.૩૦-૮-૨૦૧૨ને ગુરૂવારના રોજ ૨૯ વર્ષની યુવાન વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત અને ઈમામ હુસૈન(અ.) અને પીરો મુરશિદના ચાહક હતા. ---→



←---જેઠીપુરા નિવાસી મર્હૂમ મો.પીરમહંમદ નૂરમહંમદ રેવાસીયા મુ.તા.૨૧, શવ્વાલ--૧૪૩૩, તા.૯-૯-૨૦૧૨ને રવિવારના રોજ નમાઝે સુબ્હ પઢયા


પછી ૭૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, શાંત અને લાગણીશીલ હતા. તેઓ ઝહીર મંડળ-જેઠીપુરા તથા ગામ જમાઅતના આગેવાન હતા. તેઓ ગામ જમાઅતના વાસણોનો ચીવટપૂર્વકનો હિસાબ, મોહર્રમમાં તાજિયા મુબારકની હિફાઝત રાખતા હતા. તેઓ ઉમરા હજ-ઝિયારતથી પણ મુશર્રફ થયેલા હતા. તેઓ નમાઝ, રોઝા અને મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મજલિસોના પાબંદ હતા.



ઈલોલ તલાવ નિવાસી મર્હૂમા મો.ઝહરાબેન નૂરઅલી કોવડીયા મુ.તા. ૨૨, શવ્વાલ-૧૪૩૩, તા.૧૦-૯-૨૦૧૨ને સોમવારના રોજ ૪૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે દયાળુ, મિલનસાર અને અત્યંત સહનશીલ હતાં. ---➜



⬅---કેસીમ્પા નિવાસી મર્હૂમ મો.ગુલામહુસૈન નશીરભાઈ પટેલ મુ.તા. ૨૪, શવ્વાલ-૧૪૩૩, તા. ૧૨-૯-૨૦૧૨ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



શેરપુરા નિવાસી મર્હૂમ મો.એહમદહુસૈન નૂરમોહંમદ અઘારીયા મુ.તા. ૧, ઝિલકાદ-૧૪૩૩, તા.૧૮-૯-૨૦૧૨ને મંગળવારના રોજ ૫૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ---➜

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)**


**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**
**✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ ✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ ✻ નાઈટ ડ્રેસ વિગેરે.**

**● ક્લોથ ●**
**શુટીંગ તથા શર્ટીંગ**

**● ટેલર્સ ●**
**પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**



**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફ્લેટ બુકીંગ માટે મળો.

નોંધ : હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

રૂા.૩૦/- મો.હકીમઅલી કમાલભાઇ રાબડી (બાદરપુર) તરફથી માહે રમઝાનુલ મુબારકના પૂરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મહેંદીઅલી ઈસ્માઇલભાઇ ગોદડ(ઈલોલ પહાડીયા) તરફથી તેમના પુત્ર મહંમદઅલીએ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.નજરમહંમદ ઈબ્રાહીમભાઇ ખોરજીયા (બાદરગઢ-કૌસરી-મુંબઇ) તરફથી તેમની દીકરી સલમાબાનુએ માહે રમઝાનુલ મુબારકના ૨૯ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ મહંમદઅલી થરાદરા (ખડીયાસણા)ની રૂહના સવાબ અર્થે.

મો.સફદરઅબ્બાસ નજરમહંમદ સુણસરાના જન્મની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.

રૂા.૨૦૧/- મો.નજરમહંમદ અબ્બાસભાઇ સુણસરા
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન નજરમહંમદ સુણસરા
રૂા.૫૧/- મો.અમીનાબેન અબ્બાસભાઇ સુણસરા
રૂા.૫૧/- મો.આબિદઅલી અબ્બાસભાઇ સુણસરા
રૂા.૫૧/- મો.સાજેદાબેન હૈદરઅલી કડીવાલા
રૂા.૫૧/- મો.જમીલાબેન જાફરહસન સુણસરા

રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી ગુલામઅલી નાંદોલીયા(બાદરગઢ)તરફથી તેઓ ડિપ્લોમા સિવિલ એન્જિનિયર થયા તેની ખુશાલી પ્રસંગે.

મર્હૂમ મો.વલ્લી અલીમદ શેલીયા (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૨૦૧/- મો.જનુબેન વલ્લી શેલીયા
રૂા.૧૫૦/- મો.ફિઝઝાબેન હબીબ શેલીયા
રૂા.૧૫૧/- મો.અબ્બાસ વલી શેલીયા
રૂા.૧૫૧/- મો.આબિદઅલી વલ્લી શેલીયા
રૂા.૧૫૧/- મો.અકબરઅલી વલ્લી શેલીયા
રૂા.૧૦૧/- મો.ખદીજાબેન અબ્બાસ શેલીયા
રૂા.૧૦૧/- મો.સુગરાબેન આબિદઅલી શેલીયા
રૂા.૧૦૧/- મો.ફાતમાબેન અકબરઅલી શેલીયા
રૂા.૧૦૧/-મો.હાજરાબેન યાકુબઅલી વાઘણીયા
રૂા.૫૧/- મો.ફિઝઝાબેન રસુલ શરીફ શેલીયા
રૂા.૫૧/- મો.કુલસુમબેન ગુલામરસુલ કુકવા
રૂા.૫૧/- મો.ઝોહરાબેન અબ્બાસ રહીમ શેલીયા
રૂા.૧૦૧/- મો.ફાતમાબેન મોહંમદઅલી વલ્લી શેલીયા
રૂા.૫૧/- મો.કુવરબેન રસુલ અલીમદ કડીવાલા
રૂા.૫૧/- મો.ઝયનબબેન વલી સુલેમાન સુણસરા
રૂા.૨૧/- મો.અકબરઅલી અબ્બાસ વલી શેલીયા
રૂા.૨૧/- મો.આબિદહુસૈન અબ્બાસ વલી શેલીયા
રૂા.૨૧/- મો.અસ્મતફાતેમા અબ્બાસ વલી શેલીયા
રૂા.૨૧/- મો.આસિફઅબ્બાસ આબિદઅલી શેલીયા
રૂા.૨૧/- મો.તાહેરાફાતેમા આબિદઅલી શેલીયા
રૂા.૧૦૦/- મો.ગુલામઅલી રસુલ અલીમદ કડીવાલા

રૂા.૫૦/- મો.આબિદહુસૈન કાસમભાઇ ભગત (દમણ)તરફથી તેમના માતા-પિતાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.નજમાબેન આબિદહુસૈન ભગત (દમણ)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મંજૂરફાતેમા આબિદહુસૈન ભગત (દમણ)તરફથી 'જાફરી આવાઝ'(માસિક) ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦/- મો.ઈમ્તિયાઝઅલી હાસમભાઇ ભગત (દમણ)તરફથી તેમના પુત્ર સાદિકઅલીએ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

મર્હૂમ મો.ઈનામહુસૈન દાઉદભાઇ કડીવાલા(કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૨૦૧/- મો.રસુલભાઇ વજીરભાઇ કડીવાલા
રૂા.૧૦૧/- મો.અલુબેન રસુલભાઇ કડીવાલા
રૂા.૧૦૧/- મો.અસગરઅલી રસુલભાઇ કડીવાલા
રૂા.૧૦૧/- મો.અકબરઅલી રસુલભાઇ કડીવાલા
રૂા.૫૧/- મો.કુલસુમબેન અસગરઅલી કડીવાલા
રૂા.૫૧/- મો.મહેમૂદાબેન અકબરઅલી કડીવાલા
રૂા.૫૧/-મો.ગુલામમહંમદ અલજીભાઇ આગલોડીયા
રૂા.૧૦૧/- મો.ઈમદાદઅલી ઈસ્માઈલભાઇ કડીવાલા
રૂા.૫૦૧/- હોટલ સર્વોદય (તેજપુરા) તથા સ્ટાફ

રૂા.૫૧/- મો.અમ્મારઅલી હાસમભાઇ ભગત (દમણ)તરફથી મર્હૂમ મો.હાસમભાઇ જી. ભગતની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- મો.જહાંનુમાબાનુ એ. ભગત (દમણ)તરફથી મર્હૂમ ઝયનબબેન એચ. ભગતની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- મો.રહમતફાતમા એ. ભગત (દમણ)તરફથી પાક અરવાહના સવાબ અર્થે.

રૂા.૨૧/- મો.મેઅરાજફાતેમા એ. ભગત (દમણ)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના ૨૬ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૧/- મો.ઝાહિદઅલી એ. ભગત (દમણ)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના ૧૨ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.મર્હૂમ રહીમભાઇ જમાલભાઇ નાંદોલીયા (બાદરગઢ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૬૦/- મો.કામયાબઅલી અહેમદઅલી મંડપવાળા (કઠોર)તરફથી.

રૂા.૧૦૦/- મો.તાહેરાબાનુ નવાજીશઅલી મોમિન (કઠોર)તરફથી તેઓ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૬૮ ટકા ગુણ મેળવ્યા તેની ખુશાલી પ્રસંગે.

પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૫૧/- મો.અસગરઅલી મહંમદહુસૈન મોમિન (કઠોર) તરફથી

રૂા.૫૧/- મો.યાવરઅબ્બાસ મહંમદહુસૈન મોમિન (કઠોર) તરફથી

રૂા.૫૧/- મો.રૂકૈયાફાતેમા અબ્બાસઅલી મોમિન (કઠોર) તરફથી

રૂા.૫૧/- મો.મોહંમદઅફઝલ અલ્તાફઅલી મોમિન (કઠોર) તરફથી

રૂા.૧૦૦/- મો.મહદીઅલી ખરોડીયા, મોહંમદ સલમાન ખરોડીયા, ફિઝઝાફાતમા ખરોડીયા (પીંપોદર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- કિસ્મત જનરલ સ્ટોર્સ (કિશોરગઢ)તરફથી તેમણે નવીન દુકાન ચાલુ કરી ખુશાલી પ્રસંગે પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦/- મો.સરવરહુસૈન મોહસિનઅલી મોમિન(લકી) (ધોળકા)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના ૧૦ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૦/- મો.સરવરહુસૈન મોહસિનઅલી મોમિન(લકી) (ધોળકા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ના ઉર્સ મુબારકની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.અકબરઅલી જુસબભાઇ મોમિન(નડીયાદ) તરફથી તેમની દીકરી નાસિરાફાતેમાએ ૪ વર્ષની ઉંમરે માહે રમઝાનુલ મુબારકના ૨૯ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.હાજરાફાતમા હસનઅલી ભગત (બાદરપુર) તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૧/- મો.મર્હૂમ હસનઅલી ગુલામહુસૈન દાદાવાળા(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી ગુલામનબી બટ્ટી (બાદરપુર) તરફથી તેમના પુત્ર મહેરબાનહુસૈને માહે રમઝાનુલ મુબારકના પૂરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો. પ્યારજી સિકંદરભાઇ હબીબભાઇ, ફાતમાબેન સિકંદરભાઇ, યૂનુસભાઇ હબીબભાઇ, ફિઝઝાબેન યૂનુસભાઇ તરફથી તેમને ચાલુ સાલે હજ-ઝિયારતે જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેની ખુશાલી પ્રસંગે.

મર્હૂમ મો.ઝહરાબેન નૂરઅલી કોવડીયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.નૂરીબેન નશીરભાઇ કોવડીયા
રૂા.૨૦૦/- મો.નૂરઅલી નશીરભાઇ કોવડીયા
રૂા.૧૦૦/- મો.અહેસાનઅલી નૂરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.આબેદાબેન નૂરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.વજીરઅલી નશીરભાઇ કોવડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન નશીરભાઇ કોવડીયા
રૂા.૧૦૦/- મો.ફિઝઝાબેન ગુલામઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન નજરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન શબ્બીરઅલી વેપારી
રૂા.૧૦૦/- મો.સલમાબેન નજરઅલી નુરભાણેજ
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન ઈમદાદઅલી ગોદડ
રૂા.૧૦૦/- મો.આબેદાબેન સિરાજએહમદ બાદરપુરા
રૂા.૧૦૦/- મો.કનીઝફાતમા ગુલામહુસૈન કોવડીયા
રૂા.૧૦૦/- મો.સુલેમાનભાઇ દાઉદભાઇ ખાણશીયા
રૂા.૫૦/- મો.અલુબેન સુલેમાનભાઇ ખાણશીયા

રૂા.૧૦૦/- મો.ગુલામમહંમદ સુલેમાનભાઇ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન ગુલામમહંમદ ખાણશીયા
રૂા.૫૦/- મો.આબિદઅલી ગુલામમહંમદ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.આબિદહુસૈન સુલેમાનભાઇ ખાણશીયા
રૂા.૫૦/- મો.ફાતમાબેન આબિદહુસૈન ખાણશીયા
રૂા.૫૦/- મો.હબીબભાઇ દાઉદભાઇ ખાણશીયા
રૂા.૫૦/- મો.રહમતબેન હબીબભાઇ ખાણશીયા
રૂા.૫૦/- મો.મહેંદીઅલી સુલેમાનભાઇ ખાણશીયા
રૂા.૫૦/- મો.રાબિયાબેન મહેંદીઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.આસિફઅલી સુલેમાનભાઇ ખાણશીયા
રૂા.૫૦/- મો.તાહેરાબેન આસિફઅલી ખાણશીયા

મર્હૂમ મો.ગુલામહુસૈન નશીરભાઇ પટેલ (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦૧/- મો.અબ્બાસભાઇ ગુલામહુસૈન પટેલ
રૂા.૫૦૧/- મો.અહમદઅલી નશીરભાઇ પટેલ
રૂા.૧૦૦/- મો.કલીબેન અલીમદ પટેલ
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી રસુલભાઇ પટેલ
રૂા.૫૦૧/- મો.હમીદાબેન ગુલામહુસૈન પટેલ
રૂા.૫૦૧/- મો.રહીમભાઇ અલજીભાઇ પટેલ
રૂા.૧૦૦/- મો.આબેદાબેન અબ્બાસભાઇ પટેલ
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી અહમદભાઇ માણસીયા
રૂા.૫૧/- મો.રાબિયાબેન શબ્બીરઅલી માણસીયા
રૂા.૫૧/- મો.હૈદરઅલી અહમદભાઇ માણસીયા
રૂા.૧૫૧/- મો.અબ્બાસઅલી ઈસ્માઇલ શેરસીયા
રૂા.૧૦૦/- મો.અલ્લારખી અબ્બાસભાઇ શેરસીયા
રૂા.૫૦૦/- મો.હસનઅલી અલીમદભાઇ પટેલ
રૂા.૧૦૦/- મો.અકબરઅલી રસુલભાઇ પટેલ
રૂા.૫૦૦/- મો.સકીનાબેન અહમદભાઇ પટેલ
રૂા.૫૦/- મો.અબ્દુલભાઇ રસુલભાઇ પટેલ
રૂા.૧૦૧/- મો.મુસ્તાકઅલી અલીમદભાઇ પટેલ

રૂા.૨૩૫૧/- મર્હૂમ મો.હસનઅલી મહંમદઅલી વિજાપુરા(જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તથા સગા-સંબંધીઓ તરફથી મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- મર્હૂમ મો.સુલેમાનભાઇ અમદાભાઇ દેધરોટીયા(કનાઇ)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.

રૂા.૫૦/- મો.અલીમબેન નશીરભાઇ પટેલ ભગત (કનાઇ)તરફથી મર્હૂમ સુલેમાનભાઇ અમદાભાઇ દેધરોટીયાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.ઈરફાનહૈદર અકબરઅલી તથા મો.શબાનાબાનુ આબિદઅલી તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી મહંમદઅલી (ખાટાઆંબા)તરફથી તેઓ એસ.એસ.સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી (ખાટાઆંબા)તરફથી તેઓ એસ.એસ.સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૪૦૦/- મો.કાસમઅલી સુલેમાનભાઇ પલસાણીયા(રસુલપુર-મે.) તરફથી મર્હૂમા સુગરાબેન તથા દીકરી મર્હૂમા અસ્માબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.અબ્બાસઅલી ગુલામઅલી (દમણ)તરફથી તેમની દીકરીએ ૩.૬ વર્ષની ઉંમરે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.ખાદિમહુસૈન યમાનઅલી (દમણ)તરફથી તેમની દીકરી હબીબાફાતેમાએ ૩ વર્ષની ઉંમરે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.મર્હૂમ અકબરઅલી રસૂલભાઇ ભોરણીયા(ખડીયાસણા)ની રૂહના સવાબ અર્થે.

મો.ગુલામરસૂલ હાજી ગુલામઅલી (લંડન) તરફથી નીચેના મર્હૂમોની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ જમાલભાઇ એહમદજીભાઇ
રૂા.૧૦૦/- મો.મર્હૂમા ગફુરબેન જમાલભાઇ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ગુલામઅલી જમાલભાઇ
રૂા.૧૦૦/- મો.મર્હૂમા સકીનાબેન ગુલામઅલી
રૂા.૧૦૦/- મો.મર્હૂમ અબ્દેરહેમાન ગુલામનબી
રૂા.૧૦૦/- મો.મર્હૂમા ઝયનબબેન અબ્દેરહેમાન
રૂા.૧૦૦/- મો.મર્હૂમ મોહંમદહુસૈન પીરભાઇ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ મોહંમદશરીફ ગુલામઅલી
રૂા.૧૦૦/- મો.મર્હૂમ અલ્લારખા ગુલામઅલી
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ગુલામઅબ્બાસ મહંમદઅલી

રૂા.૨૫/- મો.નજરબાનુ શેરઅલી મોમિન (વસો)તરફથી જનાબા સૈયદા ઇતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો)તરફથી તેમના માતા-પિતાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ મૈસમઅલી, મર્હૂમ હાજી ગુલામઅલી, મર્હૂમા હાજીયાણી અલ્લારખીબેન તથા મર્હૂમ ગુલામમોહંમદ (વસો)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. ઇશ્તિયાકઅલી હાજી મૈસમઅલી મોમિન (વસો)તરફથી તેમને કેડીલા ફાર્માસ્યુટિકલમાં મેનેજરની બઢતી મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.કનીઝઝહેરા ઇશ્તિયાકઅલી મોમિન (વસો)તરફથી પ્રોનીક્ષ ટેકનોલોજીમાં નોકરી મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.શરીફાબેન હાજી મૈસમઅલી મોમિન (વસો)તરફથી તેમના પૌત્ર મોહસિનઅલીએ પ્રથમ રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો. બનીન મુસ્તાકઅલી તથા અઝમતફાતેમા ઇમ્તિયાઝઅલી (વસો) તરફથી તેમનો ભાઇ મોહસિનઅલીએ પ્રથમ રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.નજમાબાનુ મુસ્તાકઅલી તથા નાઝિયા ઇમ્તિયાઝઅલી (વસો)તરફથી મર્હૂમ હાજી મૈસમઅલીની રૂહના સવાબ અર્થે.

મર્હૂમ મો.પીરમહંમદ નૂરમહંમદ રેવાસીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- મર્હૂમના પરિવારજનો તરફથી
રૂા.૧૦૦/- મો.અકબરઅલી શરીફભાઇ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.મીકદાદઅલી ગુલામમહંમદ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.ગુલામમહંમદ અમદાભાઇ રેવાસીયા
રૂા.૧૦૦/- મો.કાસમઅલી અમદાભાઇ રેવાસીયા
રૂા.૧૦૦/- મો.મહેમૂદહુસૈન હસનભાઇ રેવાસીયા
રૂા.૫૦/- મો.અકબરઅલી વજીરભાઇ સુરપુરા
રૂા.૫૦/- મો.ફઝલેમહંમદ ઇબ્રાહીમભાઇ માણસીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન વલીભાઇ ડોડીયા

રૂા.૫૧/- મો.હૈદરઅલી મહંમદઅલી પલસાણીયા(રસુલપુર-મે.-પઠાણવાડી) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના ૨૦ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.મકબુલફાતેમા મહંમદઅલી પલસાણીયા(રસુલપુર-મે.-પઠાણવાડી) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના ૨૮ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમ ગુલામભાઇ યૂસુફભાઇ હોલ્ડા(ઇલોલ તલાવ)ના સુપુત્રો મો.રોશનઅલી, મો.પ્યારઅલી, મો.મૈસમઅલી તથા તેમનાં મહોરદાર ચાલુ સાલે હજ-ઝિયારતમાં જઇ રહ્યા છે તેની ખુશાલી પ્રસંગે મોહંમદ વ આલે મોહંમદ(અ.)ની પાક અરવાહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ મોમિન(વસો)તરફથી તેમની દીકરી અનીસાફાતેમાએ માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫/- મો.અનીસાફાતેમા હસનઅબ્બાસ મોમિન(વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.હમીદાફાતેમા હસનઅબ્બાસ મોમિન(વસો)તરફથી જનાબા સૈયદા ઇતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમ એહમદહુસૈન નૂરમોહંમદ અઘારીયા(શેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.


Shokatbhai - 9428384286 M:(Shop) 9722901460
Faizahemad - 9714764194

Dashawadawala
**APANA**
**CUTLERY STORE**

**Wholesaler of : Cutlery, Hosiery, Toy's Item etc.**

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002

**મંજુરઅહેમદ આઇ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

# જાફરી પંચાંગ

ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬, માહે ઓકટોબર-૨૦૧૨ થી તા. ૧૫, માહે નવેમ્બર-૨૦૧૨ મુ.તા. ૨૯, ઝિલકાદ-૧૪૩૩ થી મુ.તા. ૨૯, ઝિલહજ-૧૪૩૩ |
|---|---|---|---|
| **ઓકટો.** | **ઝિલકાદ** | - | |
| 16 | ૨૯ | મંગળ | શહાદત : હઝરત ઈમામ મોહંમદ તકી(અ.) |
| 17 | ૩૦ | બુધ | વિંછુડો બેસે : રાત્રે ૯-૨૦ કલાકે |
| 18 | **ઝિલહજ** | ગુરૂ | વિંછુડો |
| 19 | ૨ | શુક્ર | વિંછુડો ઉતરે : રાત્રે ૯-૨૦ કલાકે |
| 20 | ૩ | શનિ | વિલાદત : જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા |
| 24 | ૭ | બુધ | શહાદત : ઈમામ મોહંમદ બાકિર(અ.) ✻ દશેરા |
| 26 | ૯ | શુક્ર | અરફાનો દિવસ ✻ શહાદત : હઝરત મુસ્લિમ બિન અકીલ(અ.) |
| 27 | ૧૦ | શનિ | ઈદુઝઝોહા ✻ બકરી ઈદ |
| 29 | ૧૨ | સોમ | ઉર્સ : પીર સૈયદ ગુલામઅલી બાવા(રહે.), ધોળકા |
| **નવે.**-02 | ૧૬ | શુક્ર | વફાત : જનાબે ઝયનબ(અ.) |
| 3 | ૧૭ | શનિ | ઉર્સ : પીર સૈયદ કાસમઅલી બાવા(રહે.), ધોળકા |
| 4 | ૧૮ | રવિ | ઈદે ગદીર |
| 7 | ૨૧ | બુધ | વિલાદત : પીર સૈયદ અલી સલામુદ્દીન(રહે.) |
| 9 | ૨૩ | શુક્ર | શહાદત : તિફ્લાને મુસ્લિમ બિન અકીલ(અ.) |
| 10 | ૨૪ | શનિ | ઈદે મુબાહિલા ✻ હઝરત અલી(અ.)એ હાલતે રૂકૂઅમાં સાઈલને વીંટી આપી. |
| 13 | ૨૭ | મંગળ | દિવાળી |
| 14 | ૨૮ | બુધ | બેસતુ વર્ષ ✻ વિંછુડો બેસે : સવારે ૬-૫૮ |
| 15 | ૨૯ | ગુરૂ | ભાઈબીજ ✻ વિંછુડો |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) હઝર મોહંમદ મુસ્તફા(સ.)ના કયા અસ્હાબ પાંચમા ઈમામ હઝરત મોહંમદ બાકિર(અ.)ના જમાના સુધી જીવતા રહ્યા હતા ? (૨) અબુજહેલનું માથું કોણે કાપ્યું હતું ? (૩) હઝરત રસૂલે ખુદા(સ.)ની ઉમ્મતમાં ફિરઓન જેવો કોણ હતો ? (૪) જંગે બદ્રમાં કુફ્ફારો સાથે લડવા માટે અલ્લાહ તઆલાએ કેટલા ફિરશ્તાઓને મોકલ્યા હતા? (૫) આ હદીસની ખાલી જગ્યા પૂરો : અક્કલમંદ (કદી) જૂઠું નથી કહેતો અને મોમિન .......નથી કરતો. (૬) મોઆવિયાએ ઈમામ હસન(અ.)ને ઝેર આપવા માટે જોઅદા બિન અશઅશને કઈ લાલચ આપી હતી ? (૭) હઝરત ઈમામ હુસૈન(અ.)ના અકીકામાં તેમના બાલોના વજન બરાબર શાની ખેરાત કરવામાં આવી હતી ? (૮) હઝરત રસૂલે ખુદા(સ.)ના બે મહાન સહાબીઓને કઈ જગ્યાએ ફરીથી દફન કરવામાં આવ્યા હતા ? (૯) ‘નાઉઝોબિલ્લાહ’ શબ્દનો અર્થ શું થાય ? (૧૦) ‘જાફરી આવાઝ’(માસિક)ના મુખપૃષ્ઠની સજાવટ કોણ કરે છે ?